MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૫-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

**2** કોરોના સંકટઃ અમેરિકામાં ૨૪ કલાકમાં જ ૧૪૮૦ લોકોના મોતથી હાહાકાર

**3** કોરોના ખતરા બાદ ચાલુ વર્ષે ૧૬થી વધુ દરીયાઇ વાવાઝોડા ત્રાટકશે

**8** અમદાવાદ-રાજકોટ હાઇવે પર કાર ટ્રક પાછળ ઘૂસી જતા ચારના મોત

**11** રાજપીપળામાં સસ્તા અનાજની દુકાનો બાદ હવે ગેસ એજન્સીઓ પર પણ સોસીયલ ડિસ્ટન્સના ધજાગરા

### રાજ્યમાં વધુ ૧૦ કેસો પોઝિટિવ આવતા કુલ કેસોની સંખ્યા ૧૦૫

# કોરોનાની ગુજરાતમાં સદીઃ અમદાવાદ ત્રીજા સ્ટેજમાં પહોંચ્યુ

## અમદાવાદમાં ૫, ગાંધીનગર-ભાવનગરમાં બે-બે અને પાટણમાં એક સહિત ૧૦ નવા કેસ

## અમદાવાદમાં કુલ ૪૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા જેમાંથી પાંચ લોકોનાં મોત નિપજ્યા

### વીએસ હોસ્પિટલમાં સફાઇ કામ કરતી મહિલાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ

અમદાવાદમાં સ્થાનિક સ્તરે ચેપનો ફેલાવો થતાં તંત્ર ચિંતામાં મૂકાયું છે. તેવામાં અમદાવાદના ખોડિયારનગરમાં રહેતી મહિલાને કોરોનાનાં લક્ષણો દેખાતાં તેઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનો રિપોર્ટ કરાવતાં તેઓને કોરોનો પોઝિટિવ હોવાનું ખુલ્યું હતું. આ મહિલા વીએસ હોસ્પિટલમાં સફાઈકર્મી તરીકે કામ કરે છે. મહિલાના પરિવારનાં ૧૩ સભ્યોને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. અમદાવાદમાં કુલ ૪૪ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે પાંચ લોકોનાં મોત નિપજ્યા છે.

ગાંધીનગર

આખી દુનિયાને હંફાવનાર જીવલેણ અને ભયાનક કોરોના વાઇરસે ગુજરાતને પણ ભયજનક સ્થિતિમાં મૂક્યું હોય તેમ કોરોના પોઝીટીવના વધુ ૧૦ કેસો બહાર આવતાં કેસોની સંખ્યા સદી વટાવીને ૧૦૫ પર પહોંચી ગયા છે. ૧૦૫માં સૌથી વધુ કેસો અમદાવાદમાં નોંધાયા છે અને

**અમદાવાદમાં ૬૭ વર્ષીય મહિલાનું મોત,કુલ મૃત્યુઆંક ૧૦એ પહોંચ્યો,અમદાવાદ ત્રીજા સ્ટેજમાં પહોંચતા અનેક વિસ્તારોને ક્લસ્ટર ક્વોરન્ટીન કરાયા**

અમદાવાદ કોરોનાના ત્રીજા સ્ટેજમાં પહોંચી ગયું હોવાનું મનાઇ રહ્યું છે. અમદાવાદમાં પાંચ વિસ્તારોને સીલ કરીને ક્વોરેન્ટાઇનમાં મૂકી દેવાયા છે. લોકલ ટ્રાન્સમિશનની પ્રક્રિયા વધી રહી છે. જે એક ખતરનાક અને ખતરે કી ઘંટી સમાન કહી શકાય. જો અમદાવાદ સહિતના ગુજરાતના લોકો રોગના ચેપથી બચવા લોકડાઉનનો કડક પાલન નહીં કરે તો સ્થિતિ વણસી શકવાની શક્યતા નકારી શકાય તેમ નથી. લોકોએ લોકડાઉનમાં સરકાર અને પોલીસ તંત્રનને સહયોગ આપીને ઘરની બહાર નિકળવાનું ટાળવુ જોઇએ, એવી પણ એક અપીલ સરકાર તરફથી વારંવાર કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં કોરોના મહામારી વિશે જાણકારી આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્યમાં આજે ૧૦ નવા

અનુ. પાના નં. ૬ પર

### કોરોનાને હરાવવા રાત્રે ૯ વાગીને ૯ મિનિટે ભારત અંધકારથી નિકળીને પ્રકાશની તરફ જશે

# પીએમ મોદીના આહવાનથી આજે કરોડો દિવડાઓ પ્રગટાવાશે

**કોરોના સામેની લડાઈમાં આપણે સૌ એક છીએ એવી એક મનોબળની લાગણીનો અહોભાવ પણ લોકોમાં જોવા મળી શકે છે**

ન્યુ દિલ્હી

કોરોના વાઇરસ નામની મહામારીને લડત આપવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને માન આપીને અંધકારથી પ્રકાશની તરફ જઇને કોરોના સામેની લડાઈમાં હમસબ એક હૈ..ની લાગણીના સર્જન માટે આવતીકાલ ૫ એપ્રિલના રોજ રાત્રે ૯ વાગીને ૯ મિનિટે પોતાના ઘરોની લાઇટો બંધ કરીને ઘરના આંગણે કે બાલ્કનીમાં દિવડો પ્રગટાવવા કરોડો દેશવાસીઓ સુસજ્જ અને આતુર બન્યા છે. ૫ એપ્રિલના રોજ સમગ્ર ભારતમાં એક અદભૂત દ્રશ્ય જોવા મળશે. રાત્રે ૯ વાગે સમગ્ર ભારત અંધકારમાં જઇને ત્યારબાદ એક સાથે કરોડો કરોડો દિવડા-મીણબતી કે ટોર્ચ અથવા મોબાઇલ ફોનની ફલેશ લાઇટ પ્રજ્વલિત કરશે ત્યારે સમગ્ર વાતાવરણ ઝગમગ ઝગમગ બની જશે. અને કોરોના સામેની લડાઈમાં આપણે સૌ એક છીએ એવી એક મનોબળની લાગણીનો અહોભાવ પણ લોકોમાં જોવા મળી શકે છે.

સૂત્રોએ કહ્યું કે ભારતમાં પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. રોજેરોજ કેસો વધી રહ્યાં છે કોરોના રોગના ચેપને ફેલાતો રોકવા આખા ભારતને ૨૧ દિવસના લોકડાઉનમાં બંધ કરવામાં આવ્યું છે. ૫ એપ્રિલના રોજ લોકડાઉનના ૧૨મા દિવસે વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને રાત્રે ૯ વાગે અંધકાર કરીને દિવડાઓનો પ્રકાશ ફેલાવીને કોરોના સામેની લડાઈમાં હું એકલો નથી..એવી લાગણી જોવા મળશે. ભાજપ સરકારના કેન્દ્રીય મંત્રીઓ, ભાજપ શાષિત રાજ્યોના મુખ્યમંત્રીઓ-મંત્રીઓ, પદાધિકારીઓ, ગરીબ-મધ્યમથી લઇને મોટા મોટા ઉદ્યોગપતિઓ- બોલીવુડના કલાકારો, રમતગમત જગતના જાણીતા ખેલાડીઓ, ભાજપના કરોડો કાર્યકરો, ભાજપના સાથી પક્ષોના કાર્યકરો સહિત સૌ કોઇ કોરોના સામેની આ લડાઈમાં જોડાશે અને પમીએ ઘરના આંગણે કે બાલ્કનીમાં સોશ્યલ ડિસ્ટીંગના નિયમનું પાલન કરીને મીણબતી કે દિવડા પ્રટાવશે.

આ અગાઉ ૩ એપ્રિલના રોજ વડાપ્રધાન મોદીએ કોરોનાને હરાવવા માટે જે રાષ્ટ્રજોગ સંદેશો આપ્યો તેને જોઇએ તો તેમાં તેમમએ કહ્યું હતું કે, આજે જ્યારે દેશના કરોડો લોકો ઘરમાં છે ત્યારે કોઈને પણ લાગી શકે છે કે લોકો એકલા એકલા શું કરતા કરશે. કેટલાક લોકો તો એવું પણ વિચારી રહ્યા હશે કે આટલી મોટી લડાઈને તે એકલા કેવી રીતે લડત આપી શકાશે. મનમાં એવો પ્રશ્ન પણ આવતો હશે કે આવા કેટલા

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ ( ૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ ( ૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257
http://www.jungegujarat.in/negative-ion/

### ઓસ્ટ્રેલિયાએ સંક્રમણ પાછળ ચીનના માંસ બજારને જવાબદાર ગણાવ્યું

# કોરોનાઃ વિશ્વમાં ૫૯,૧૭૨ના મોત, બ્રિટનમાં ૨૪ કલાકમાં ૬૮૪ના મોત

ન્યૂયોર્ક

વિશ્વભરમાં કોરોનાના ૧૧ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૫૯ હજાર ૧૭૨ લોકોએ જીવ ગુમવ્યો છે. બે લાખ ૨૯ હજાર લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બ્રિટનમાં ૨૪ કલાકમાં ૬૮૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. આ સાથે મૃત્યુઆંક ૩૬૦૫ થયો છે. અહીં સંક્રમણના કેસ ૩૮૧૬૮ થયા છે. સરકારે લોકોને ઘરમાં રહેવાનની અપીલ કરી છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસને ગુરુવારે કહ્યું કે કોરોના સંક્રમણ પાછળ ચીનના માંસ બજારનો હાથ છે. તેમણે વિશ્વ આરોગ્ય સંસ્થા અને સંયુક્ત રાષ્ટ્રને માંસ બજાર સામે કાર્યવાહી કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે ચીનનું આ બજાર વિશ્વના અન્ય દેશો માટે ગંભીર જોખમ છે. માનવામાં આવે છે કે ગત વર્ષ ડિસેમ્બરમાં કોરોનાની શરૂઆત વુહાનના ગેરકાયદેસર પ્રાણીઓના બજારમાંથી થઈ હતી.

**બ્રાઝીલમાં ૩૫૯ લોકોના મોત**

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.




MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી




નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાચેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634,
State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

### મૃત્યુઆંક ૭ હજારને પાર,સંક્રમિતોનો આંકડો ૨.૮૦ લાખથી વધુ

# કોરોના સંકટઃ અમેરિકામાં ૨૪ કલાકમાં જ ૧૪૮૦ લોકોના મોતથી હાહાકાર

**ચૂંટણી સમયસર યોજાશેઃ ટ્રમ્પ**

**ન્યૂયોર્ક ટાઈમ્સ મુજબ અમેરિકામાં આ વર્ષે યોજાનાર રાષ્ટ્રપતિની ચૂંટણી અંગે ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે ચૂંટણી નિર્ધારિત સમયે ત્રણ નવેમ્બરના રોજ યોજાશે. તેઓએ કહ્યું કે તેઓ મતદાન માટે ઉપયોગમાં લેવાતા બેલેટના સમર્થનમાં નથી. મતદાન પોલિંગ બૂથમાં કરાવવું જોઈએ. જોકે કોરોનાને કારણે ઘણા રાજ્યોમાં ચૂંટણી સ્થગિત કરી દેવાઈ છે અને ડેમોક્રેટિક પાર્ટીએ આ મહામારીના કારણે જુલાઈ અને ઓગસ્ટ વચ્ચે નામાંકન સંમેલનને સ્થગિત કરી દીધું છે.**

વોશિંગ્ટન

કોરોના વાયરસને કારણે અમેરિકામાં બરબાદીનો માહોલ છે. દરરોજ સેંકડો લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે. અહીં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪૮૦ લોકોનાં મોત થયા છે. જોન હૉપકિન્સ યુનિવર્સિટીના ટ્રેકર પ્રમાણે ગુરુવારથી શુક્રવારનો દિવસ અમેરિકા માટે ખૂબ ખરાબ રહ્યો છે. આ દરમિયાન અહીં ૧૪૮૦ મોત થયા છે. આ એક રેકોર્ડ છે. કોરોના વાયરસને કારણે અત્યાર સુધી દુનિયામાં કોઈ પણ દેશમાં ૨૪ કલાકમાં આટલા મોત નથી નોંધાયા.

નવા આંકડા પ્રમાણે અમેરિકામાં કોવિડ ૧૯ના ચેપને કારણે કુલ ૭૪૦૬ લોકોનાં મોત થયા છે. એકલા ન્યૂયોર્કમાં જ ૩૦૦૦થી વધારે લોકોનાં મોત થયા છે. દર કલાકે મોતનો આંકડો વધી રહ્યો છે. એટલું જ નહીં અહીં એક લાખથી વધારે લોકોને કોરોના વાયરસનો ચેપ લાગી ગયો છે. જ્યારે આખા અમેરિકામાં કોરોનાનો ચેપ લાગ્યો હોય તેવા દર્દીઓની સંખ્યા અઢી લાખથી વધારે છે. કોરોનાના વધી રહેલા સંક્રમણને ધ્યાનમાં રાખીને ન્યૂયોર્કના ગવર્નરે અન્ય રાજ્યના ગવર્નરોને મહામારી સામે લડવા માટે તાત્કાલિક કાર્યવાહી કરવાની અપીલ કરી છે.

આ દરમિયાન અમેરિકામાં તમામ લોકોને માસ્ક પહેરવાની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જોકે, રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે તેઓ માસ્ક નહીં પહેરે. આ પહેલા સંશોધનમાં કહેવામાં આવ્યું હતું કે ફક્ત કોરોના વાયરસના દર્દીઓની દેખરેખ રાખતા લોકોએ માસ્ક પહેરવું જરૂરી છે. પરંતુ હવે સામે આવ્યું છે કે આ વાયરસ ખૂબ જ ખતરનાક છે આથી તમામ લોકોએ માસ્ક પહેરવું જોઈએ. ટ્રમ્પે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યું કે હાલમાં તેઓ નવી માર્ગદર્શિકાને નહીં માને.

અમેરિકામાં સતત વધી રહેલા મોતના આંકડા બાદ ખુદ અમેરિકાના તંત્રએ કોરોનાની મહામારીને કારણે આશરે બે લાખ લોકોનાં મોતની આશંકા વ્યક્ત કરી છે. હકીકતમાં અમેરિકામાં કોરોના વાયરસના સંક્રમણનો ટ્રેન્ડ બદલાઈ રહ્યો છે. પહેલા એવું કહેવામાં આવ્યું હતું કે કોરોના વાયરસ ખાસ કરીને વૃદ્ધો તેમજ ભૂતકાળમાં કોઈ બીમારી હોય તેવા લોકોને વધારે શિકાર બનાવે છે, પરંતુ ન્યૂયોર્કમાં અચાનક યુવાઓનોમાં કોરોના વાયરસના સંક્રમણના કેસ સામે આવતા હાહાકાર મચી ગયો છે.

### સંક્રમિતોનો આંકડો ૩૨૧૦ને પાર,૧૮૩ લોકો સ્વસ્થ થયા

# દેશમાં વધુ ૧૦૨ નવા પોઝિટિવ કેસઃ મૃત્યુઆંક ૯૮

**દિલ્હીના સરગંગારામ હોસ્પિટલના ડોક્ટર્સ,નર્સો સહિત સ્ટાફના ૧૦૮ લોકોને ક્વોરન્ટીન કરાયા**

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાઈરસ સંક્રમણના આજે ૧૦૨ નવા કેસ સામે આવ્યા છે. જેમાંથી સૌથી વધારે ૪૭ દર્દી મહારાષ્ટ્રના છે. ત્યારબાદ રાજસ્થાનમાં ૧૯, ગુજરાતમાં ૧૦, મધ્યપ્રદેશમાં ૪ જ્યારે આસામમાં ૨, ગોવામાં ૦૧ અને પંજાબમાં ૦૪ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અત્યાર સુધી દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૩૨૧૦ થઈ ગઈ છે.

દેશમાં એક સપ્તાહમાં જ આ બિમારીના ૧૯૭૩ દર્દી વધ્યા છે. ૨૯ માર્ચે કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૧૩૯ હતી. આ પહેલા શુક્રવારે એક દિવસમાં સૌથી વધારે ૫૬૩ કેસ સામે આવ્યા હતા. અત્યાર સુધી ૨૨૯ દર્દી સ્વસ્થ થયા છે, જ્યારે ૯૮ના મોત થયા છે.

દિલ્હીના સર ગંગારામ હોસ્પિટલના ઘણા ડોક્ટર્સ અને નર્સો સહિત સ્ટાફના ૧૦૮ લોકોને ક્વોરન્ટીન કરવામાં આવ્યા છે. જેમાંથી ૮૫ લોકોને ઘરે અને ૨૩ને હોસ્પિટલમાં રાખવામાં આવ્યા છે. આ તમામ ૨ દર્દીઓના સંપર્કમાં આવ્યા હતા, જેમનો હાલમાં જ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશના કુલ ૩૨૧૦ કોરોના વાયરસના મામલાઓમાં ૧૮૩ કેસ એવા પણ છે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. જોકે, ૬૮ લોકો આ વાયરસના કારણે પોતાનો જીવ પણ ગુમાવી ચૂક્યા છે. એક વ્યક્તિને માઈગ્રેટ કરી લેવામાં આવી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે મહારાષ્ટ્ર, તમિલનાડુ અને દિલ્હીમાં કોરોના વાયરસના મામલાઓમાં ઝડપથી વધારો નોંધાયો છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કુલ ૪૨૩ કેસ નોંધાયા છે જ્યારે તમિલનાડુમાં ૪૧૧ અને દિલ્હીમાં ૩૮૬ કેસ નોંધાયા છે. જોકે, આ રાજ્યોની તરફથી જે આંકડા જાહેર થયા છે તે આંકડા સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા કરતા ઘણા વધારે છે.

આ રાજ્યો ઉપરાંત જ્યાં કોરોનાના કેસ વધારે નોંધાયા છે તેમાં કેરળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને રાજસ્થાનનો સમાવેશ થાય છે. દેશમાં કોરોના વાયરસના સંક્રમણમાંથી સ્વસ્થ્ય થયેલા લોકોમાં સૌથી વધારે મહારાષ્ટ્ર, કેરળ અને હરિયાણાના કેસ છે. મહારાષ્ટ્રમાં જ કોરોના વાયરસના કારણે સૌથી વધારે લોકોના મોત નિપજ્યા છે.

### આઇએમએફની ગંભીર ચેતવણી

# કોરોના સંકટને કારણે વિશ્વ અર્થતંત્રનું ૨૦૦૮થી પણ ભયંકર મંદીના ભરડામાં

**દુનિયામાં નાદાર થનાર લોકોની સંખ્યા વધી શકે છે, આ સંજોગોમાં આઇએમએફના ધિરાણની રિકવરી મુશ્કેલ**

જિનિવા

ઈન્ટરનેશનલ મોનિટરી ફંડના એમડી ક્રિસ્ટેલિના જિયોર્જિવાએ કોરોનાથી થતા આર્થિક નુકસાન વિશે ચિંતા વ્યક્ત કરી છે. તેમણે વિશ્વ સ્વાસ્થય સંગઠનના સંમેલનમાં કહ્યું છે કે, આપણે મંદીના સમયમાંથી પસાર થઈ રહ્યા છીએ. આની સ્થિતિ ૨૦૦૮માં આવેલી વૈશ્વિક મંદી કરતા પણ વધારે ખરાબ થઈ શકે છે. કોરોનાના કારણે આઈએમએફના ઈતિહાસમાં આ સૌથી વધારે ખરાબ સમય હોઈ શકે છે. કોરોનાના કારણે બમણું સંકટ ઉભું થયું છે. આ સ્વાસ્થય અને આર્થિક બંને ક્ષેત્રે અસર કરી રહ્યો છે.

જિયોર્જિવાએ કહ્યું છે કે, કોરોના સમગ્ર દુનિયામાં ફેલાઈ ગયો છે. આ સંજોગોમાં લોકોની જીંદગી અને નોકરી બંને બચાવવાનું કામ સાથે સાથે થવું જોઈએ. ડબલ્યુએચઓના જણાવ્યા પ્રમાણે, સમગ્ર દુનિયામાંથી ઈન્ફેક્શનના ૧૦ લાખથી વધારે કેસ મળ્યા છે અને ૫૦ હજારથી વધુ લોકોના મોત થયા છે.

જિયોર્જિવાના જણાવ્યા પ્રમાણે, આ સંકટને ટક્કર આપવા માટે $સ્લ-૧ ટ્રિલિયન ડોલર (અંદાજે ૭૬ લાખ કરોડ રૂપિયા) લગાવી રહ્યા છીએ. દુનિયાની અર્થવ્યવસ્થાને બચાવવા માટે જેટલા જરૂરી હશે અમે એટલા પ્રયત્નો કરીશું. હાલના બજારમાં અંદાજે રૂ. ૯૦૦૦ કરોડનો ઘટાડો થઈ ગયો છે. આ ૨૦૦૮ની વૈશ્વિક મંદીમાં થયેલા ઘટાડા કરતા પણ વધારે છે. આઈએમએફ મંદીથી પ્રભાવિત વિકાસશીલ દેશો અને શરૂ થતા નવા બજારો માટે ઈમરજન્સી ફંડ ભેગુ કરી રહ્યા છીએ.

જિયોર્જિવાએ કહ્યું, હાલની સ્થિતિ જોતા એવું લાગે છે કે, દેવાળીયાઓની સંખ્યામાં વધારો થઈ શકે છે. આ સંજોગોમાં આઈએમએફની રિકવરી મુશ્કેલ થઈ શકે છે. ૯૦ દેશોએ આઈએમએફના ઈમરજન્સી ફંડિગની અપીલ કરી છે. તેમને અપીલ કરવામાં આવી છે કે, આ ફંડનો ઉપયોગ સ્વાસ્થય કર્મીઓને વેતન આપવા અને સ્વાસ્થય સુવિધાઓ માટે કરવામાં આવે. તે સાથે જ તેઓ પ્રભાવિત લોકો અને સંસ્થાઓની મદદ કરે.

# ૧૫ એપ્રિલે લોકડાઉન સમાપ્ત થશે?, રેલવેએ શરૂ કરી તૈયારીઓ

ન્યુ દિલ્હી

રેલવેએ કોરોના વાયરસને કારણે મુસાફર ટ્રેનોને ૨૧ દિવસ સુધી અટકાવી દીધી છે. ૧૫ એપ્રિલથી તમામ સેવાઓ ધમધમતી કરી દેવાનો નિર્ણય કર્યો છે અને આ માટે તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. રેલવેએ તમામસુરક્ષા કર્મિઓ, સ્ટાફ, ગાર્ડ, તેમજ બીજા અધિકારીઓને ૧૫ એપ્રિલથી પોતપોતાના કાર્યસ્થળ પર આવી જવાનું કહ્યું છે. ટ્રેનોને લીલી ઝંડી તો સરકાર કહેશે ત્યારે જ મળશે.

હાલ રેલવેની સાથે સાથે તમામ પ્રાઈવેટ ટ્રેનોએ એડવાન્સ બુકીંગ શરૂ કરી દીધું છે.૮૦ ટકા ટ્રેન ચાલતી થઈ જશે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જેમાં રાજધાની, શતાબ્દી, દુરંતો ટ્રેનનો સમાવેશ થાય છે. સ્થાનીક ટ્રેનોની સેવાઓ ચાલુ થઈ શકે છે.

વડાપ્રધાન દ્વારા ૨૪ માર્ચે બંધની જાહેરાત કર્યા પછી રેલવેએ ૨૧ દિવસ સુધી ૧૩,૫૨૩ ટ્રેનોને સ્થગીત કરી દીધી છે. આ દરમિયાન માલગાડીઓ ચાલતી રહી હતી. રેલવેએ ટ્રેનોની સાથે સાથે પ્રાઈવેટ ટ્રેનમાં એડવાન્સ બુકીંગ શરૂ કરી દીધું છે.

ઉત્તર રેલવેના પ્રવક્તાએ કહ્યું કે ૧૫ એપ્રિલ ૨૦૨૦ મેલ એક્સપ્રેસ સાથે તમામ પ્રકારની પેસેન્જર ટ્રેન પોતપોતાના સમયે ચાલવા લાગશે. જેમાં ઈએમયુ, મેમુ,ડીએમયુ તમામ પ્રકારની ગાડીઓનો સમાવેશ થાય છે. ગાડીઓ શરૂ થાય તે પહેલા ટેકનીકલ તપાસ કર્યા પછી તમામ ટ્રેનોને સેનેટાઈઝ કરવામાં આવશે.

# પાકિસ્તાનના કરાચીમાં નમાઝ રોકવા ગયેલી પોલીસ પર પથ્થરમારો

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના કરાંચીમાં પણ પોલીસે કોરોના વચ્ચે જુમ્માની નમાઝ અટકાવતા ઘર્ષણ થયુ હતુ. મળતી વિગતો પ્રમાણે સિંધ સરકારે શુક્રવારે ૧૨ થી ૩ વાગ્યા સુધી સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી હતી અને બીજા પ્રાંતોમાં પણ નમાઝ પર રોક લગાવાઈ હતી. સરકારે આ માટે કરાચીમાં સાડા સાત હજાર પોલીસ કર્મીઓને તૈનાત કર્યા હતા. જોકે આમ છતા લિયાકતબાદ વિસ્તારમાં લોકડાઉનનો ઉલ્લંઘન કરીને નમાઝ પઢવામાં આવી રહી હોવાની ખબર મળ્યા બાદ પોલીસ તેને અટકાવવા પહોંચી ત્યારે પોલીસની ગાડી પર લોકોએ ભારે પથ્થરમારો કર્યો હતો.પોલીસને સ્થાનિક લોકોના ઘરમાં આશરો લેવો પડ્યો હતો.

એ પછી પોલીસે સાત લોકોની ધરપકડ કરી હતી.પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં ૨૬૩૭ લોકો કોરોના પોઝિટિવ છે અને ૪૦ લોકોના મોત થયા છે.

# મહારાષ્ટ્ર સરકાર કોરોનાથી મૃત્યુ પામનાર પોલીસના પરિવારને ૫૦ લાખનું વળતર આપશે

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના મહામારીમાં જીવ મૂઠીમાં રાખીને ફરજ બજાવનારા પોલીસ બાબતે રાજ્ય સરકારે વળતર આપવાની ઘોષણા કરી હતી. કોરોના વિરુધ્ધ લડતમાં ફરજ બજાવતી વખતે કોરોનાની લપેટમાં આવતાં મૃત્યુ પામેલા પોલીસ કર્મચારીના પરિવારને ૫૦ લાખ રૂપિયા આપવામાં આવશે એવી ઘોષણા નાયબ મુખ્યપ્રધાન અજીત પવારે કરી હતી. મંત્રાલયમાં નાયબ મુખ્યપ્રધાન અજીત પવારના અધ્યક્ષતા હેઠળ યોજાયેલી બેઠકમાં એક મહત્ત્વપૂર્ણ ઉપરોક્ત નિર્ણય લીધો હતો.

કોરોનાની મહામારીમાં ફરજ નિભાવતી વખતે પોલીસને કોરોનાના પોઝીટીવ દરદી થતાં તે મૃત્યુ પામે તો તેના પરિવારજનોને ૫૦ લાખ રૂપિયા અનુદાન આપવાનો નિર્ણય લેવાયા હતો. કોરોના વિરુધ્ધ લડતમાં આગળ રહીને સાર્વજનિક આરોગ્ય, વૈદ્યકીય શિક્ષણ, પોલીસ વગેરે વિભાગના માર્ચ મહિનાની બાકી રહેલા વેતનને આપવામાં પ્રાધાન્ય આપવાનો નિર્ણય બેઠકમાં લેવાયો હતો. કોરોના વિરુધ્ધ લડતમાં હોમગાર્ડના જવાનોની વધારાની મદદ લેવાનો અધિકાર વિભાગીય કમિશનર અને જિલ્લાધિકારીને આપવામાં આવ્યો છે. આથી પોલીસ પર બોજો હળવો થશે એવું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભારતમાં રમાનાર ફીફા અંડર-૧૭ મહિલા વર્લ્ડ કપ ૨૦૨૦ રદ્દ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસને કારણે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચેલો છે. અને દરેક જગ્યાએ વિચિત્ર સન્નાટો છવાઈ ગયો છે. આ રોગચાળાની અસર રમતગમત પર પણ પડી છે અને ઘણી મોટી લીગ અને ટૂર્નામેન્ટ્સ રદ કરવામાં આવી છે. ભારતમાં તેના વધી રહેલા પ્રકોપને ધ્યાનમાં રાખીને ફીફાએ આગામી મહિલા અન્ડર ૧૭ વર્લ્ડ કપ મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે. ભારતે ૨ થી ૨૧ નવેમ્બર સુધી આ મોટી ટુર્નામેન્ટનું આયોજન કર્યું હતું. કોરોના વાયરસના વધતા જતા ખતરા સાથે, ફીફા અન્ડર ૧૭ વર્લ્ડ કપ મુલતવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વર્લ્ડ કપ મુંબઈ, ગુવાહાટી, અમદાવાદ, કોલકાતા અને ભુવનેશ્વરમાં યોજાવાનો હતો. ફિફા અંડર ૧૭ ઉપરાંત, મહિલા ફીફા અન્ડર ૨૦ વર્લ્ડ કપ પણ મુલતવી રાખવામાં આવ્યો છે, જે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં પનામા અને કોસ્ટારિકામાં રમાવાનો હતો. ફીફા પ્રમુખ જિયાની ઈનફેનટિનોએ કહ્યુ, આખી દુનિયામાં કોઈ જાણતું નથી કે, ફૂટબોલની પ્રતિયોગિતા ક્યારે શરૂ થશે. ઈન્ફન્ટિનોએ કહ્યું કે ભયજનક કોરોના વાયરસ રોગચાળાને કારણે ફૂટબોલ હવે મહત્વનો નથી.

# હું વડાપ્રધાન મોદીની બાબતમાં શું કામ વચ્ચે ટક ટક કરું: મમતા બેનર્જી

કોલકાત્તા

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીની પાર્ટી, તૃણમૂલ કોંગ્રેસના કેટલાક નેતાઓએ શુક્રવારે ૫ એપ્રિલના રોજ વડાપ્રધાન મોદીની લાઈટ બંધ કરીને દીવડા પ્રગટાવાની અપીલની આકરી ટીકા કરી હતી. જોકે, મોટાભાગે વડાપ્રધાન મોદી પર પ્રહારો કરનાર મમતા બેનર્જીએ આ મુદ્દે સંયમ જાળવ્યો હતો. મમતા દીદીએ કહ્યું કે, "હું વડાપ્રધાન મોદીની બાબતમાં શું કામ વચ્ચે ટક ટક કરું"

મમતા બેનર્જીએ કહ્યું, 'અત્યારે હું રાજકારણ કરું કે પછી કોરોનાવાયરસને ધ્યાનમાં રાખીને વસ્તુઓને મેનેજ કરું'. મમતા બેનર્જીએ કહ્યું કે તમે શું કામ એક રાજકીય જંગ શરૂ કરાવવા માંગો છો? મમતા બેનર્જીએ કહ્યું કે, જેમને વડાપ્રધાન મોદીની વાત યોગ્ય લાગે તેઓએ તેનું પાલન કરવું જોઈએ. જો મારે સૂવું હોય તો હું સૂઈશ. આ સંપૂર્ણપણે વ્યક્તિગત બાબત છે.

# દેશમાં દવાની કોઈ અછત નથીઃ સરકાર

ન્યુ દિલ્હી

કોરોના સામેની લડતમાં દેશભરમાં દવાના પુરવઠાની અછત ન હોવાનું સરકારે શુક્રવારે કહ્યું હતું. કોરાના સામેની લડતમાં તમામ જરૂરી દવાઓ તેમ જ અન્ય તબીબી સાધનસામગ્રીનો પુરવઠો સરળતાપૂર્વક ચાલુ રહે તેની સરકાર દ્વારા ખાતરી કરવામાં આવી રહી છે એમ જણાવતાં કેન્દ્રના રસાયણ અને ખાતર ખાતાના પ્રધાન વી. સદાનંદ ગોવડાએ કહ્યું હતું કે છેલ્લા પાંચ દિવસમાં જીવનજરૂરિયાતની દવાઓના ૧૫.૪ ટનના જથ્થા સાથે પાંચ વિમાન દેશભરમાં રવાના કરવામાં આવ્યા છે.

હૉસ્પિટલ માટે જરૂરી ઉપકરણો નએ જીવનાવશ્યત દવાઓનાં ઉત્પાદનની પ્રવૃત્તિઓ પર સરકાર સંપૂર્ણ ધ્યાન આપી રહી છે અને તે માટે ૨૦૦ જેટલા એકમો કાર્યરત છે, એમ તેમણે કહ્યું હતું.

# કોરોના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા બાદ મુંબઈની હોસ્પિટલના ૪૦ કર્મચારીઓ ક્વોરન્ટીનમાં

મુંબઈ

મુંબઈના કાંદિવલી વિસ્તારમાં સ્થિત શતાબ્દી હોસ્પિટલના ૪૦ કર્મચારીઓ ક્વોરન્ટીનમાં મોકલી દેવાયા છે. તેમાં ડોક્ટર, નર્સ અને નોન મેડિકલ સ્ટાફનો સમાવેશ થાય છે. આ હોસ્પિટલના જનરલ વોર્ડમાં દાખલ એક કોરોના પોઝિટિવ દર્દી સાથે અજાણતા સંપર્કમાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શતાબ્દી હોસ્પિટલ તરફથી ડો. પ્રમોદ નાગરકરે કહ્યું- ગત અઠવાડિયે એક પેશન્ટને અહીંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યો હતો. તે સમયે તેમાં કોરોનાના લક્ષણ ન હતા. જોકે તે વ્યક્તિ ફરી કોઈ અન્ય બીમારી માટે જનરલ વોર્ડમાં દાખલ થઈ હતી. આ સમયગાળામાં તેને ઈન્ફેક્શન લાગી ગયું હોઈ શકે અને તેથી તેના સંપર્કમાં આવેલા ડોક્ટર અને નર્સને પણ ઈન્ફેક્શન હોઈ શકે છે. તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે. દરેક સ્ટાફના સેમ્પલ ટેસ્ટીંગ માટે મોકલવામાં આવ્યા છે.






પશ્ચિમ બંગાળના નાદિયામાં એક મહિલા પોતાની પાળેલી બિલાડી સાથે સમય પસાર કરી રહી છે.

# કુલગામમાં સુરક્ષાબળો સાથેની અથડામણમાં ૪ આતંકી ઠાર

કુલગામ

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં આવેલા મંજગામાં શનિવારે સુરક્ષાબળો સાથે અથડામણમાં ૪ આતંકીઓ ઠાર મરાયા છે. જમ્મુ-કાશ્મીર પોલીસના ટ્વીટ પ્રમાણે, અમે એ જ ગ્રુપના આતંકીઓને ઘેર્યા હતા, જેમણે તાજેતરમાં જ ૩ નાગરિકોની હત્યા કરી હતી. આ પહેલા ૧૫ માર્ચે અનંતનાગ જિલ્લામાં સુરક્ષાબળોએ લશ્કર-એ-તૈયબાના ૪ આતંકીઓને ઠાર માર્યા હતા. આતંકી વટરીગ્રામ ગામના એક ઘરમાં હતા. તે બાથરૂમમાં ખાડો કરીને સંતાયા હતા. સુરક્ષાબળો જેવા ત્યાં પહોંચ્યા તેમને ફાયરિંગ શરૂ કર્યું હતું, જવાનોએ બાથરૂમમાં ઘુસીને આતંકીઓનું એકાઉન્ટર કર્યું હતું. આ જ દિવસ સોપોરમાં જૈશ-એ-મોહમ્મદનો એક આતંકી ઠાર મરાયો હતો. તેની પાસેથી પિસ્તોલ, મેગેઝીન અને બુલેટ્સ પણ જમ કરાઈ હતી.

### કોલોરોડો સ્ટેટ યુનિ.ના હવામાન વિજ્ઞાનીઓની આગાહી

# કોરોના ખતરા બાદ ચાલુ વર્ષે ૧૬થી વધુ દરીયાઈ વાવાઝોડા ત્રાટકશે

**૮ વાવાઝોડા હરીકેનની શ્રેણીના હશે, ૪ તબાહીવાળા તથા બાકીના સામાન્ય પ્રકારના**

ન્યુ દિલ્હી

કોલોરોડો સ્ટેટ યુનિવર્સિટીના હવામાન વિજ્ઞાનીઓએ આ વર્ષે દુનિયાભરમાં ૧૬થી વધારે સમુદ્રી તોફાનો આવવાની આગાહી કરી છે. તેમાં આઠ હરિકેન પણ સામેલ છે. આ આઠમાંથી ચાર તોફાન અત્યંત ખતરનાક અને શકિતશાળી હશે.

નિષ્ણાંતોએ કહ્યું કે અમને આ વર્ષે ફરીથી મોટી ગતિવિધીઓ થવાના સંકેત મળ્યા છે. હવામાન શાસ્ત્રી ફિલ કલોટઝબેકે કહ્યું કે અમારૂ અનુમાન છે કે ૨૦૨૦માં એટલાન્ટીક બેઝીન હરિકેન હવામાનની ગતિવિધી સામાન્યથી ઉપર હશે. જે હરિકેન તોફાનની શ્રેણી ૩ થી ૫ હશે તે મોટા તોફાન બની જશે. તેમાં ૧૧૧ માઈલ પ્રતિ કલાક અને તેનાથી વધારે ઝડપી હવાઓ ચાલશે. અનુમાન છે કે આ તોફાનો ૧ જુનથી ૩૦ નવેમ્બર દરમ્યાન આવશે.

કલોરઝબેકે કહ્યું આ મોટા તોફાનોથી ભૂસ્ખલન થવાના સંકેતો પણ મળ્યા છે. તેમના અનુસાર, આ વર્ષે ઓછામાં ઓછું એક મોટા તોફાનમાં અમેરિકાના કિનારાઓ પર ૬૯ ટકા ભૂસ્ખલન થવાની શકયતા છે. જો કે આગાહીમાં સચોટ રીતે તે અનુમાન નથી લગાવી શકાયું કે તોફાનો કયા સ્થળોએ ત્રાટકશે. કલોટઝબેક અને અન્ય નિષ્ણાંતોએ જણાવ્યું કે એટલાંટિક બેઝીનમાં દર વર્ષે સરેરાશ ૧૧ ઉષ્ણકટીબંધીય તોફાનો થાય છે જેમાં છ હરિકેન હોય છે.

હરિકેન એક એવા પ્રકારનું તોફાન છે જેને ઉષ્ણકટીબંધીય ચકવાલ કહેવામાં આવે છે. એ શકિતશાળી અને વિનાશકારી તોફાન હોય છે.તેની ઉત્પતિ એટલાન્ટીક બેઝીનમાં થાય છે. વૈજ્ઞાનિકો અનુસાર જ્યારે કોઈ ઉષ્ણ કટીબંધીય તોફાનની હવાની ઝડપ ૭૪ માઈલ પ્રતિકલાકથી વધી જાય ત્યારે તે હરિકેન બની જાય છે. તેની તીવ્રતાને સેફીર-સિમ્પસન હરિકેન વીન્ડ સ્કેલથી માપવામાં આવે છે.

# કોરોનાનો ફફડાટ : સાઉદીમાં એક વ્યક્તિને ટ્રોલીમાં થૂંકવા બદલ મોતની સજા સંભવ

કૈરો

સાઉદી અરેબિયાના એક શોપિંગ મોલમાં ટ્રોલીમાં થૂંકતા ઝડપાયેલા એક વ્યક્તિને મોતની સજા મળી શકે છે. પ્રોસિક્યુશન સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ વ્યક્તિ દોષિત જાહેર થશે તો તેને મોતની સજા થઈ શકે છે. નોંધનીય છે કે હાલ કોરોના વાયરસને કારણે વિશ્વભરના દેશો સ્વચ્છતા અને હાઈજીન બાબતે ખૂબ ધ્યાન આપી રહ્યા છે. જે અંતર્ગત અનેક દેશોમાં જાહેરમાં થૂંકવા પર પણ ભારે દંડ વસૂલ કરવામાં આવી રહ્યો છે. હાલ સાઉદી અરેબિયા સહિત વિશ્વના તમામ દેશો કોરોના સામે જંગ લડી રહ્યા છે ત્યારે ઉત્તર-પશ્ચિમ સાઉદી અરેબિયા ખાતે આવેલા હેલ શહેરમાં આવેલા એક શોપિંગ મોલમાંથી અજાણ્યા વ્યક્તિની ટ્રોલીમાં થૂંકવા બદલ ધરપકડ કરી લેવામાં આવી હતી. વ્યક્તિની ધરપકડ બાદ તેની પૂછપરછ કરવામાં આવી હતી. તેણે શા માટે આવું કૃત્ય કર્યું હતું તે જાણી શકાયું નથી. વ્યક્તિએ કોઈ બદઈરાદા સાથે આવું કૃત્યું તો નથી કર્યું ને તે મામલે તંત્ર તેની પૂછપરછ કરી રહી છે. સાઉદી અરેબિયાના ઓનલાઈન ન્યૂઝપેપર અજેલના જણાવ્યા પ્રમાણે, "વ્યક્તિએ જે કૃત્ય કર્યું છે તેની ગણતરી મોટા કૃત્ય તરીકે કરવામાં આવી છે." ધાર્મિક અને કાયદાકીય બંને દ્રષ્ટિએ વ્યક્તિના આવા કૃત્યની નિંદા કરવામાં આવી છે. આ કૃત્યને જાણી જોઈને સોસાયટીઓમાં કોરોના વાયરસ ફેલાવવાના ઈરાદા સાથે કરવામાં આવેલા કૃત્ય તરીકે જોવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે આવેલા ગુનામાં મોતની સજા પણ મળી શકે છે.

# એમ્સના ડૉક્ટરની કોરોના પોઝિટિવ પત્નીએ તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો

ન્યુ દિલ્હી

દિલ્હી ખાતે આવેલી એમ્સના સીનિયર ડૉક્ટરની કોરોના પોઝિટિવ પત્નીએ શુક્રવારે રાત્રે એક તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો છે. ગઈકાલે ડૉક્ટરનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દિલ્હીમાં આ પ્રથમ કેસ છે જ્યારે કોઈ કોરોના પોઝિટિવ મહિલાએ બાળકને જન્મ આપ્યો હોય. માતા અને બાળકને બંનેને હાલ આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યા છે.

દિલ્હીના એઇમ્સના ફિજિયોલોજી ડિપાર્ટમેન્ટમાં સીનિયર રેસિડેન્ટ ડૉક્ટર તરીકે ફરજ બજાવતા તબીબનો કોરોના રિપોર્ટ શુક્રવારે પોઝિટિવ આવ્યો હતો. જે બાદમાં તેમને એઈમ્સના જ પ્રાઈવેટ વોર્ડમાં આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. ડૉક્ટરનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમના પરિવારના સભ્યોની તપાસ કરમાં આવી હતી. જેમાં તેમની નવ મહિનાની પ્રેગનેન્ટ પત્ની અને ભાઈનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો.

દિલ્હીમાં એઈમ્સના ડૉક્ટરનો રિપોર્ટ પોઝિટિવ આવતાની સાથે શહેરના કુલ આઠ ડૉક્ટરો હાલ કોરોના વાયરસ પોઝિટિવ છે. બુધવારે દિલ્હીના ત્રણ ડૉક્ટરોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાંથી બે ડૉક્ટર સફદરગંજ હૉસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે. આ હૉસ્પિટલ એઈમ્સની બિલકુલ સામે જ આવી છે. અન્ય એક ડૉક્ટર સરદાર વલ્લભભાઈ પટેલ હૉસ્પિટલમાં ફરજ બજાવતા હતા.

# સરકાર માસ્ક-સેનેટાઈઝરનું કાળાબજાર વિરુદ્ધ કડક કાર્યવાહી કરેઃ સુપ્રિમ કોર્ટ

ન્યુ દિલ્હી

માસ્ક-સેનેટાઈઝરનું કાળાબજારની સામેની અરજી પર સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે કે સરકાર માસ્ક-સેનેટાઈઝરની મહત્તમ કીંમત નક્કી કરતી અધિસુચનાનો પ્રચાર કરે. જેનું ઉલ્લંઘન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરે. સુપ્રીમના આદેશ પર કેન્દ્ર સરકારે જણાવ્યું કે વધારે કિંમત પર વેચાણ કરી રહેલા લોકો સામે ફરિયાદ કરવા માટે હેલ્પલાઈન નંબર ઉપલબ્ધ કરાવામાં આવી રહ્યો છે.

ગત સુનાવણીમાં કોર્ટે નોટિસ ઈશ્યુ કરી હતી અને આ સંબંધમાં કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો. જસ્ટિસ ફોર રાઈટસ ફાઉન્ડેશન, વકીલ અમિત કુમાર શર્મા અને દિલ્હી વિશ્વવિદ્યાલયના અંતિમ વર્ષના કાયદાના વિદ્યાર્થી પ્રતીક શર્માએ સેનેટાઈઝર અને માસ્કના કાળાબજાર સામે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. અરજીકર્તાઓએ સુપ્રીમ કોર્ટને હસ્તક્ષેપ કરવા માગણી કરતાં જણાવ્યું હતું કે નિયત ભાવ પર માસ્ક અને સેનિટાઈઝરનું વેચાણ સુનિશ્ચિત કરવા માટે અને માસ્ક અને જીવનજરૂરિયાત વસ્તુઓનું મફત વિતરણ અંગે પણ કહેવામાં આવ્યું છે. અરજીકર્તાઓએ માંગણી કરી છે કે સરકારના આદેશનું સાચી રીતે પાલન થાય તેના માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સનું ગઠન પણ કરવામાં આવે.

# દરિયાપુર, શાહપુર, જમાલપુર, દાણીલીમડા, રખિયાલને કલસ્ટર જાહેર કરાયા

અમદાવાદ

લોકડાઉનની સ્થિતિની વચ્ચે અમદાવાદ પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ કરીને દરિયાપુર, શાહપુર, જમાલપુર, દાણીલીમડા અને રખિયાલને કલસ્ટર જાહેર કર્યા હતા. ત્યાં પોલીસનો પૂરતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હોવાનું જણાવ્યું હતું. ત્યાં જીવન જરૂરિયાતની તમામ વસ્તુઓ એએમસી પહોંચાડશે. ગુજરાતમાં વધુ ૧૦ કોરોના પોઝિટિવ કેસ સાથે રાજ્યમાં કોરોનાનો કુલ આંકડો ૧૦૫ને પાર થયો છે. જેમાં અમદાવાદમાં સૌથી વધારે કેસો સામે આવી રહ્યા છે. આજે વધુ ૫ પોઝિટિવ કેસ સાથે શહેરમાં ૪૩ કેસો નોંધાયા છે. અમદાવાદના ૫ કેસમાં ૨ બાપુનગર, ૧ જમાલપુર, ૧ નવરંગપુરા અને ૧ આંબાવાડી હીરાબાગના છે. શહેરમાં ગીચ વિસ્તાર અને ઝૂંપડપટ્ટીના વિસ્તારોમાં લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળ્યો છે.

ગઈકાલે કાલુપુર ભંડેરી પોળના એક પરિવારના ૪ સભ્યો કોરોના પોઝિટિવ આવ્યા હતા. તેમાં ૭ વર્ષની બાળકી પણ સામેલ છે. હાલ આ તમામે તમામ એસવીપી હોસ્પિટલમાં સારવારમાં છે. તમામ લોકલ ટ્રાન્સમિશનના કેસ છે. બાકીના બે કેસો બાપુનગરના છે જેમાં એક ૧૭ વર્ષીય કિશોર અને ૬૫ વર્ષીય વૃદ્ધ સામેલ છે. કાલુપુરના મલેક શાહ મસ્જિદના ૬૮ વર્ષીય દર્દીની દિલ્હી હિસ્ટ્રી સામે આવી છે.

### મનસેના સ્થાપક રાજ ઠાકરેનું વિવાદાસ્પદ નિવેદન

# મરકઝ જેવા કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા હોય તેમને ગોળી મારી દો

મુંબઈ

મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના સ્થાપક અને પ્રમુખ રાજ ઠાકરેએ ભડકાઉ નિવેદન આપતા હક્યુ હતુ કે, મરકઝ જેવા કાર્યક્રમોમાં સામેલ થનારાને ગોળી મારી દેવી જોઈએ.

રાજ ઠાકરેએ લોકડાઉન વચ્ચે પહેલી વખત પત્રકાર પરિષદને સંબોધન કર્યુ હતુ.નિઝામુદ્દીનમાં તબલિગી જમાત દ્વારા આયોજીત કાર્યક્રમ અંગે પૂછતા ઠાકરે ભડક્યા હતા.તેમણે કહ્યુ હતુ કે, આવા કાર્યક્રમોમાં સામેલ થયેલાની સારવાર કેમ કરવામાં આવી રહી છે. જો તમને લાગતુ હોય કે કોરોના સંકટ કરતા ધર્મ વધારે મોટો છે અને જો કોઈ કાવતરુ ઘડી રહ્યુ હોય અને ફેલાવી રહ્યુ હોય તો તેમને મારવા જોઈએ અને તેમનો વિડિયો વાયરલ કરવો જોઈએ ત્યારે જ આ લોકો સમજશે.

ઠાકરેએ કહ્યુ હતુ કે, કારેલુ હંમેશા કારેલુ જ રહેતુ હોય છે.મૌલવીઓ ક્યાં છે ..એ લોકો જનતાના દિમાગમાં સંદેહ ઉભો કરી રહ્યા છે...પછી કોઈ સરકાર ચોક્કસ સ્ટેન્ડ લે તો તેને દોષ આપવાની જરુર નથી. તેમણે કહ્યુ હતુ કે, પીએમ મોદીએ દિપક પ્રગટાવવાની વાત કરી તો જેને દિવો પ્રગટાવવો હોય તે પ્રગટાવે પણ પીએમ મોદીએ લોકોને ભરોસો આપવાની જરુર હતી કે, આગામી સમયમાં નોકરીઓ અને ઉદ્યોગોનુ શું થશે.

# દીવો પ્રગટાવવામાં લોકો ક્યાંક પોતાનું ઘર ના બાળી દેઃ સંજય રાઉતનો કટાક્ષ

મુંબઈ

પીએમ મોદીએ શુક્રવારે દેશના લોકોને અપીલ કરી છે કે ૫ એપ્રિલ એટલે કે રવિવારે બધા રાતે ૯ વાગે ૯ મિનિટ માટે પોત પોતાના ઘરોની લાઈટો બંધ કરીને દીવો, મિણબત્તી અને મોબાઈલની ફ્લેશ લાઈટ કરો. શિવસેનાના વરિષ્ઠ નેતા અને સાંસદ સંજય રાઉતને પીએમ મોદીની અપીલ સમજમાં ન આવી અને તેમણે આની મજાક બનાવી. રાઉતે ટ્વિટ કર્યુ છે, 'જ્યારે લોકોને તાળી પાડવાનુ કહેવામાં આવ્યુ તો તેમણે રસ્તા પર આવીને ઢોલ પીટ્યા. હવે હું આશા કરુ છુ કે તે પોતાના ઘર ના ફૂંકી દે.' પીએમ મોદીએ લોકોને અપીલ કરી, 'આ રવિવારે ૫ એપ્રિલને બધાએ મળીને, કોરોનાના સંકટને અંધકારને પડકારવાનો છે, તેને પ્રકાશની તાકાતનો પરિચય કરાવવાનો છે. આ ૫ એપ્રિલે આપણે ૧૩૦ દેશવાસીઓની મહશક્તિનુ જાગરણ કરવાનુ છે. ઘરની બધી લાઈટો બંધ કરીને, ઘરના દરવાજા પર કે બાલકનીમાં ઉભારહીને ૯ મિનિટ માટે મિણબત્તી, દીવો, ટૉર્ચ કે મોબાઈલની ફ્લેશલાઈટ કરો. અને એ વખતે જો ઘરની બધી લાઈટો બંધ કરશો, ચારે તરફ જ્યારે દરેક વ્યક્તિ એક-એક દીવો કરશે, ત્યારે પ્રકાશની એ મહાશક્તિનો અહેસાસ થશે.

# કોરોના સામે લડવા દેશમાં જ તૈયાર કરાશે વેકિસનઃ નાકથી શરીરમાં નખાશે

ન્યુ દિલ્હી

કોરોના વાયરસ સામે લડવા માટે દેશમાં પણ વેકિસન બનાવવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે જેથી દેશના લોકોને આ ભયાનક બીમારીથી બચાવી શકાય. આ વેકસીનની ખાસ વાત એ છે કે તેને ઈન્જેકશન દ્વારા નહીં પરંતુ નાક મારફતે શરીરમાં પહોંચાડવામાં આવશે.

હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેકે કોરોલુ નામની વેકસીન તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. કોરોના વાયરસની સારવાર માટે બનાવવામાં આવી રહેલી આ વેકિસન શરીરમાં સોયથી નાખવામાં નહીં આવે. આ વેકસીનનું એક ટીપું દર્દીના નાકમાં નાખવામાં આવશે. વન ડ્રોમ કોવિડ-૧૯ નેસલ વેકસીન નામની આ દવા સંપૂર્ણ સુરક્ષિત હોવાનો દાવો કરાઈ રહ્યો છે કેમ કે આ પહેલાં પણ લુ માટે બનાવવામાં આવેલી દવાઓ સુરક્ષિત હતી.

ભારત બાયોટેકે યુનિવર્સિટી ઓફ વિસ્કોન્સિન-મેડિસીન અને લુઝેન કંપની સાથે સમજૂતિ કરી છે. આ ત્રણેયના વૈજ્ઞાનિકો મળીને વેકસીનને તૈયાર કરી રહ્યા છે. કોરોલુ વિશ્વ વિખ્યાત લુની દવા એમઆરએસઆરના આધાર પર બનાવવામાં આવી રહી છે. તેને યોશિહિરો કાવાઓકા અને ગેબ્રીયેલ ન્યુમેને મળીને બનાવી હતી. એમઆરએસઆર ઈનલુએન્જા બીમારીની એક તાકાતવર દવા છે. યારે આ દવા શરીરમાં જાય છે તો તે તત્કાલ લૂ સામે લડવા માટે એન્ટીબોડીઝ બનાવે છે. ભારત બાયોટેકના બિઝનેસ ડેવલપમેન્ટ હેડ ડો.રૈશેસ એલાએ જણાવ્યું કે અમે ભારતમાં આ વેકિસનનું ઉત્પાદન કરશું અને પછી તેની કિલનીકલ ટ્રાયલ કરાશે અને જો તેમાં સફળતા મળશે તો ૩૦૦ મિલિયન ડોઝ બનાવવામાં આવશે.

### આશાવર્કર્સને માસ્ક-સેનિટાઈઝર વિના જ સર્વેમાં મોકલાયા

અમદાવાદ

કોરોના વાઈરસના કારણે વિદેશથી કે અન્ય રાજ્યમાંથી આવેલા લોકોની માહિતી એકઠી કરવા માટે એક સપ્તાહમાં ડોર ટુ ડોર સર્વે કરીને ૬ કરોડ ૫૭ લાખ નાગરિકોનું સ્કેનિંગ કર્યું હોવાના રાજ્ય સરકાર દ્વારા દાવા કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ સરકાર ડોર ટુ ડોર સર્વે માટે રોકવામાં આવેલા ૬૯,૬૫૮ કર્મચારીઓમાં મોટાભાગની એટલે કે, ૪૬ હજાર કરતા વધુ આશા વર્કર બહેનો હતી. આ બહેનોને પૂરતા ન તો માસ્ક આપ્યા કે ન તો સેનિટાઈઝર આપવામાં આવ્યું. આમ અપૂરતી સુવિધાના અભાવે અને આટલી ગંભીર મહામારી હોવાથી નાગરિકોમાં ભારે રોષ ફેલાયો હતો. આરોગ્ય વિભાગના દ્વારા ગુજરાતની કુલ વસતી ૬.૫૦ કરોડ વસતીનો સર્વે કરવા માટે સરકાર દ્વારા આદેશ આપી દેવામાં આવ્યો હતો. જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં આ સર્વેની કામગીરી ૪૬ હજાર જેટલી આશા વર્કર બહેનોના માથે નાંખવામાં આવી હતી.

# કોરોના સામે લડવા વૈશ્વિક સહકાર અને એકતા માટે યુનોએ ઠરાવ પસાર કર્યો

યુએન

ભારત સહિત ૧૮૮ દેશોએ સર્વસંમતિથી સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો)ની સામાન્ય સભામાં સમાજ અને અર્થતંત્રને મોટે પાયે નુકસાન પહોંચાડનાર મહારોગ કોરોના સામે લડવા માટે વૈશ્વિક સહકાર અને એકતા જાળવી રાખવા માટેનો ઠરાવ પસાર કરાયો હતો.

'ગ્લોબલ સોલિડારિટી ટુ ફાઈટ ધ કોરોનાવાઈરસ ડિસિઝ ૨૦૧૯ (કોવિડ-૧૯)'ના મથાળાવાળો ઠરાવ સંયુક્ત રાષ્ટ્રસંઘે વૈશ્વિક મહારોગ માટે પસાર કરેલો આ પ્રકારનો પહેલો ઠરાવ છે. વૈશ્વિક સ્તરે કોરોના વાઈરસગ્રસ્ત રોગીઓની સંખ્યા દસ લાખથી વધારે થઈ છે ત્યારે યુનોની સુરક્ષા સમિતિએ આ મામલે હજુ ચર્ચા કરવાની બાકી છે.

આ ઠરાવ ઘાના, ઈન્ડોનેશિયા, નોર્વે, સિંગાપોર, સ્વિટ્ઝરલૅન્ડ અને અન્ય લેઈચટેનસ્ટેઈને મળીને સ્પોન્સર કર્યો હતો. મહારોગ કોરોનાને લીધે યુનોની સંયુક્ત સભાનું આયોજન બંધ હોવાથી ઠરાવ સાઈલેન્સ પ્રોશિઝર પ્રમાણે પસાર કરાયો હતો.



## તંત્રી લેખ

# તમામ કામો ખોરવાશે

**કોરોના વાયરસના હાહાકાર વચ્ચે તમામ આર્થિક અને વેપારી પ્રવૃતિ ઠપ થઈ ગઈ છે. હાલમાં તમામ પ્રયાસો કોરોના પર અંકુશ મુકવા પર કેન્દ્રિત છે. આરોગ્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આવી સ્થિતી વચ્ચે જ્યારે સ્થિતી સામાન્ય બનશે ત્યારે પણ તમામ મોટા પ્રોજેક્ટને લઈને મોટી સમસ્યા આવનાર છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહાકાય અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પણ સમાવેશ થાય છે. હાલમાં લોકડાઉન વચ્ચે તમામ પ્રોજેક્ટ ખોરવાઈ ગયા છે. કામો રોકી દેવામાં આવ્યા છે. તમામ લોકો ઘરમાં કેદ છે. આવી સ્થિતીમાં તમામ પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની બાબત તો હવે શક્ય નથી. સાથે સાથે ખર્ચ પણ અનેક ગણો વધી જનાર છે. કોરોનાના કારણે વૈશ્વિક મંદીના ભણકારા પહેલાથી જ વાગી રહ્યા છે ત્યારે કેટલા પ્રોજેક્ટ પર કામ ચાલશે અને કેટલા પર નહીં તે વાત કરવી સરળ નથી. બુલેટ ટ્રેન પ્રોજેક્ટની વાત કરવામાં આવે તો લોકડાઉન પહેલા સુધી જમીન અધિગ્રહણને લઈને કેટલીક તકલીફ આવી રહી હોવા છતાં પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવાની યોજના તૈયાર કરવામાં આવી રહી હતી. જમીન અધિગ્રહણની તકલીફના કારણે અલાઈનમેન્ટ બદલી નાંખવાન શક્યતા પર ચર્ચા ચાલી રહી હતી. જો કે પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોનુ કહેવુ હતુ કે અલાઈનમેન્ટને લઈને કોઈ તકલીફ નથી. જમીન અધિગ્રહણ માટે ડિસેમ્બર ૨૦૧૮ની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી જો કે આ પ્રક્રિયા ખુબ જોરદાર રીતે ખોરવાઈ ગઈ હતી. નિષ્ણાંતોનુ કહેવુછે કે જો જમીન મળવાની પ્રક્રિયા પૂર્ણ થઈ જશે તો તો પ્રોજેક્ટ પૂર્ણ રફતાર સાથે આગળ વધશે. કોઈ વિલંબ થવાની શક્યતા હાલમાં તો દેખાતી નથી. પરદા પાછળના કામ ચાલી રહ્યા છે અને તે કામ પૂર્ણ થવા આવ્યા છે. હવે સામાન્ય લોકોને દેખાય તેવા કામ હાથ ધરવામાં આવનાર છે. કેટલાક કામ અંદર ખાને શરૂ થઈ ચુક્યા છે. દાખલા તરીકે વડોદરામાં ટ્રેનિંગ સેન્ટર પર કામ શરૂ કરાયુ છે. સાબરમતીમાં જ પેસેન્જર ટર્મિનલ બનનાર છે. ટેન્ડર જાર કરવામાં આવી ચુક્યા છે. બુલેટ ટ્રેન સાથે જોડાયેલા લોકો દાવો કરે છે કે તેઓ ૧૫મી ઓગષ્ટ ૨૦૨૨ સુધી લોકો તેમાં મુસાફરી કરી શકે તે માટે આયોજન કરી રહ્યા છીએ. જો કે હવે આ બાબત શક્ય દેખાઈ રહી નથી. સમય ખુબ ખોરવાઈ ગયો છે. કોરોનાના કારણે હાલમાં તમામ કામો રોકી દેવામાં આવ્યા છે.જાપાને નાણાં આપવા માટેની તૈયારી પણ દર્શાવી દીધી છે. હાલમાં કોઈ કંપની ભારતમાં બુલેટ ટ્રેન બનાવતી નથી.બુલેટ ટ્રેનની સાથે સાથે કેટલાક શહેરોમાં ચાલી રહેલા મેટ્રો ટ્રેન પર કામો ખોરવાઈગયા છે. રેલવેના મોટા પ્રોજેક્ટ પર કામ ખોરવાઈ ગયા છે. રેલવે ટ્રેક બિછાવવાની કામગીરી અને પુલ નિર્માણની કામગીરી બંધ છે. આવી સ્થિતીમાં દિલ્હી-અમદાવાદ વચ્ચે ટ્રેકોને વધારી દેવાની કામગીરી હાલમાં બંધ કરવામાં આવી છે. આના કારણે યાત્રી ટ્રેનોને જે સમસ્યા સમયની નડે છે તે હાલમાં અકબંધ રહી શકે છે. કારણ કે માલગાડી માટે વૈકલ્પિક ટ્રેક નિર્માણની કામગીરી ફરી બંધ કરવામાં આવી છે. એકંદરે તમામ પ્રોજેક્ટ હાલમાં ખોરવાઈ ગયા છે.**

**બુલેટ ટ્રેન સહિતના તમામ પ્રોજેક્ટો આડે હવે મોટી સમસ્યાઓ આવનાર છે તે નક્કી**

### આગળ સ્થિતી વધારે ભયાનક થનાર છે તેવી ચેતવણી આવી ચુકી છે

# કોરોના : વ્યાપક ટેસ્ટિંગથી બચાવ

દુનિયાભરમાં કોરોના વાયરસના કારણે ભારે હાહાકાર જારી છે. કોરોના વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. સાથે સાથે ૫૩ હજાર કરતા વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. આ સ્થિતી એ વખતે છે જ્યારે કોરોના વાયરસના કારણે સંખ્યા વધી રહી છે. આ સ્થિતી એ વખતે છે જ્યારે કોરોના વાયરસ હાલ ચરમસીમાં પર પહોંચવાની દિશામાં છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તો કહી ચુક્યા છે કે આગામી સપ્તાહમાં સ્થિતી વધારે ભયાનક બનનાર છે. અમેરિકામાં બે લાખ કરતા વધારે લોકો અસરગ્રસ્ત છે. ૬૦૦૦ કરતા વધારે લોકોના મોત થઈ ચુક્યા છે. જર્મની, સ્પેન સહિતના દેશોની હાલત પણ સારી નથી. જો કે કેટલાક દેશોમાં મોતનો દર ઓછો છે. ઈટાલીમાં હાલત વધારે ખરાબ છે. મોતનો આંકડો ઈટાલીમાં તો ખુબ વધારે છે. ભારત આ બિમારીની સામે પોતાની રીતે લડત ચલાવવામાં વ્યસ્ત છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ભારતના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી છે. કોવિડ-૧૯ને લઈને તેના વિશેષ પ્રતિનિધી ડેવિડ નવારીએ કહ્યુ છે કે લોકડાઉન યોગ્ય સમય પર લેવામાં આવેલો યોગ્ય નિર્ણય છે. અમેરિકા અને અન્ય યુરોપિયન દેશોએ કેટલાક દિવસ સુધી લાપરવાહી દર્શાવી હતી. જો કે ભારતમાં આના પર ઝડપથી કામ થઈ ગયુ હતુ. જો કે આ પ્રશંસાથી સંતુષ્ટ થવા માટે કોઈ કારણ નથી. અમારા તબીબો, નર્સ અને અન્ય સ્ટાફ પાસે પુરતા તબીબી સાધનો નથી. તેમને અત્યંત વિપરિત સ્થિતીમાં કામ કરવાની ફરજ પડી રહી છે.કેટલીક જગ્યાએ તેમને ઘરના માલિક ઘરમાંથી બહાર કાઢી રહ્યા છે. કેટલીક જગ્યાએ તેમના પર હુમલા કરવામાં આવી રહ્યા છે. એટલુ જ નહીં જ્યારે તેઓ પોતાના માટે સુરક્ષા સાધનોની માંગ કરે છે ત્યારે વહીવહીતંત્ર તરફથી તેમની સામે પગલા લેવાની વાત



**વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા ભારતના પ્રયાસોની પ્રશંસા કરી છે : લોકડાઉન યોગ્ય સમય પર લેવામાં આવેલો યોગ્ય નિર્ણય છે**

આવે છે. અત્રે યાદ રાખવાની જરૂર છે કે કોરોના સામે લડનાર અસલી યોદ્ધા તો તબીબો છે. આ મહામારી સામે જંગમાં પરિણામ તો તેમની કુશળતા અને તેમના નૈતિક જુસ્સાના કારણે જ હાથ લાગનાર છે. લોકડાઉનના કારણે બિમારી ફેલતા રોકવાની ગતિ અમે રોકી દીધી છે. જો કે વાત માત્ર આટલાથી જ બનનાર નથી. ટેસ્ટિંગના મામલે જર્મનીની સરખામણી કરવાની બાબત અમારા માટે પુરતી નથી પરંતુ અમને બીજા તરીકા અપનાવવાની જરૂર છે. પરંતુ મોડેથી પણ રસ્તો તો જ પકડવાનો રહેશે. બાકી દેશોમાં માત્ર કોરોનાના લક્ષણવાળા લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે ત્યારે જર્મનીમાં તમામના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં ટેસ્ટની સ્થિતી એ છે કે અહીં પ્રતિ કરોડ વસ્તી પર માત્ર ૫૬ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે દુનિયામાં સૌથી ઓછા પ્રમાણમાં છે. આવી સ્થિતીમાં ડર એ છે કે અમારી ૧૩૦ કરોડની વસ્તીમાં કેટલાક હજાર લોકો અજાણતા પણ વાયરસ ફેલાવતા હોય તેમ કહી શકાય છે. કોરોનાની સામે લડાઈ જીતવા માટે વ્યાપક ટેસ્ટના પરિણામ જ અસરકારક સાબિત થઈ શકે છે. કોરોના સામે જંગ લડવા માટે કેટલાક અસરકારક પગલા લેવામાં આવી રહ્યા છે. સ્થિતી ભારતમાં પણ ધીમે ધીમે બગડી રહી છે. કેસોની સંખ્યા ૩૦૦૦ કરતા વધારે થઈ ચુકી છે. હજુ સાવધાની રાખવાની જરૂર દેખાઈ રહી છે. કોઈ નાનકડી ભુલ ભારે પડી શકે છે. વ્યાપક ટેસ્ટ કરવાના કારણે પરિણામ હાથ લાગી શકે છે. કોરોના વાયરસથી ગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં વધી રહી છે. ભારતમાં પણ વધી રહી છે. હાલમાં આ સંખ્યા ૧૦ લાખ છે. તેના બચાવ માટે મોટા પાયે ટેસ્ટિંગ જરૂરી છે. બાકી દેશોમાં હાલમાં માત્ર કોરોનાના લક્ષણવાળા લોકોના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે જ્યારે જર્મનીમાં તો હવે દરેક વ્યક્તિના ટેસ્ટ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે જે પ્રશંસાપાત્ર પહેલ તરીકે છે. વિશ્વના ૨૦૫ દેશોમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને રોકવા માટે દરેકના ટેસ્ટ કરવામાં આવે તે સમયની માંગ છે. ભારતમાં હાલમાં ૧૩૦ કરોડ લોકો પૈકી મોટા ભાગના લોકો ઘરમાં છે ત્યારે આ અભિયાન મોટા પાયે શરૂ કરી શકાય છે. આના સારા પરિણામ હાથ લાગી શકે છે. ઈટાલીમાં કેસોની સંખ્યા મોટી છે પરંતુ મોતનો દર વધારે જોવા મળે છે. જુદા જુદા દેશોમાં મોતનો આંકડો ઈન્ફેક્શનની તીવ્રતા પર આધારિત છે. હાલમાં કોરોના વાયરસની સ્થિતી વધારે ભયાનક બની રહી છે. ઈટાલી, સ્પેન અને અમેરિકા જેવા દેશોમાં તો દરરોજ હજારો નવા કેસ ઉમેરાઈ રહ્યા છે. સેંકડો લોકોના રોજ મોત પણ થઈ રહ્યા છે. તમામ દેશો વ્યાપક ટેસ્ટિંગની પ્રક્રિયા મારફતે હવે આગળ વધે તો તેના ફેલાવવાને રોકવામાં સફળતા મળી શકે છે.

### મહાનગરોમાં રહેલી તમામ ઈમારતોમાં તેમના પરસેવા લાગેલા છે...

# આ મજુરો પરત નહીં ફરે તો શુ થશે

મહાનગરોમાં ઉભેલી તમામ મોટી ઈમારતોમાં તેમના ખુન પરસેવા લાગેલા છે. આ જ એ મજુરો છે જેમના કારણે મહાનગરમાં મેટ્રોના સપનાને સાકાર કરવામાં સફળતા મળી રહી છે. કોરોનાના વાયરસના કારણે આ મજુરો હાલમાં જ મોટા પાયે સમુહમાં પોતાના વતન પરત ફરતા નજરે પડ્યા હતા. પોતાના ગામ અને ઘરમાં આ લોકો પહોંચી ચુક્યા છે. લોકડાઉનની સ્થિતી વચ્ચે હાલમાં તો તમામ કારોબાર ઠપ્પ છે. ટોળાને ટોળામાં પોતાના સામાન સાથે આ લોકો પોતાના વતન પરત ફરી ચુક્યા છે. બાળકોને ગોદમાં લઈને મુશ્કેલ સ્થિતીમાં આ લોકો પોતાના વતન જતા રહ્યા છે. પોતાના બાળકોને ખભામાં બેસાડીને આ લોકો ચાલતા જ પોતાના વતન તરફ રવાના થઈ ગયા હતા. આ સ્વતંત્ર ભારતમાં વિભાજન બાદ એક પ્રકારનુ નવુ ચિત્ર રજૂ કરે છે. ૨૨મી માર્ચના દિવસે જનતા કરફ્યુ ટ્રેલર તરીકે રહ્યા બાદ કોરોના વાયરસના પરિણામસ્વરૂપ ઉભી થયેલી હેલ્થ ઈમરજન્સીની સ્થિતીમાં ૨૪મી માર્ચના દિવસે દેશમાં ૨૧ દિવસ માટે સંપૂર્ણ લોકડાઉનની જાહેરાત કરી દેવામાં આવી હતી. સાથે સાથે ખાતરી પણ આપવામાં આવી હતી કે જીવન જરૂરી ચીજોની કોઈ તકલીફ પડશે નહીં. પરંતુ લાગે છે કે દરેક વ્યક્તિને બચાવી લેવા અને ઘરની અંદર દરેક વ્યક્તિ માટે જરૂરી વસ્તુઓને પહોંચાડી દેવા માટેની ખાતરી કરતી વેળા કેટલીક ચુક ચોક્કસપણે રહી ગઈ છે. રોજ કમાણી કરીને રોજ ખાનાર લોકો સુધી આ ખાતરી પહોંચી શકી નથી અને અથવા તો પહોંચી છે તો ખુબ મોડેથી જ આ ખાતરી પહોંચી છે. પરિણામ એ આવ્યુ કે બે દિવસ થતા થતા તો તેમની હિમ્મત તુટવા લાગી ગઈ હતી. તેમને લાગ્યુ કે લોકડાઉનની આ અવધિમાં તેઓ ઘરની અંદર તો બે મોત મરી જશે. ત્યાર સુધી બસ અને ટ્રેનોને રોકવામાં આવી ચુકી હતી. જેથી હજારોની સંખ્યામાં લોકો



**મજુરોના કારણે જ મહાનગરમાં મેટ્રોના સપનાને સાકાર કરવામાં સફળતા મળી છે : હાલમાં મોટા પાયે હિજરત થઈ ચુકી છે**

ચાલતા જ સંકડો કિલોમીટરની દુર અંતર નાપતા રવાના થઈ ગયા હતા. મરીએ તો પણ પોતાના લોકોની વચ્ચે મરીએ તે ઈરાદા સાથે આ લોકો નિકળી પડ્યા હતા. અમારા જીવવા મરવાથી ફરક પડે છે તેવા લોકોની વચ્ચે જતા રહેવા માટે તમામ લોકો રવાના થઈ ગયા હતા. એક અંદાજ મુકવામાં આવ્યો છે કે દિલ્હીમાં સ્કિલ્ડ, સેમી સ્કીલ્ડ અને અનસ્કીલ્ડ મળીને ૫૫ લાખ મજુરો રહે છે. જે પૈકી કેટલાક ગુટખા, પાન મસાલામાં બનાવતી કંપનીઓમાં કામ કરે છે. તેમના પરિવારની મહિલાઓ અને બાળકો પણ કોઈને કોઈ કામ કરે છે. ત્યારે જ તેમના પરિવારના સભ્યોનુ ગુજરાન ચાલે છે. નાની નાની રકમ પર ૧૨ ૧૬ કલાક કામ કરે છે. કેટલાક લોકો ગામમાં રહેતા તેમના માતાપિતા સુધી પૈસા પણ આમાંથી મોકલે છે. પોતાનુ ગુજરાન પરિવારની સાથે રહીને ચલાવે છે. કેટલાક લોકો આવા જવાબદારી અદા કરે છે. તેમના પૈકી કેટલાક તો કહે છે કે તે પરિવારની સાથે રહીને ઘર ચલાવે છે. ગામમાં મોબાઈલ અને વિડિયો કોલિંગ કરીને સંતોષ મેળવી લેતા હતા. હવે તેમની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. આવા લોકોના કેન્દ્રમાં તેમના ગામ અને પરિવાર સૌથી ઉપયોગી છે. આ તમામને છોડીને તેઓ શહેરોમાં નોકરી કરવા માટે મજબુર હોય છે. આવી સ્થિતીમાં સ્વાભાવિક છે કે કોઈ સંકટ આવે છે તો તે ઘરે અને ગામ પહોંચી જવા માટે પ્રયાસ કરશે. આ એ જ તડપ હતી જેના કારણે હજારો લોકો માર્ગ પર ચાલતા જ પરિવારની સાથે રવાના થઈ ગયા હતા. આવા હજારો લાખોની સંખ્યામાં લોકો હતા. આ પલાયનના પોતાના ખતરા હતા. જો કે આ લોકોએ ખતરાની પરવાહ કરી ન હતી. બીજી તરફ શહેરના મધ્યમવર્ગના લોકોએ તેમની હરકતને અયોગ્ય ગણાવી હતી. તેમને આ બાબત સમજાઈ નહીં કે આ લોકોએ પોતાના આરોગ્યને ખતરામાં કેમ મુકી દીધો હતો. તેમની હરકતને ખોટી ગણાવનાર અને વિચાર્યા વગર ટિપ્પણી કરનાર લોકોને આ બાબત બિલકુલ યાદ ન રહી કે જે આરામવાળા ઘરમાં બેસીને તેઓ કોરોનાની સામે લડાઈને મજબુત કરી રહ્યા છે તેમને તૈયાર કરનાર અને આકાર આપનાર આ જ લોકો છે. ચોક્કસપણે સરકારે પોતાની ભુલો સુધારી છે. દરેક રીતે તેમને સમજાવવામાં આવ્યા અને મનાવવામાં આવ્યા.સરકારને તેમની ચિંતા છે તે બાબતની માહિતી પણ ટોપ સ્તર પર આપવામાં આવી છે. તેઓ જ્યાં પણ છે ત્યાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી. આ સુવિધા કેટલી અસરકારક સાબિત થઈ છે તે બાબત તો મોડેથી જાણી શકાશે. જો કે આ રાહતની બાબત તો ચોક્કસપણે છે કે સરકારે તેમના માટે પ્રયાસો હાથ ધર્યા છે. તેમના માટે હજુ પગલા જરૂરી છે.

### દર બીજા દિવસે ઉપવાસ ફાયદાકારક છે

# વેટ લુઝ માટે ફાસ્ટ ઉપયોગી

હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વેટ લુઝ કરવા માટે અથવા તો શરીરના વજનને ઉતારી દેવામાં ફાસ્ટ અથવા તો ઉપવાસની ચાવીરૂપ ભૂમિકા રહેલી છે. વેટ લુઝ માટે ફાસ્ટ એક સારા વિકલ્પ તરીકે હોવાનો દાવો નિષ્ણાંતો દ્વારા કરવામાં આવ્યો છે. રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે દર બીજા દિવસે ઉપવાસ રાખવાની બાબત ખુબ ઉપયોગી સાબિત થઈ શકે છે. ઉપવાસની આરોગ્ય પર સારી અસર થાય છે કે ખરાબ તેને લઈને વિશ્વભરના લોકોમાં સતત ચર્ચા ચાલતી રહે છે. આ પ્રશ્નનો નક્કર જવાબ હજુ મળી રહ્યો નથી. હવે આનો જવાબ નવા અભ્યાસમાં મળી ગયો છે. લંડનમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સપ્તાહમાં એક અથવા તો બે વખત ઉપવાસની આરોગ્ય પર સારી અસર થાય છે. સપ્તાહમાં એક અથવા તો બે વખત ઉપવાસ કરવાથી લાંબા સમય સુધી જીવી શકાય છે. એજિંગ અંગે નેશનલ ઈન્સ્ટીટ્યુટ ખાતે સંશોધકોએ શોધી કાઢ્યું છે કે સપ્તાહમાં એક અથવા તો બે વખત ઉપવાસ લાંબા આયુષ્ય માટે ચાવીરૂપ છે. કારણ કે આનાથી અલઝેમેરના પાર્કિન્સન અને અન્ય ડિજનરેટિવ બ્રેઈન સ્થિતીથી બચી શકાય છે. બ્રેઈનમાં કેમિકલ મેસેન્જરને પ્રોત્સાહન એ વખતે મળે છે જ્યારે કેલોરી હિસ્સો નિયંત્રિત થઈ જાય છે. લાંબા સમયથી એમ માનવામાં આવે છે ઉંદર અને સસલા પર પ્રયોગ સફળ સાબિત થયા છે. સંશોધકોનો દાવો છે કે માનવી પર પણ એવી જ અસર થઈ શકે છે. પરંતુ થિયોરી ટેસ્ટ કરવા માટે મુશ્કલે અને પડકારરૂપ છે. હવે સંશોધકો ઉપવાસની હકારાત્મક અસરને જાણવામાં સફળ રહ્યા છે. બ્રિટનના જાણીતા અખબાર ડેલી ટેલિગ્રાફે કહ્યું છે કે કેલોરીના હિસ્સાને ઘટાડીને બ્રેઈનને મજબૂત રાખવામાં મદદ મળે છે. પરંતુ ભોજનમાં ઘટાડો કરીને આ બાબતને પાળવી યોગ્ય નથી. અમેરિકન એસોસિએસન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ સાયન્સ મિટીંગમાં આના તારણ હાલમાં જ રજૂ કરવામાં આવ્યા હતા. ઉપવાસ કરવાની સલાહ મોટાભાગના લોકો વારંવાર આપે છે.

# આ પાંચ સંકેત બતાવે છે કે તમારો સંબંધ હંમેશા મજબુત રહેશે

આપણે બધા જાણીએ છીએ કે દરેક સંબંધો પોતાની જગ્યાએ મહત્વપૂર્ણ હોય છે અને તેમના કરતા વધારે મહત્વનું છે તેને નિભાવવું. કોઈકને કોઈક એવું હોય જ છે જે તમારા આદર્શ બને છે અને તમને લાગે કે તેઓ એક સંપૂર્ણ રિલેશનશિપ વાળુ અને સફળ દંપતી છે. આ આદર્શો તમારા માતાપિતા પણ હોઈ શકે છે, જે તમને સફળ સંબંધનું ઉદાહરણ આપે છે. દરેક સંબંધો એવા તબક્કે પહોંચે છે જ્યાં એક વ્યક્તિ તમને એવું મળે છે જેમાં તમને એવું લાગે છે કે તમે એના વગર જીવી શકીશું નહી અને તે જ તમારા માટે જરૂરી બની જાય છે.

કેટલીક બાબતોને સમજવી અને એક ટીમની જેમ તેમના પર સાથે કામ કરવું, ભાગીદારીને પ્રોત્સાહન આપશે. તે તમારા સંબંધોને વધુ મજબૂત બનાવે છે અને સાથે તમારા સપનાને સાકાર કરવામાં મદદ કરે છે. અહીં અમે તમને આવા કેટલાક સંકેતો વિશે જણાવીશું, જે નિશ્ચિત કરે છે કે તમારો સંબંધ લાંબો ચાલશે.

**તમે એક બીજા પર વિશ્વાસ કરો છો**

સંબંધ માટે વિશ્વાસ સૌથી મહત્વપૂર્ણ છે. જેમ કોઈ બાળક તેની માતા પર અને જેના પર તે પ્રેમ કરે છે તેના પર વિશ્વાસ રાખે છે. તમારા જીવનસાથીને જાણવાની જરૂર છે કે તમે વિશ્વાસપાત્ર છો અને મુશ્કેલ સમયમાં તેની સાથે હશો. સંબંધમાંની બધી તિરાડો અને અંતરાલોને દૂર કરવા માટે વિશ્વાસ એ મહત્વનું પરિબળ છે. તે જાણવું મહત્વપૂર્ણ છે કે વિશ્વાસ તમારી સમસ્યાઓ દૂર કરે છે અને આ તમને તમારા જીવનસાથી સાથે સુરક્ષિત અનુભવ કરાવશે. જો તમારા સંબંધોમાં વિશ્વાસ છે તો પછી તમે બંને હંમેશાં એકબીજાની સાથે જ રહેશો.

**તમે એકબીજાથી કંઈપણ છુપાવતા નથી**

વિશ્વાસ પછી જો કોઈ વસ્તુ સૌથી મહત્વપૂર્ણ છે તો તે છે કે તમે બંને મહત્વપૂર્ણ બાબતો એકબીજા સાથે શેયર કરો. રિલેશનશિપમાં એક બીજા માટે સંપૂર્ણ રીતે ઓપન રહેવું તે મહત્વપૂર્ણ છે. પ્રામાણિકતાનો અર્થ એ નથી કે તમારા જીવનસાથી વિશે તમે શું વિચારો છો તે કહેવું. આનો અર્થ એ છે કે દોષ અને ભૂલને શેયર કરવી. તે જાણવું મહત્વપૂર્ણ છે કે શું તમે તમારા જીવનસાથી સાથે પ્રામાણિક અને ઓપન છો? જો જવાબ હા છે, તો તે એક સારો સંકેત છે અને તમે બંને લાંબા સમય સુધી સાથે રહેશો.

**તમે સમાધાન કરો છો?**

સંબંધોમાં તમે ઝઘડાથી બચી શકતા નથી, પરંતુ એક બીજાની વાત સાંભળીને તમે સમાધાન જરૂર કરી શકો છો. સંબંધોમાં લોકોની ટીકા કરવાને બદલે તેણે ખુદ એ બીજાની વાત સાંભળવા માટે પ્રોત્સાહિત થવું જોઈએ. લડત પછી જો તમારા સાથીને એકલા રહેવાની જરૂર હોય તો તેમને થોડા સમય માટે એકલા છોડી દો. તમારે તરત જ મુદ્દા વિશે વાત કરવાની જરૂર નથી. થોડા સમય પછી બંનેએ સાથે વાત કરવી જોઈએ. જો તમારા સંબંધોમાં પણ આવું થાય છે, તો આ એક સારો સંકેત છે.


**તમે તમારા અંતરને ઓળખો**

કોઈ પણ સંબંધમાં લડવું સામાન્ય છે પરંતુ એક બીજાની પસંદગીઓ જાણવી તમારા માટે મહત્વપૂર્ણ છે. તમે બંને અલગ અલગ વ્યક્તિ છો અને જુદી જુદી વિચારસરણી, લાગણીઓ અને માન્યતાઓ છે. પરંતુ તે તમારા પર છે કે સમસ્યાઓનું તમે કેવી રીતે નિરાકરણ કરો છો. જો તમે તમારા જીવનસાથીની વાત સમજો છો અને તેમની ખુશી વિશે નિર્ણય કરો છો, તો પછી તમારા સંબંધ હંમેશા અકબંધ રહેશે.

**એકબીજા માટે નિશ્ચિત સમય બનાવો**

દિવસ દરમિયાન અથવા અઠવાડિયામાં એકબીજાને ચોક્કસ સમય આપવો જરૂરી છે. વધતા અંતરને કારણે તમારા સંબંધો પણ નબળા થઈ શકે છે. આ સમય દરમિયાન વસ્તુઓ કેવી રીતે ચાલી રહી છે તેના વિશે ધ્યાન રાખો. એકબીજાને પૂછો કે શું તમે આ સંબંધથી ખુશ છો? અને તેની ચિંતા કરો છો? તમે આજે અમારા વિશે કેવું અનુભવો છો? શું એવું કંઈ છે જે તમે આજથી અથવા છેલ્લા કેટલાક દિવસોથી અપૂર્ણ અનુભવ કરો છો અથવા વાત કરવા માંગો છો? આ તે વસ્તુઓ છે જે તમારા સંબંધોને મજબૂત બનાવે છે.

# દીપિકા પાદુકોણ-રણવીરસિંહે પીએમ-કેરમાં દાન કર્યું



મુંબઈ

બોલિવૂડના પાવર કપલ તેવા દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે કોરોના વાયરસ સામેની જંગમાં લોકોને મદદ કરવા માટે પોતાનો હાથ લંબાવ્યો છે. દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ પછી પીએમ કેર ફંડ્સમાં પોતાના તરફથી એક રકમ દાન કરી છે. જો કે તેમણે કેટલા રૂપિયાનું દાન કર્યું છે તે તેમણે જાહેર નથી કર્યું. અને આ દાનને ગુપ્તદાન રાખ્યું છે.

રણવીર સિંહે પોતાના સોશિયલ મીડિયા પર આ અંગે એક પોસ્ટ કરીને જાહેરાત કરી હતી. તેણે લખ્યું હતું કે 'હાલની પરિસ્થિતિમાં નાનામાં નાનો પ્રયાસ પણ મહત્વનો છે. અમે પૂરી વિનમ્રતાથી પીએમ-કેર ફંડમાં યોગદાન કરવાનો સંકલ્પ લઈએ છીએ. આશા રાખીએ છીએ કે તમે પણ તેમાં યોગદાન આપશો. આ સંકટના સમયે આપણે બધાએ એક સાથે રહેવાની જરૂર છે. દીપિકા અને રણવીર.'

# શાહરુખ ખાને ક્વોરન્ટીન સુવિધા માટે ચાર માળની ઓફિસ બીએમસીને સોંપી



મુંબઈ

શાહરુખ ખાને હાલમાં જ કોરોનાવાઈરસ સામેની લડાઈમાં વિવિધ પ્રકારે મદદ કરવાની જાહેરાત કરી હતી. હવે, શાહરુખ ખાન તથા ગૌરી ખાન પોતાની ચાર માળની ઓફિસ ક્વૉરન્ટીનની તમામ સગવડો સાથે આપવાની વાત કરી હતી. શનિવારે (૪ એપ્રિલ) સવારે બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ ટ્વીટ કરીને શાહરુખ તથા ગૌરીનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઓફિસમાં ક્વૉરન્ટીનને લઈ તમામ સુવિધાઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

બીએમસીએ ટ્વીટ કરી હતી કે સાથે રહીને મજબૂત બનીશું. અમે શાહરુખ ખાન તથા ગૌરી ખાનનો આભાર વ્યક્ત કરીએ છીએ. બાળકો, મહિલાઓ તથા મોટી ઉંમરના વ્યક્તિ ક્વૉરન્ટીન હેઠળ રહી શકે તે માટે તેમણે પોતાની ચાર માળની ઓફિસ ક્વૉરન્ટીન માટે આપી.નિ:સ્વાર્થ વર્તન. મુંબઈ માટે કંઈ પણ. કોરોનાને ના.

# રીતિક રોશન 'ધ બર્નિંગ ટ્રેન'ની રિમેકમાં લીડ રોલ પ્લે કરે તેવી શક્યતા



મુંબઈ

થોડાં સમય પહેલાં જ જૂનો ચોપરા તથા જેકી ભગનાનીએ ઓફિશિયલી જાહેરાત કરી હતી કે તેઓ રવિ ચોપરાની ફિલ્મ 'ધ બર્નિંગ ટ્રેન' (૧૯૮૦)ની રિમેક બનાવશે. જોકે, એ સમયે આ ફિલ્મમાં કોણ કામ કરશે, તેને લઈ વાત કરવામાં આવી નહોતી. હવે ચર્ચા થઈ રહી છે કે આ ફિલ્મમાં રીતિક રોશનને લેવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મેકર્સ રીતિક રોશન લીડ રોલ પ્લે કરે તેમ ઈચ્છે છે. જૂનો તથા જેકીએ રીતિક રોશનનો સંપર્ક કરવાનું નક્કી કર્યું છે. તેઓ રીતિકને ફિલ્મમાં લેવા માટે ઉત્સુક છે. કોરોનાવાઈરસને કારણે આ ફિલ્મ અત્યારે અટકી ગઈ છે. લૉકડાઉન જેવું પૂરું થશે એટલે પ્રોડ્યૂસર્સ રીતિક રોશન સાથે મિટિંગ કરશે.

ઉલ્લેખનીય છે કે ઓરિજિનલ ફિલ્મમાં ધર્મેન્દ્ર, હેમા માલિની, વિનોદ ખન્ના, પરવીન બાબી, જીતેન્દ્ર, નીતુ સિંહ, ડેની, વિનોદ મેહરા, રણજીત, સિમી ગરેવાલ, ઈફ્તેખાર અને ઓમ શિવપુરી મહત્ત્વના રોલમાં હતા. આ ફિલ્મ ૧૯૭૫માં આવેલ જાપાનીઝ ફિલ્મ 'ધ બુલેટ ટ્રેન'નું અડેપ્ટેશન હતું. 'ધ બર્નિંગ ટ્રેન' ફિલ્મ સુપર એક્સપ્રેસ નામની ટ્રેન આસપાસ ફરે છે. નવી દિલ્હીથી મુંબઈની પહેલી જ જર્નીમાં ટ્રેનમાં આગ લાગી જાય છે. ફિલ્મને રવિ ચોપરાએ ડિરેક્ટ કરી હતી.

# ફરી એકવાર ટીવી પર ભારત-પાકિસ્તાનની મેચ જોવા મળશે..!!



મુંબઈ

જ્યારે ભારત અને પાકિસ્તાનની ટીમો ક્રિકેટના મેદાન પર છે ત્યારે વાતાવરણ કોઈ યુદ્ધ કરતા ઓછું નથી અને જો વર્લ્ડ કપમાં હોય તો શું કહેવું. જ્યાં સુધી આઈસીસી વનડે વર્લ્ડ કપની વાત છે, ભારત પાકિસ્તાન સામે ક્યારેય હાર્યું નથી. હાલ દેશભરમાં ૨૧ દિવસથી લોકડાઉન ચાલી રહ્યું છે, આવી સ્થિતિમાં ક્રિકેટ ચાહકો માટે ટીવી પર એક સુવર્ણ તક આવી રહી છે. વર્લ્ડ કપમાં પાકિસ્તાનની કામયાબીને ભારતીય ફેન્સ આગામી ૭ દિવસ સુધી તેમના ટીવી પર જોઈ શકે છે.

૧૪ એપ્રિલ સુધી આખું ભારત બંધ છે અને દેશની સરકારે લોકોને ઘરે જ રહેવાની સૂચના આપી છે. હાલમાં વિશ્વમાં ક્રિકેટ સહિતની તમામ રમતોત્સવ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ક્રિકેટ ચાહકોએ ઘરે બેસીને કંટાળો ન આવે અને ફુરસદની ક્ષણોનો આનંદ માણે. આ માટે સ્પોર્ટસ ચેનલ 'સ્ટાર સ્પોર્ટ્સ' એ ચાહકો માટે એક મહાન અભિયાન શરૂ કર્યું છે. આવતા એક અઠવાડિયા માટે, ચેનલ 'મૌસમ મેનિયા' સીઝન લાવશે. જે એપ્રિલના પહેલા શનિવારથી શરૂ થશે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી ક્રિકેટ મેચની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. તેથી જ રમતો ચેનલ આ લોકડાઉનમાં ફ્રી સમયને કેવી રીતે પસાર કરવો તેવા પ્રયાસ કરી રહી છે. આ પ્રસંગે, બંને પાડોશી દેશો વચ્ચે આઇસીસી વર્લ્ડ કપ, આઇસીસી ટી ૨૦ વર્લ્ડ કપ અને એશિયા કપની ઘણી જૂની મેચ ફરીથી ટેલિકાસ્ટ કરવામાં આવશે..

'મૌસમ મેનિયા' શનિવારથી ૪ એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યું છે, જે અંતર્ગત આઈસીસી વર્લ્ડ કપમાં પાકિસ્તાન વિરુદ્ધ જીતેલી તમામ ૭ મેચનો પ્રસારણ કરવામાં આવશે. મેચ સવારે ૧૧ વાગ્યાથી સ્ટાર સ્પોર્ટ્સ ૧, સ્ટાર સ્પોર્ટ્સ ૧ એચડી સ્ટાર સ્પોર્ટ્સ ૧ હિન્દી, સ્ટાર સ્પોર્ટ્સ ૨, સ્ટાર સ્પોર્ટ્સ ૨ એચડી, સ્ટાર સ્પોર્ટ્સ FIRST ચેનલો પર પ્રસારિત કરવામાં આવશે.

# ઈંગ્લેન્ડની પુરુષ-મહિલા ક્રિકેટ ટીમ પગારમાં કાપ મૂકવા તૈયાર: ૪.૬૮ કરોડ દાન કર્યા



લંડન

કોરોના વાયરસે આખી દુનિયામાં કહેર મચાવ્યો છે. આ વચ્ચે ઈંગ્લેન્ડની પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમ પોતાના પગારમાં કાપ કરવા તૈયાર થઈ છે અને ૫ લાખ પાઉન્ડ (લગભગ ૪.૬૮ કરોડ રૂપિયા) કોરોના વિરુદ્ધના જંગમાં ડોનેટ કરવાનો નિર્ણય લીધો છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડે ક્રિકેટરો સમક્ષ પગારમાં ૨૦ ટકા ઘટાડાની વાત કરી હતી અને તેમના જવાબની રાહ જોઈ રહ્યું હતું.

પાંચ લાખ પાઉન્ડ મેન્સ ક્રિકેટ ટીમની ૨૦ ટકા પગાર કાપ બરોબર છે. ત્યારબાદ મહિલા ક્રિકેટ ટીમે પણ નિર્ણય લીધો છે કે તે એપ્રિલ, મે, જૂનની સેલેરીમાં કાપ મુકશે. ખેલાડીઓએ કહ્યું કે, ઈંગ્લેન્ડના તમામ કોન્ટ્રાક્ટ ક્રિકેટરોની બેઠક બાદ નિર્ણય લેવામાં આવ્યો કે ઈસીબીના આ સારા કામ માટે ૫ મિલિયન પાઉન્ડ ડોનેશન એમાઉન્ટ શરૂઆતમાં આપવામાં આવશે. જેનો અર્થ થયો કે ઈંગ્લેન્ડના ક્રિકેટર ત્રણ મહિલાના પગારમાં ૨૦ ટકા કાપ મુકી રહ્યા છે.

ખેલાડીઓએ કહ્યું કે, સમાજ અને રમત પર આ મહામારીની ખરાબ અસરને લઈને તે ઈસીબી સાથે ચર્ચા કરતા રહેશે અને તેમાં ઈસીબીને સપોર્ટ પણ કરશે. કેટલાક ક્રિકેટર આ અગાઉથી જ કોરોના વિરુદ્ધની જંગમાં દાન આપી રહ્યા છે. બટલર પોતાની ૨૦૧૯ વર્લ્ડકપ ફાઇનલની મેચમાં પહેરેલી ટી-શર્ટની હરાજી કરશે અને તેમાંથી આવતા રૂપિયા દાનમાં આપી દેશે.

# કોરોના ઈફેક્ટ: ઓસ્ટ્રેલિયાના ૮ ક્રિકેટરોના લગ્ન મોકૂફ



મેલબર્ન

કોવિડ-૧૯ મહામારીની અસર જ્યાં એકબાજુ મોટી સ્પોર્ટ્સ ઈવેન્ટ પર પડી છે તો બીજી તરફ લોકોની પ્રાઈવેટ લાઈફ પણ આનાથી પ્રભાવિત થઈ રહી છે. આવામાં ઓસ્ટ્રેલિયાના ૮ એવા ક્રિકેટર કે જેમના લગ્ન પર આ ઘાતક વાયરસની અસર પડી છે અને આને સ્થગિત કરવા પડશે.ચીનથી ફેલાયેલા આ વાયરસને ડબલ્યુએચઓએ આ વાયરસને મહામારી જાહેર કરી છે અને ટોક્યો ઓલમ્પિક, યૂરો કપ, આઈપીએલ, ફીફા અંડર-૧૭ મહિલા વર્લ્ડ કપ જેવી મોટી-મોટી સ્થિત કરવામાં આવી છે. એક રિપોર્ટ અનુસાર, ઓસ્ટ્રેલિયાના યુવા સ્પિનર એડમ જમ્પા સહિત ૮ ક્રિકેટરોને કોરોના વાયરસને લઈને પોતાના લગ્ન સ્થગિત કરવા પડ્યા છે.

ઓસ્ટ્રેલિયાના પેસર જેક્સન બર્ડ, એન્ડ્રયૂ ટાઈ, ડાર્સી શોર્ટ, જેસ જોનસન, કેટલિન ફ્રેટ, એલેસ્ટર મેક્ડરમોટ અને મિશેલ સ્વેપ્સનને પોતાના લગ્ન અત્યારે બંધ રાખવા માટે મજબૂર થવું પડ્યું છે. ક્રિકેટ શિડ્યુલને લઈને ઓસ્ટ્રેલિયામાં મોટાભાગના ક્રિકેટર એપ્રીલમાં જ લગ્ન કરે છે. આ દરમિયાન ક્રિકેટ સીઝન પણ ખતમ થઈ રહી હોય છે.

# લોકડાઉનમાં રામાયણ જોનારા લોકો સ્વાર્થી છે: કવિતા કૌશિક

મુંબઈ


અત્યારે સમગ્ર દુનિયામાં કોરોના વાયરસ કહેર વર્તાવી રહ્યો છે. એવામાં ભારતને પણ કોરોનાએ ચપેટમાં લીધું છે. વાયરસથી બચવા માટે હાલ દેશમાં ૨૧ દિવસનું લોકડાઉન ચાલી રહ્યું છે. જેથી લોકો ઘરમાં જ કેદ છે. એવામાં દૂરદર્શને દર્શકોના મનોરંજન માટે ૮૦ અને ૯૦ના દાયકાના સુપરહિટ શો રામાયણને રિ-ટેલિકાસ્ટ કર્યું છે, જેને દર્શકો ખૂબ જ પસંદ કરી રહ્યાં છે. રામાયણ ખૂબ જ આનંદથી લોકો જોવા લાગ્યા છે. ત્યારે સબ ટીવી પર આવતી FIRની એક્ટ્રેસ કવિતા કૌશિકને આ વાત ગમી નથી રહી. કવિતાએ રામાયણ



સીરિયલ જોતાં લોકોને આડે હાથ લીધા છે.

કવિતાએ એક ટ્વિટ કરીને લખ્યું, પ્રભુ અમારા જેવા મૂર્ખ અને સ્વાર્થી લોકોને માફ કરજો. અમને તમારી અને તમારી સીરિયલની ત્યારે યાદ આવી જ્યારે એક મહામારી આવી છે. નહીંતર અમે લોકો તો બિગ બોસ અને રોડીઝમાં ડૂબેલા હતા. કવિતાના આ વાત પર ઘણાં લોકો સમંત થયા તો કેટલાક તેને ખોટી ગણાવી. એક યુઝરે કહ્યું-આ વાત એકદમ સાચી છે, ત્યારે બીજાએ કહ્યું-અત્યારે બધાં બિગબોસના ઘરમાં જ છે.

# કોરોના મદદ: ફૂટબૉલ સ્ટાર નેયમારે ૧ મિલિયન ડોલરનું કર્યું દાન



રિયો ડી જાનેરો

દુનિયામાં કોરોનાની મહામારી ફેલાઈ છે, ત્યારે ફૂટબૉલ સ્ટાર નેયમારે આર્થિક મદદ કરી છે. નેયમારે યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ)ને અને બાકીનો ભાગ ચેરિટેબલ ફંડમાં આપ્યો છે. આ માટે નેયમારે કોવિડ-૧૯ સામેની લડાતમાં ૧ મિલિયન ડોલરનું દાન કર્યું છે.

પેરિસ સેન્ટ-જર્મન સ્ટાર, વિશ્વના ત્રીજા ક્રમાંકે સૌથી વધુ કમાણી કરનાર ફૂટબોલર નેયમારે યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ)ને ૧ મિલિયન ડોલર નાણાંનો એક ભાગ દાનમાં આપ્યો અને બાકીનો ભાગ ચેરિટેબલ ફંડમાં આપ્યો છે. જો કે, આ અંગે ચેરિટેબલ ટ્રસ્ટે કહ્યું કે, "અમે દાન અથવા રકમ વિશે ક્યારેય વાત કરતા નથી."

ગત સપ્તાહે નેયમાર એક વર્લ્ડ સર્ફિંગ ચેમ્પિયનમાં જરૂરિયાતમંદો માટે ભંડોળ આપવાની વાત કરી હતી. નેયમાર પેરિસ સેન્ટ, જર્મનમાં રહી એક મહિનામાં ત્રણ મિલિયન યુરો (ઁ ૩.૨ મિલિયન) કમાય છે.

# માર્યા પસંદગીનો કોચ રિકી પોન્ટિંગ: રોહિત શર્મા



મુંબઈ

ટીમ ઈન્ડિયાના ઓપનિંગ બેટ્સમેન અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ફ્રેન્ચાઈઝી ટીમ મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માએ તેના પસંદગીના કોચનું નામ જણાવ્યું છે. તેણે શાસ્ત્રી નહીં પણ ઓસ્ટ્રેલિયાનો પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગ તેની પસંદગીનો કોચ હોવાનું કહ્યું હતું. રોહિત શર્મા પોન્ટિંગની કેપ્ટનશિપમાં રમી ચુક્યો છે.

૨૦૧૩માં રિકી પોન્ટિંગે અચાનક મુંબઈ ઈન્ડિયન્સની કેપ્ટનશિપ છોડી દીધી હતી. સીઝન વચ્ચેથી પોન્ટિંગે કેપ્ટનશિપ છોડતાં રોહિત શર્માને સુકાની પદ સોંપાયું હતું. રોહિતે પીટરસન સાથે લાઈવ ચેટ દરમિયાન કહ્યુ, રિકી પોન્ટિંગ મેજિક છે. જ્યારે તે કેપ્ટન હતા અને જે રીતે તેમણે ટીમને હેન્ડલ કરી હતી અને મને સુકાની પદ સોંપ્યું હતું તે માટે ખૂબ હિંમત જોઈએ. આ પછી પણ જે રીતે ટીમના સપોર્ટ સ્ટાફ સાથે જોડાયેલા રહ્યા અને યુવા ક્રિકેટરો તથા મને પ્રેરિત કરતા રહ્યા તે શાનદાર હતું. હું તેમની પાસેથી ઘણું શીખ્યો છું. તે અલગ પ્રકારના વ્યક્તિ છે.

# એકતા કપૂરે ઈન્ડસ્ટ્રીના વર્કર્સ માટે એક વર્ષનો પગાર નહીં સ્વિકારે



મુંબઈ

એકતા કપૂરે મહામારી કોરોના વાઈરસથી અસરગ્રસ્ત ઈન્ડસ્ટ્રીના વર્કર્સની મદદ માટે એક નવો જ પ્રયોગ કર્યો છે. બાલાજી ટેલિફિલ્મ્સના તેના સાથી વર્કર્સની મદદ માટે તેણે આર્થિક સહાય કરી છે. એકતા કપૂરે તેમને નાણાકીય મદદ માટે અલગથી ડોનેશન કર્યું નથી પણ ખુદની સેલરી કાપી છે જેથી તેમને કોઈ તકલીફ ભોગવવી ન પડે. એકતા કપૂરે તેની ૧ વર્ષની ૨.૫ કરોડ રૂપિયાની સેલરી ન લેવાનો નિર્ણય લીધો છે. તેને પોસ્ટ કરીને આ વાત શેર કરી હતી. પોસ્ટમાં લખ્યું હતું કે, કોરોના સંકટની અસર ઘણી વધુ છે. આપણે આપણા દેશમાં રહેલ લોકોની તકલીફ ઓછી થાય તે માટે કંઈક કરવું જોઈએ. આ મારી પહેલી અને અગત્યની જવાબદારી છે કે બાલાજી ટેલિફિલ્મ્સમાં કામ કરનાર ફ્રીલાન્સર્સ અને રોજમદાર કામદારો અને જે લોકો અણધાર્યા સમય સુધી શૂટિંગ બંધ થવાના કારણે ઘણી મુશ્કેલીમાં રહેવાના છે તેમની કાળજી લેવી. માટે હું બાલાજી ટેલિફિલ્મ્સનો મારા એક વર્ષનો પગાર જે ૨.૫ કરોડ રૂપિયા છે તે જતો કરું છું. જેથી મારા સાથી કર્મચારીઓને આ ક્રાઈસિસ અને સંપૂર્ણ લોકડાઉનમાં તકલીફ ભોગવવી ન પડે.

# સોનમ અને આનંદ આહુજા બનશે નિર્માતા

મુંબઈ

અભિનેત્રી સોનમ કે આહુજા લગ્ન પછી હવે આ નામે જ ઓળખાવા માગે છે. અત્યારે તે તેના પતિ અને વ્યાવસાયિક આનંદ આહુજા સાથે આઈસોલેશનમાં છે. સોનમ તેની મમ્મી પાસેથી વિડિયો કોન્ફરન્સ દ્વારાનવી નવી રેસિપિઝ શીખીને તેના પતિ માટે રસોઈ બનાવીને તેને રીઝવી રહી છે. જોકે, આ તો થઈ ખાણી-પીણીની વાત, પણ આના સિવાય પણ બંને વચ્ચે કંઈક રંધાઈ રહ્યું છે. અને તેમાંથી એ નવો ફણગો ફૂટ્યો છે ફિલ્મનો. સોનમ અને આનંદ બંને મળીને હવે ભાગીદારીમાં ફિલ્મ પ્રોડક્શન કંપની ખોલવા માગે છે અને ૨૦૨૧માં ફિલ્મ બનાવશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સોનમની ભાગીદારી તેની બહેન રીયા કપૂરના પ્રોડક્શન હાઉસમાં પણ છે અને તે ચાલુ રહેશે. પણ સોનમ હવે તેના પતિ આનંદ સાથે જોડાઈને ફિલ્મો બનાવવા માગે છે. જોકે, આનંદ કંઈ ફિલ્મ નિર્માણમાં પૈસાનું રોકાણ નહીં કરે.

### અમેરિકન કન્સલ્ટિંગ ફર્મ બોસ્ટન ગ્રુપે કરેલ નવા અભ્યાસ પ્રમાણે

# ભારતમાં લૉકડાઉનનો સમય સપ્ટેમ્બર સુધી લંબાઈ શકે છેઃ રિપોર્ટ

વોશિંગ્ટન

અમેરિકન કન્સલ્ટિંગ ફર્મ બોસ્ટન કન્સલટિંગ ગ્રુપ તરફથી કરવામાં આવેલા એક નવા સ્ટડી રિપોર્ટ પ્રમાણે, કોરોના વાઈરસના પગલે ભારતમાં લાગૂ કરવામાં આવેલ લૉકડાઉનને સપ્ટેમ્બરના મધ્ય સુધી વિસ્તારવામાં આવી શકે છે. મીડિયામાં છપાયેલા બીસીજી રિપોર્ટના આધારે જણાવામાં આવ્યું છે કે, ભારત જૂનના ચોથા અઠવાડિયા અને સપ્ટેમ્બરના બીજા સમાહ વચ્ચે રાષ્ટ્રવ્યાપી લૉકડાઉનને હટાવવાનું શરૂ કરશે.

રિસર્ચમાં કહેવામાં આવ્યું છે કે, દેશમાં સ્વાસ્થ્ય સેવાની તૈયારી અને સુવિધાને પ્રભાવશાશી બનાવવી પ્રતિબંધ હટાવવામાં વિલંબનું કારણ હોઈ શકે છે. રિપોર્ટમાં એવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, ભારતમાં જૂનના ત્રીજા સમાહ સુધી કોવિડ-૧૯ ના કેસો વધી શકે છે.

અમેરિકન કન્સલ્ટિંગ ફર્મ બીસીજી રિપોર્ટ કોરોના મહામારીને ફેલાતી રોકવાના ઉપાયો પર આધારિત છે. આ રિપોર્ટ ૨૫ માર્ચ સુધીના અંદાજાના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. જે જહોન હૉપકિન્સ યુનિવર્સિટીના ડેટાનું અનુમાન લગાવવાના મૉડલ પર આધારીત છે.

આ રિપોર્ટમાં દેશની સ્થિતિ, તે સંપૂર્ણ લૉકડાઉનમાં છે કે કેમ? સંભવિત લૉકડાઉનની શરૂઆતની તારીખ, સબંધિત દેશો માટે પીક ડેટ્સ અને લૉકડાઉન સમાપ્ત થવાની તારીખ જેવા માપદંડો પર કોવિડ-૧૯થી સબંધિત લૉકડાઉન પૂરૂ થવાની અંદાજિત તારીખ દર્શાવવામાં આવી છે.

### ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગીનું નિવેદન

# લોકડાઉન પૂર્ણ થયા બાદ લોકો માસ્ક વિના ઘરની બહાર નહિ નીકળી શકે

લખનૌ

કોરોના વાઈરસને લઈને દેશભરમાં સંપૂર્ણ લોકડાઉન છે. કેન્દ્ર સરકારની સાથે બધી રાજ્ય સરકારો જનતાને જોખમ પ્રત્યે જાગરુક કરતાં તેમને વાઈરસના ચેપથી બચાવવા માટે દરેક સંભવ પગલાં ભરી છે. ઉત્તર પ્રદેશની યોગી સરકાર રાજ્યની ૨૩ કરોડ જનતા માટે માટે ૬૬ કરોડ ખાદીના વિશેષ ખાદી માસ્ક બનાવશે. રાજ્યના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું કે લોકડાઉન પૂરું થયા પછી માસ્ક લગાવ્યા વિના લોકોને ઘરેથી બહાર નીકળવાની અનુમતિ નહીં હોય.

મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું કે રાજ્ય સરકાર જનતા માટે ૬૬ કરોડ ખાદીના ટ્રિપલ લેયર વિશેષ માસ્ક બનાવશે. આ ટ્રિપલ લેયર સ્વદેશી ખાદીનાં માસ્ક ઉત્તર પ્રદેશની બ્રાન્ડ હશે. આ માસ્ક ગરીબોને મફતમાં અપાશે. બાકીના લોકોને માસ્ક ઘણા સસ્તા મળશે. આ માસ્ક રિયુઝ વોશેબલ હશે. રાજ્યના દરેક નાગરિકને બે-બે માસ્ક આપવામાં આવશે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે જો ૧૪ એપ્રિલે લોકડાઉન પૂરું થાય છે ત્યારે મહામારી અધિનિયમ (એપિડેમિક ડિઝીસ એક્ટ) હેઠળ સૌએ માસ્ક પહેરવા પડશે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથનો નિર્દેશ છે કે વગર માસ્કે ઘરની બહાર નીકળવાની બિલકુલ મંજૂરી નહીં હોય.

### આગામી દિવસોમાં સ્થિતિ વધારે બદતર થઈ શકે છે

# અશાંત દેશોમાં કોરોના તબાહી ફેલાવશેઃ યુએનની ચેતવણી

સંયુક્ત રાષ્ટ્રસંઘ

રાષ્ટ્રસંઘના વડા એન્ટોનિયોએ આજે જણાવ્યું હતું કે જે દેશો અશાંતિમાંથી પસાર થઈ રહ્યા છે, તેમણે ચેતવાની જરૂર છે. આવા દેશોની સ્થિતિ આગામી દિવસોમાં વધારે બદતર થઈ શકે છે. લિબિયા, સિરિયા, યમન જેવા દેશો વર્ષોથી ગૃહયુદ્ધ લડી રહ્યા છે અને અમુક કેસોમાં સરહદી સંઘર્ષ પણ ચાલુ છે. ત્યાં કોરોના ફેલાવાની શરૂઆત થયા પછી અટકવો મુશ્કેલ થઈ પડશે, એવી ચેતવણી રાષ્ટ્રસંઘે આપી હતી. માટે આ ત્રણ અને અન્ય દેશો પણ અત્યારે શાંતિ જાળવે, એવી અપીલ એન્ટોનિયોએ કરી હતી.

વિશ્વમાં કુલ ૧,૦૯૯,૫૭૨ જેટલા કેસ કોરોનાનાં છે. આ ઉપરાંત ૫૯,૧૬૩ જેટલા મૃત્યુ નોંધાયા છે. વિશ્વમાં સૌથી વધુ કેસ અમેરિકામાં છે જ્યારે બીજા નંબરે ઈટાલી અને સ્પેન છે. ઈટલીમાં કોરોના ૧.૨૦ લાખ અને સ્પેનમાં ૧.૧૯ લાખ લોકો સંક્રમિત છે. વધુમાં કોરોનાને કારણે ઈટલીમાં ૧૪,૬૮૧ લોકોના મોત થયા છે. તો સ્પેનમાં ૧૧,૧૯૮ લોકોના મોત થયા છે. જર્મનીમાં પણ ૯૧,૧૫૯ કોરોના પોઝિટિવ કેસ છે.

કોરોનાને કારણે બંધ પડેલા ધધા-રોજગારથી અમેરિકામાં માર્ચ મહિનામાં ૭ લાખ લોકોએ નોકરી ગુમાવી હતી. અમેરિકી સરકારના લેબર ડિપાર્ટમેન્ટે આજે આંકડા રજૂ કર્યા હતા. ૨૦૦૯ પછી એક જ મહિનામાં નોકરી ગુમાવનારાનો આ સૌથી મોટો આંકડો છે.

# ધોની ઈચ્છતો ન હતો કે વિરાટ કોહલી ભારત તરફથી રમેઃ દિલીપ વેંગસકર



મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ ચીફ સિલેક્ટર દિલીપ વેંગસરકરે મહેન્દ્રસિંહ ધોની અને ટીમ ઈન્ડિયાના વર્તમાન કેપ્ટન વિરાટ કોહલીના સંબધોને લઈને મહત્વનો ખુલાસો કર્યો છે. ક્રિકેટ્રેકરના રિપોર્ટ પ્રમાણે દિલીપ વેંગસરકરે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે એક સમય હતો જ્યારે ધોની ઈચ્છતો ન હતો કે વિરાટ કોહલી ભારત માટે ક્રિકેટ રમે.૬૩ વર્ષના પૂર્વ ક્રિકેટરે કહ્યું હતું કે આ ૨૦૦૮ની વાત છે જ્યારે પસંદગીકાર અંડર ૨૩ ટીમના ખેલાડીઓને પસંદ કરવા પર સહમત થયા હતા. ત્યારે ભારતે અંડર-૧૯ વર્લ્ડ કપ જીત્યો હતો. આ પછી પસંદગીકારોએ શાનદાર પ્રદર્શન કરનાર ટીમના કેપ્ટન વિરાટ કોહલીને પસંદગી કરી હતી. ત્યારે ટીમે શ્રીલંકાનો પ્રવાસ કરવાનો હતો. ત્યારે કોચ ગેરી કર્સ્ટન અને અને કેપ્ટન ધોનીએ કહ્યું હતું કે અમે વિરાટને રમતા જોયો નથી. જેથી અમે તેને રમાડી શકીએ નહીં. અમે જૂની ટીમ સાથે ઉતરીશું. ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ બેટ્સમેન દિલીપ વેંગસરકરે કહ્યું હતું કે મેં ધોની અને ગેરીને કહ્યું હતું કે તમે તેને રમતા જોયો નથી પણ મેં જોયો છે, આપણે આ છોકરાને લેવો જોઈએ. મને લાગતું હતું કે કોહલીનો શ્રીલંકા સામે જવાનો તે યોગ્ય સમય હતો પણ ધોની અને ગેરીએ મારા નિર્ણય પર સહમતિ વ્યક્તિ કરી ન હતી. તે બંનેએ વિરાટને રમતો જોયો ન હતો.

### મોંઘવારી દર ૩.૨ ટકા સુધી પહોંચી શકે છે,પુરવઠો ઘટવાને કારણે ભાવ વધવાની આશંકા

# કોરોના સંકટને કારણે દેશમાં મોંઘવારીનો બૉંબ ફૂટશેઃ એડીબીનું અનુમાન

ન્યુ દિલ્હી

એશીયાઈ વિકાસ બેંક એટલે કે એડીબીએ એવુ અનુમાન આપ્યુ છે કે કોરોના સંકટના કારણે દેશમાં મોંઘવારી વધશે. આ બેંકના અનુમાન અનુસાર ખાવા-પીવાની ચીજોના ભાવમાં વધારો થવાને કારણે ૨૦૨૦માં મોંઘવારી વધશે અને આવતા વર્ષ એટલે કે ૨૦૨૧માં તે ઘટવી શરૂ થશે.

બેંકના રીપોર્ટ અનુસાર વર્ષના પ્રથમ ૬ મહિના વધુ પડકાર રહી શકશે અને તે પછીના ૬ મહિનામાં સ્થિતિ સુધરે તેવી શકયતા છે. રીપોર્ટ અનુસાર પ્રાદેશિક મોંઘવારી વર્ષ ૨૦૧૮માં ૨.૫ ટકાથી વધી ૨૦૧૯માં ૨.૯ ટકા પર પહોંચી હતી. આની પાછળનું મોટુ કારણ ભારતમાં ખાવાપીવાની ચીજો અને ખાસ કરીને શાકભાજીના ભાવોમાં વધારો હતો.

જો કે મોંઘવારી પાછલા ૧૦ વર્ષના સરેરાશ ૩.૩ ટકાની નીચે રહી છે પરંતુ હવે આ આંકડો ૩.૨ ટકા સુધી પહોંચી શકે છે. જો કે ૨૦૨૧માં આર્થિક ગતિવિધિ નબળી રહેવાથી મોંઘવારી ઘટીને ૨.૩ ટકા પર પહોંચે તેવુ અનુમાન છે. દેશમાં મોંઘવારી વધવા પાછળનું મોટુ કારણ પુરવઠાની ચેઈનમાં ખામીઓને માનવામાં આવે છે. નિષ્ણાંતો કહે છે કે ખાવાપીવાની ચીજો અને શાકભાજી દેશમાં એક રાજયથી બીજા રાજયમાં થઈને સમગ્ર દેશમાં વેચાય છે. આ આધારે માંગ અને પુરવઠા વચ્ચે સંતુલન રહેતુ નથી. હાલ આ ચેઈન સંપૂર્ણ રીતે તૂટી ગઈ છે.

# ક્વૉરન્ટાઈનના અંતિમ દિને પુરૂષે ઘરકંકાસથી કંટાળી આત્મહત્યા કરી

પાલનપુર

રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ કોવિડ૧૯નો ચેપ ન પ્રસરાય તે હેતુથી સરકાર દ્વારા પ્રવાસ કરીને આવેલા લોકોને ક્વૉરન્ટાઈનમાં રાખવામાં આવ્યા છે. દરમિયાન આવો જ એક પરિવાર ઉત્તર ગુજરાતના પાલનપુરમાં હોમ ક્વૉરન્ટાઈનમાં રાખવામાં આવ્યો હતો. જોકે, આ પરિવારમાં ચાલી રહેલા ઘરકંકાસથી કંટાળીને પરિવારના મોભી વિનોદ ચોરસીયાએ ગળેટૂંપો દઈ આત્મહત્યા કરી લેતા ત્રણ સંતાનો નિરાધામ બન્યા છે.

બનાવની વિગત એવી છે કે પાલનપુરની સત્યમ સોસાયટીમાં રહેતા વિનોદ ચોરસીયા મોરબીથી ઘરે પરત આવ્યા હતા. દરમિયાન આરોગ્ય વિભાગના નિયમો મુજબ તેમના ઘરની બહાર ૨૦મી માર્ચથી સ્ટીકર લગાડી અને તેમને ૩ એપ્રિલ સુધી હોમ ક્વૉરન્ટીનમાં રાખવામાં આવ્યા હતા. નોવેલ કોરોના વાયરસના ચેપની બીકે આ મૃતક ચોરસીયા હૉમ ક્વૉરન્ટાઈનમાંથી બહાર આવ્યો એ જ દિવસે અંતિમ પગલું ભરતા હાહાકાર મચી ગયો હતો.

બનાવની વિગત એવી છે કે પાલનપુરની સત્યમ સોસાયટીમાં રહેતા વિનોદ ચોરસીયા મોરબીથી ઘરે પરત આવ્યા હતા. દરમિયાન આરોગ્ય વિભાગના નિયમો મુજબ તેમના ઘરની બહાર ૨૦મી માર્ચથી સ્ટીકર લગાડી અને તેમને ૩ એપ્રિલ સુધી હોમ ક્વૉરન્ટીનમાં રાખવામાં આવ્યા હતા. નોવેલ કોરોના વાયરસના ચેપની બીકે આ મૃતક ચોરસીયા હૉમ ક્વૉરન્ટાઈનમાંથી બહાર આવ્યો એ જ દિવસે અંતિમ પગલું ભરતા હાહાકાર મચી ગયો હતો.

# ફિક્સિંગ કરનારાઓને ફાંસીએ લટકાવી દેવા જોઈએઃ મિયાંદાદ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના દિગ્ગજ ક્રિકેટર જાવેદ મિયાંદાદનું માનવું છે કે જે ખેલાડી ક્રિકેટમાં ભ્રષ્ટાચાર કરે તેને સજા તરીકે ફાંસી આપવી જોઈએ તેમણે યુટ્યુબ ચેનલ પર એક વીડિયોમાં કહ્યું છે કે જે પણ ક્રિકેટર આ રમતમાં ફિક્સિંગ કરે છે તે તેના પરિવારની સાથે છેતરપીંડિ કરે છે.



મિયાંદાદે કહ્યું કે, "ફિક્સિંગમાં સામેલ ક્રિકેટરોને આકરી સજા થવી જોઈએ." બોર્ડે એક ઉદાહરણ રજૂ કરવું જોઈએ અને આવા ખોટા કર્મીઓને અટકવા જોઈએ. તેણે કહ્યું, 'લોકો ક્રિકેટમાં જોડાય છે. જ્યારે તમે સિક્સ મારશો કે જીતશો ત્યારે પાકિસ્તાન-પાકિસ્તાન સમગ્ર વિશ્વમાં પડઘો પાડે છે, લોકો ઉજવે છે. આ ગુનો કોઈની હત્યા જેટલો મોટો છે અને હત્યાની સજા પણ હત્યા છે.' નથી અને આવા લોકોને જીવવાનો અધિકાર નથી. '

તેમણે કહ્યું, 'ખેલાડીઓ માટે પહેલા ફિક્સિંગ, તેમાંથી પૈસા કમાવવા અને પછી તેમના જોડાણો સાથે ટીમમાં પાછા ફરવા જેવી ખોટી બાબતો કરવી સરળ છે. જો કોઈ ભૂલ કરે છે, તો તેઓ માફી માંગશે, તેથી બોર્ડે એક ઉદાહરણ બેસાડવું જોઈએ.

### ધ્વજ અડધી કાઠીએ ફરકાવ્યો

# કોરોના મહામારીઃ ચીને ત્રણ મિનિટ સુધી મૌન પાળી શ્રદ્ધાંજલિ આપી



બીજિંગ

ચીનમાં શનિવારે એકાએક રસ્તા પર વાહનોના પૈડા થંભી ગયા હતા. વહેલી સવારે આર્મીના વિમાનોએ સાયરસ વગાડતા જ સમગ્ર દેશમાં ત્રણ મિનિટ સુધી મૌન પાળવામાં આવ્યું હતું. કોરોના વાયરસનો ભોગ બનનારા લોકો તેમજ તેની લડાઈ લડતા શહીદ થયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપવા ચીનના રાષ્ટ્રપતિ સહિત દેશવાસીઓએ ત્રણ મિનિટનું મૌન પાળ્યું હતું. ચીનમાં કોરોના વાયરસ ફેલાવાની આગાહી કરનાર વ્હિસલબ્લોઅર ડો. લિ વેનલિઆંગ ઉપરાંત ૩,૩૦૦ જેટલા મૃતકોને મૌન શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

લોકોએ પોતાની છાતિ પર ફૂલ પ્રતિકરૂપે લગાવ્યું હતું. ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સહિત અન્ય નેતાઓએ રાષ્ટ્રધ્વજ સામે ઉભા રહીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. કોરોના વાયરસ ચીન સહિત વિશ્વના ઈતિહાસમાં સૌથી વધુ ખતરનાક મહામારી પુરવાર થઈ છે.

પાટનગર બેઈજિંગમાં લોકો રસ્તાઓ પર ઉભા રહી ગયા હતા. ખાસ કરીને હુબેઈ અને કોરોના વાયરસના એપીસેન્ટર સમાન વુહાનમાં લોકોએ મૃતકો અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. શનિવારે દેશના તમામ સરકારી સ્થળો ઉપરાંત એમ્બેસીસ, વિદેશીમાં રહેલા કોન્સ્યુલેન્ટ્સમાં ચીનના રાષ્ટ્રધ્વજને અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. દેશભરમાં તમામ જાહેર કાર્યક્રમો રદ કરવામાં આવ્યા હતા.

# પરેશ રાવલનો પુત્ર આદિત્ય 'બમફાડ' ફિલ્મથી એક્ટિંગ ડેબ્યૂ કરશે

મુંબઈ

પરેશ રાવલનો દીકરો આદિત્ય રાવલ એક્ટિંગ ફિલ્ડમાં ડેબ્યૂ કરી રહ્યો છે. ડિજિટલ પ્લેટફોર્મ ઝી-૫ પર ૧૦ એપ્રિલના રોજ આદિત્ય રાવલની ફિલ્મ 'બમફાડ' સ્ટ્રીમ કરવામાં આવશે. આ ફિલ્મને રંજન ચંદેલે ડિરેક્ટ કરી છે. રંજન આ ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યાં છે. ફિલ્મમાં આદિત્યની સાથે 'અર્જુન રેડ્ડી' ફેમ શાલિની પાંડે છે. શાલિની પણ આ ફિલ્મથી ડિજિટલ ડેબ્યૂ કરી રહી છે.

ફિલ્મ અલ્હાબાદ (હાલમાં પ્રયાગરાજ)ના બેકડ્રોપ પર આધારિત છે. ફિલ્મમાં આદિત્યે નસીર જમાલનો રોલ પ્લે કર્યો છે, જ્યારે શાલિનીએ નીલમની ભૂમિકા ભજવી છે. અનુરાગ કશ્યપે ફિલ્મનું પોસ્ટર સોશિયલ મીડિયામાં શેર કર્યું હતું. એક્ટિંગ ડેબ્યૂ પર આદિત્યે કહ્યું હતું, મને આનંદ છે કે મને આ પ્રકારની રોમાંચક ફિલ્મમાં કામ કરવાની તક મળી.

### કોરોનાની ગુજરાતમાં પહેલા પાનાનું ચાલું

પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં બે ગાંધીનગર, બે ભાવનગર, એક પાટણ અને પાંચ કેસ અમદાવાદમાં નોંધાયા છે. આ તમામ કેસો મોટાભાગે લોકલ ટ્રાન્સમિશનના હોવાનું જણાવ્યું છે. આ સાથે જ રાજ્યમાં કુલ ૧૦૫ પોઝિટિવ કેસો થયા છે. બીજી બાજુ રાજ્યમાં ચાર પોઝિટિવ દર્દીઓ સાજા થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં એક ૮૦ વર્ષીય મહિલાનો પણ સમાવેશ થાય છે. ગુજરાતમાં આજે કોરોનાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ સાથે જ કુલ મૃત્યાંક ૧૦એ પહોંચ્યો છે.

રાજ્યમાં સૌથી વધારે કોરોના પોઝિટિવ કેસ અમદાવાદમાં નોંધાઈ રહ્યાં છે. અમદાવાદ કોરોનાના ત્રીજા સ્ટેજમાં પહોંચી ગયું છે. ત્યારે શહેરના અનેક વિસ્તારોને ક્લસ્ટર ક્વૉરન્ટીન કરવામાં આવી રહ્યાંછે. તેમજ હજી અનેક લોકો કાયદાનો ભંગ કરી રહ્યાં છે તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાતમાં કોરોનાના કહેર બીજા રાજ્યોની સરખામણીમાં કૂદકેને ભૂસકે વરસી રહ્યો છે. આરોગ્ય સચિવ જયંતિ રવિએ કોરોનાની અપડેટ આપીને જણાવ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ ૮ દિવસમાં ૪૪ કેસો સામે આવ્યા અને ત્યારબાદ બીજા ૮ દિવસમાં ૪૮ કેસો સામે આવ્યાં જે કેસોમાં ખૂબ ઝડપથી થઈ રહેલો વધારો સૂચવે છે.

બીજી બાજુ ગુજરાતમાં કોરોનાના કારણે વધુ એક દર્દીનું મોત નિપજ્યું છે. આજે નોંધાયેલા તમામ કોરોનાના કેસ લોકલ ટ્રાન્સમિશનના છે. અમદાવાદમાં નોંધાયેલા ૫ કેસોમાં, આંબાવાડી, નવરંગપુરા, જમાલપુરમાં કોરોનાના કેસ નોંધાયા છે, જ્યારે ગાંધીનગરમાં નોંધાયેલા બંને કેસ માણસાના છે. જયંતિ રવિએ આજે વધુમાં જણાવ્યું હતું કે, હજુપણ કેસની સંખ્યા વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાજ્યમાં અનેક કેસોમાં વૃદ્ધો કોરોના સામે જંગ જીતી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે, નિઝામુદ્દીનથી આવેલા તમામનો ફરજીયાત ટેસ્ટ થશે. ચાર પોઝિટિવ દર્દીઓ સાજા થઈ જતાં તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગરમાં એક ૮૦ વર્ષીય મહિલા પણ છે. જે કોરોના સામેનો જંગ જીતી ગયા છે.

### પીએમ મોદીના પહેલા પાનાનું ચાલું

દિવસ પસાર કરવા પડશે. કોરોના મહામારીના કારણે ફેલાયેલા અંધકારની વચ્ચે આપણે નિરંતર પ્રકાશ તરફ આગળ વધવાનું છે. આ કોરોના સંકટને કારણે સૌથી વધુ અસર પામ્યા છે તેવા આપણા ગરીબ ભાઈઓ-બહેનોને આપણે નિરાશાથી આશા તરફ લઈ જવાના છે. આ કોરોના સંકટના કારણે આ રવિવાર, તા. ૫ એપ્રિલના રોજ આપણે સૌએ સાથે મળીને કોરોનાના સંકટના અંધકારને પડકાર આપવાનો છે. તેને પ્રકાશની તાકાતનો પરિચય કરાવવાનો છે. ૫ એપ્રિલના રોજ આપણે ૧૩૦ કરોડ દેશવાસીઓની મહાશક્તિને પ્રગટ કરવાની છે. ૧૩૦ કરોડ દેશવાસીઓના મહાસંકલ્પને નવી ઊંચાઈ પર લઈ જવાનો છે. ૫ એપ્રિલ, રવિવારના રોજ રાત્રે ૯ કલાકે હું આપ સૌની ૯ મિનિટ લેવા ઈચ્છું છું. ૫ એપ્રિલન રોજ રાત્રે ૯ કલાકે ઘરની તમામ લાઈટો બંધ કરીને, ઘરના દરવાજા પર અથવા બાલ્કનીમાં ઉભા રહીને ૯ મિનિટ સુધી મીણબત્તી, દીવો, ટોર્ચ અથવા મોબાઈલની ફ્લેશ લાઈટ ચાલુ રાખજો. ચારેય તરફ જ્યારે કોઈ વ્યક્તિ એક- એક દીવો પ્રગટાવશે ત્યારે પ્રકાશની આ મહાશક્તિનો અનુભવ થશે. તેમાં એક જ ઈરાદો છે કે આપણે સૌ લડત આપી રહ્યા છીએ. એવું પૂરવાર થશે કે આ પ્રકાશમાં, આ રોશનીમા, આ ઉજાસમાં આપણે આપણાં મનમાં એવો સંકલ્પ કરીએ કે આપણે એકલા નથી, કોઈપણ વ્યક્તિ એકલો નથી !!!

### વિશ્વમાં ૫૯ પહેલા પાનાનું ચાલું

બ્રાઝીલમાં ૨૪ કલાકમાં ૧૧૪૬ નવા કેસ નોંધાયા છે. અહીં કુલ સંક્રમિતોની સંખ્યા ૯૦૫૬ થઈ છે. અહીં કોરોનાથી ૩૫૯ લોકોના મોત થયા છે. ૨૪ કલાકમાં અહીં ૬૦ લોકોના મોત થયા છે.

**ઈટાલીમાં ૨૪ કલાકમાં ૭૬૬ લોકોના મોત** - ઈટાલીમાં ૨૪ કલાકમાં ૭૬૬ લોકોના મોત થયા છે. અહીં કુલ ૧૪ હજાર ૬૮૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. એક દિવસ પહેલા અહીં ૭૬૦ લોકોએ જીવ ગુમાવ્યો હતો. અહીં પ્રથમ એપ્રિલે ૪૭૮૨ નવા કેસ, બીજી એપ્રિલે ૪૬૬૮ નવા કેસ અને ત્રીજી એપ્રિલે ૪૫૮૫ નવા કેસ નોંધાયા છે.

# પોતાનો જીવ જોખમમા મૂકનારા ડોક્ટરો- નર્સો પરના હુમલા રોકવા આકરો કાયદો ક્યારે.....?

ચીનમાં પેદા થયેલા નોવેલ કોરોના વાયરસએ વિશ્વના ૧૮૩ દેશો પર એવો હથોડો માર્યો છે કે જગત જમાદાર અમેરિકા પણ ખળભળી ગયું છે....! અમેરિકામાં કોરોનાગ્રસ્તોનો આંકડો ૩ લાખને આંબવા તરફ આગળ વધી રહ્યો છે.. તો ૭ હજાર જેટલા મૃત્યુ થયા જેના માટે માત્ર ચીન જ નહીં પરંતુ ખુદ રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ પૂરેપૂરા જવાબદાર છે.....! દેશની બરબાદી ન થાય તેવા કારણોસર ર્ફીષ્ઠાર્હ્હ કરવામાં પીછેહઠ કરી અને એ બાબત અમેરિકા માટે જોખમરૂપ બની ગઈ. વિશ્વને કોરોનાને કારણે ૪ લાખ કરોડ ડોલરનું નુકસાન થશે....! જો કે વિશ્વભરમાં કૃષિ ઉત્પાદનો વધુ છે પરંતુ ખેડૂતોને પૂરતા ભાવ ન મળે તો કોરોનાને કારણે કૃષિ ઉત્પાદનો એકઠા કરવામાં ભારે તકલીફો ઊભી થઈ છે. વિશ્વમાં અશાંત દેશોની સ્થિતિ બેહદ ખરાબ થશે. જો કે વિશ્વમાં કોરોના વાયરસ ગ્લસ્તોનો આકડો ૧૨ લાખ આબવા પર જઈ રહ્યો છે. તો ૫૭ હજાર થી વધુ મૃતાક પહોંચ્યો છે..... ત્યારે આશ્ચર્યની વાત એ છે કે દુનિયાનો એક પણ દેશ કોરોના મારક રસી નથી શોધી શક્યો પરંતુ ડૉક્ટર્સ- નર્સો, મેડિકલ કર્મચારીઓની પોત પોતાની આગવી મેડીકલ સેવા-સુશ્રુશાને કારણે ૨ લાખથી વધુ લોકોને બચાવી લીધા છે. તો મેડિકલ- ડોક્ટરો અને નિષ્ણાતોના કહેવા અનુસાર માત્ર કોરોનાને કારણે લોકોના મૃત્યુ થાય છે તે માનવું ભૂલ ભરેલું છે કારણકે બીપી, ફેફસાના રોગો સહિતના કેટલાક રોગોને કારણે જે તે દર્દીની કોરોના જંતુઓનો સામનો કરવાની શક્તિ ઘટી ઓછી થઈ ગઈ હોય તેવા લોકોના મૃત્યુ વધુ થાય છે. ઈટાલી, સ્પેન, યુકે, તુર્કીમાં ખાના ખરાબી અને જાનહાની મોટા પ્રમાણમાં છે ત્યારે ભારતે અન્ય દેશોનો અભ્યાસ કર્યા પછી જ કોરોનાવાયરસ સામે ર્ફીષ્ઠાર્હ્હ અમલ કરી મેદાની જંગ ખેલી નાખ્યો છે. અને તેના કારણે ભારતમાં કોરોનાના પોઝિટીવ કેસો ખુબ ઓછા બન્યા છે.. તો મૃતાક પણ વધ્યો નથી. છતાં હવે લોકલ ટ્રાન્સમિશનની સંખ્યા વધવાનો ડર આરોગ્યતંત્ર-સરકારમા ફરી વળ્યો છે....! દેશભરમાં આ કારણે કોરોનાગ્રસ્તોનો ઝડપી ઉછાળો આવ્યો છે અને ૩ હજાર ને પાર કોરોનાગ્રસ્તો થઈ ગયા છે....! જેના કારણે સરકારે હોટસ્પોટ પરીક્ષણ તરફ વિશેષ નજર રાખી છે. આરોગ્યતંત્ર, મેડિકલ ડોક્ટર્સ ટીમો કોરોનાગ્રસ્તોને બચાવવા પોતાના જીવના જોખમે અથાક પ્રયત્નો કરી રહ્યા છે તેને લઈને કોરોના પર જીત મળવાની શક્યતા વધી શકી છે.....!

ચીન પર અમેરિકાએ કોરોના વાયરસ ફેલાવવાના દોષારોપણ કરવા સાથે વળતર માટે દાવો પણ કરી દીધો છે. છતાં ભારતે આ અંગે કશું વિચાર્યું હોય તેમ નથી લાગતું.....! ત્યારે શિયાળ ચાલ ચાલતા અને વુહાનમાંથી કોરોના ખતમ કરવા જાતે સમગ્ર ચીનને ધમધમતુ કરી દીધું છે. અને અત્યારે દુનિયાને જેની જરૂર છે તેના ઉત્પાદન વધારે લીધા છે તો લાખોની સંખ્યામાં માસ્ક, વેન્ટિલેશન, ડૉક્ટરોની મેડિકલ ટીમ માટે ના સુરક્ષા સાધનો બનાવવા માટે સમગ્ર ચીન ધમધમવા સાથે આ તમામ ઉત્પાદનોની નિકાસ પણ શરૂ કરી દીધી છે જેથી તેનું અર્થતંત્ર જોશભેર આગળ વધી રહ્યું છે. જે કોરોના વાયરસનું જનક અને વાહક ચીન છે અને તેના થકી સમગ્ર વિશ્વમાં કોરોના ફેલાયો છે. ત્યારે ભારત સરકારે ર્ફીષ્ઠાર્હ્હ ના ૨૦-૨૫ દિવસ પહેલા વિદેશમાંથી પરત આવી પહોંચેલા ધનપતિઓના સંતાનો, વુહાનમા ફસાયેલા ભારતીયોને પરત લવાયા એ જ રીતે અન્ય દેશમાં ફસાયેલાઓને પણ હવાઈ જહાજ મોકલી ભારત પરત લવાયા આ લોકોના સ્કિન કરવામા આવ્યા કે કોરોના ટેસ્ટ કર્યો કે નહીં તેની વિગતો બહાર આવી નથી...! પરંતુ તબલીગી સમાજનું દિલ્હીમાં સંમેલન થવા દીધું---- તબલીગીઓ કાર્યક્રમ પૂરો કરી દેશમાં તેમજ વિદેશમાં જતા રહ્યા.....! તેને કોરોના અંગે ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે..... જો કે દેશભરમાં મોટાભાગના તબલીગી સંમેલનમાં ભાગ લેનારાઓને સરકારી તંત્રો એ શોધી કાઢી અનેકને કોરન્ટાઈન કરી દીધા છે તો ચેપ ધરાવનારાઓને હોસ્પિટલાઈઝ ટરી દીધા છે જે અગત્યની વાત છે. છતાં કોઈ પણ તબલિગી હજુ પણ સરકારની નજરથી બચેલા હોય તે સરકારની સામે હાજર થાય તે તેની ફરજ છે અને તે પણ દેશની ભલાઈ માટે.....!

કોરોનાની મહામારીથી ડરી ગયેલા અને પોતાની કે પરિવારની સલામતી ન લાગતાં અનેક રાજ્યોમાં મજૂરી કરતાં, કામકાજ કરતાં હજારો લોકો પરિવાર સાથે વતન જવા ચાલતા નીકળી પડ્યા હતા.... અને તેનું કારણ હતું રોજેરોજ લાવીને ખાતા લોકોને ખાવાનું ન મળતું તથા જે તે રાજ્યની સરકારો પણ પૂરતી વ્યવસ્થા કરવામાં કાચી પડી હતી. ત્યારે તેલંગણા રાજ્યના મુખ્યમંત્રીશ્રીને સો સો સલામ કરવી પડે.... તેમને તેલંગણા રાજ્યમાં મજૂરીકામ કરતાં કે અન્ય કામ કરનારાઓને રાજ્યના છોડે તે માટે હૃદયદ્રાવક વિનંતી કરી હતી....આ લોકોને તેલંગણા વિકાસના સહભાગી, પોતાના પરિવારના, ભાઈ- પુત્ર સરખા ગણવા સાથે તાત્કાલિક સહાય- આર્થિક સહાય અને અનાજ આપવાનુ જાહેર કરવા સાથે તેનો અમલ કરી દેતાં તેલંગણા રાજ્યમાંથી કોઈપણ પરપ્રાંતી લોકોએ હિજરત કરી નથી જે નોંધનીય છે. ત્યારે બીજી તરફ દેશના અનેક રાજ્યોમાં દર્દીઓને બચાવવા પોતાના જીવના જોખમે સારવાર કરતા ડોકટરો- નર્સો મેડીકલ ટીમો વગેરે ઉપર દર્દીઓના સગાઓએ હુમલા શરૂ કરી દેતા પરિસ્થિતિ વિકટ બનવા પામી છે, તો મસ્જિદમાં એકઠા થતા લોકોને રોકતા પોલીસ ઉપર હુમલા થયા છે..... ત્યારે આવા લોકોને રોકવા માટે બિન જામીનપાત્ર ગુનો ગણવાનો કાયદો લાવી દેવાની તાત્કાલીક જરૂર છે. જોકે ડૉક્ટરોએ માગ પણ કરી છે... હાલના સમયમાં કોરોના વાયરસ ગ્રસ્તોની સારવાર કરતાં ૫૦ જેટલા ડોક્ટર- નર્સ વગેરે સંક્રમિત થઈ ગયા છે ત્યારે સરકાર આકરુ પગલું ભરે તે જરૂરી છે. દેશના કેટલાક વિસ્તારોને કોરોના લોકલ ટ્રાન્સમિશન ને કારણે સીલ કરવાની જે તે રાજ્ય સરકારોને ફરજ પડી છે...., ત્યારે હવે ટહેલવા, વગર કામે બહાર નીકળી પડતા લોકો ચેતી જાય નહીં તો તેઓ જવતા કોરોના બોમ્બ બની જશે.....! અને વધુ lockdown કરાવવાના નિમિત્ત બનશે તે નિશ્ચિત.....!! વંદે માતરમ્

# કોરોના'કા બાદલ છટેગા અંધકાર હોગા દુર..ચલો પ્રકાશ કી ઓર.!!

કોરોના વાયરસને લઈને વિશ્વભરના લોકોમાં ભારે ગભરાટ વ્યાપી ગયો છે. તો અમેરિકાને ત્યાંના રાષ્ટ્રપતિ ટ્રમ્પની અણઘડ નીતિને કારણે અમેરિકન પ્રજા ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ત્યારે ૧૩૪ કરોડની વસ્તી ધરાવતા ભારતમાં ૮૮ ના મૃત્યુ કોરોનાને કારણે થયા છે. જ્યારે કોરોના પોઝિટીવ આક ૨૪૦૦ થી નીચે રહ્યો છે. જે વિશ્વના ૧૮૩ કોરોનાનો ભોગ બનેલા દેશોની તુલનાએ તો નહીવત છે. ભારતને લોકડાઉન કરવામાં આવતા તેના પરિણામો પણ સારા રહ્યા છે. ભારતમાં આરોગ્ય સુવિધાઓ બાબતે ઘણી ન બ ળ ા ઈ છે.માસ્ક,વેન્ટીલેશનની કમી તો છે જપપ પરંતુ ડોક્ટરો, નર્સો, મેડિકલ કર્મચારીઓ, ફાયર બ્રિગેડ ટીમો માટે જરૂરી પર્સનલ પ્રોટેક્શન ઈક્વિપમેન્ટ ની મોટી અછત છે..! આ બધું છતા ડોક્ટર્સોની ટીમોએ કોરોનાના મોતના મુખમા જતા અનેક લોકોને બચાવ્યા છે. તો પોઝિટીવ ધરાવતા દર્દીઓને પણ બચાવી લીધા છે. આ કોઈ નાનીસૂની વાત નથી કારણકે વિશ્વનો એક પણ દેશના વૈજ્ઞાનિકો, નિષ્ણાતો ડોક્ટરો સહિતનાઓની ભારે મથામણ છતાં કોરોના નાથવાની રસી શોધી શકવા સફળ થયા નથી. બીજી તરફ લોકડાઉનની મુદત પૂરી થયાના દિવસો ગણાઈ રહ્યા છે. ત્યારે વડાપ્રધાન મોદીજીએ પોતાના ૩ જી એપ્રિલ અંગેનો પ્રજા સંદેશ સવારે ૯ વાગ્યે જે તે પ્રસાર માધ્યમો દ્વારા પ્રસારીત કરવામાં આવ્યો જે સાંભળીને લોકોમાં વધુ વિશ્વાસ અને શ્રદ્ધામા વધારો થયો છે. તેમના સંબોધન પરથી એક નવો ઉત્સાહ અને ઉમંગ ફરી વળ્યો છે જાણે કે "આઈ નઈ દિવાલીપ કોરોનાકા બાદલ છટેગા અંધકાર દુર હોગાપચલો પ્રકાશકી ઓરપ. લોકોના મનમાં તેમનું રેકોર્ડિંગ રિલીઝ થતાં પહેલાં અનેક શંકા-કુશંકાઓ ફરી વળી હતીપ પરંતુ ન તો લોકડાઉન લંબાવ્યુ કે ન તો કર્ફ્યુની જાહેરાત કરી.. ત્યારે લોકોને હાશકારો થયો આઈ નઈ દિવાળી જેવો..!

દેશમાં લોકડાઉન જાહેર કર્યાને આઠ દિવસ વીતી ગયા છે ૧૫ એપ્રિલે લોકડાઉન પૂર્ણ થશે પરંતુ ધારા ૧૪૪ રાખવાની સરકારને ફરજ પડશે. કારણ કે દેશમાં તબલિગી જમાતમાં છે તેવા અનેક અન્ય લોકો મોઢે માસ્ક બાંધ્યા વગર નીકળી પડતા હોય છે, તો મોઢામાં ગુટકા-પાન-મસાલા ખાઈને ગમે ત્યાં થુકતા રહેતાપ માત્ર પોલીસને જોઈને ભાગતા હતા. પરંતુ આવા મગજ વગરના કે કોરોના અંગે ન સમજતા લોકો પણ કોરોનાવાયરસ બનવા સાથે પોતાના પરિવારને પણ જાણે-અજાણે કોરોના હવાલે કરી શકેપ..! છતાં બીજી તરફ વુહાનમાંથી ભારતીયોને પરત લાવવા વિમાન મોકલ્યું હતું જેના પાયલોટ મુસ્લીમ હતા ત્યારે ચીનના વુહાનથી પરત આવેલાઓ કોરોનાગ્રસ્ત ન હતા તે અંગે કોણ જાહેર કરશે..? તેવો સવાલ આમ પ્રજામાં પૂછાઈ રહ્યો છે. બીજી તરફ ચીન કોરોનાનો જનક છે અને અમેરિકાના રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેના પર દોષારોપણ પણ કર્યું હતુંપ. ભારતમાં તબલિગી સમાજનુ દિલ્હીમાં સંમેલન થયું જે તેની મોટી ભૂલ હતી.. તો કેન્દ્ર સરકાર અંડર રહેતી દિલ્હી પોલીસ પણ જવાબદાર છે.! આવો કાર્યક્રમ કેમ થવા દીધોપ.? તબલીગી સમાજના બિલ્ડિંગમાં જનારાઓને રોકવાની જરૂર હતી ત્યારે તેમને કેમ રોકવામાં ન આવ્યાપ..? કાર્યક્રમ પૂરો થતા લોકોને પરત જવા માટે પોલીસ પાસે મંજૂરી માંગી હતી તેવું તબલીગી સમાજના વડા કહે છે તો તેમા સત્ય શું છેપ? ક્યાક આમ પ્રજાને તબલિગી સમાજના નામે ગુમરાહ તો નથી કરવામાં આવતીનેપપ? તેવા સવાલો બુદ્ધિજીવીઓ સહિત આમ પ્રજામા ઉઠવા પામ્યા છેપ. છતાં એક વાત સ્વીકારવી રહી કે કોરેન્ટાઈન કરેલા અનેક તબલિગોએ સરકારે જાહેર કરેલા તેના નિયમોનું પાલન નથી કર્યુંપ તો કેટલાક સ્થળે મેડિકલ સ્ટાફ સાથે દર્વ્યવહાર પણ કર્યો છે આવા લોકોને આકરામાં આકરી સજા પણ થવી જોઈએ.. તો દેશના અનેક રાજ્યોમાં જે તે લોકોએ ડૉક્ટર્સ-નર્સો, મેડિકલ કર્મચારીઓ, પોલીસ વગેરે ઉપર હુમલા કર્યા છે આવા લોકોને એવી આકરી સજા કરવાની જરૂર છે કે ભવિષ્યમા દેશની કોઈપણ વ્યક્તિ હુમલો કરવાની હિંમત જ ન કરી શકે..!

મોદી સરકાર કે જે તે રાજ્ય સરકારો આવા નિર્લજ લોકો સામે આકરા પગલાં લેશે કે કેમ.? રાજયના અમદાવાદમાં સૌથી વધુ કેસ નોંધાતા અને પોઝિટિવ કેસોને લઈને હોટસ્પોટ જાહેર કરવામાં આવેલ છેપ પરંતુ છેલ્લા ૨૪ કલાકમાં એક જ કેસ નોંધાયો છે જે રાહતની બાબત છેપ. પરંતુ હવેના પાંચ દિવસ જાળવવા દરેક માટે અતિ જરૂરી છે. પોતાના પરિવારની સલામતી માટે કોઈ બહાર ન નીકળે, મોઢા પર માસ્ક બાંધી જરૂરી હોય તો જ બહાર નીકળેપ બહારથી આવીને તુરંત હાથ-પગ ધોવા તો ઘરમાં પણ અવારનવાર હાથ ધોવા જરૂરી છેપ.. ત્યારે જૂની બાબતો યાદ આવે છે એક સમયે ઘરના પ્રવેશદ્વાર પાસે જ પાણી ભરેલી ડોલ કે પાણીનો ટાંકો રહેતો હતો જેથી બહારથી ઘરે આવે, કામ-ધંધાથી ઘરે પરત ફરે ત્યારે સાબુથી પોતાના હાથ, પગ, મો વગેરે ધોતા હતા, તો કદુ કરિયાતું, લીમડાનું પાણી, અન્ય કડવાશ ઘરના દરેક સભ્યો અઠવાડિયે બે થી ત્રણ વાર લેવી ફરજીયાત રહેતું.. અને લીલા શાકભાજી તો અવશ્ય ખાવાનાપ.. પરંતુ હવે આ બધું વિસરાયેલું પુનઃ સામે આવી ગયું છેપ.. ભારતને વેન્ટિલેશન ખરીદવા મદદ કરવા ચીન તૈયાર થયું છેપ મતલબ પોતાને ત્યાં કોરોના ખતમ કરી તેના અર્થતંત્રને વધુ ધબકતુ કરી દીધું છેપ અને હવે મહાસત્તાના સપના જોવા લાગ્યું છેપ.! ત્યારે ભારતે ચેતવાની જરૂર છે કારણ આતો ચીન છેપ હિન્દી ચીની ભાઈ ભાઈ કહીને પીઠમાં ખંજર માર્યું હતુંપ. એ જ ચીન છે. એ વાત યાદ રાખવી જરૂરી છેપ.! તો વડાપ્રધાન મોદીજીએ રવિવાર તારીખ ૫- ૪- ૨૦૨૦ ની રાત્રે ૯ વાગ્યે ઘરની લાઈટો સહિત તમામ વીજ ઉપકરણો બંધ કરીને ઘરના દરવાજે કે અટારીમાં દીપ પ્રગટાવી ૯ મીનીટ શાંતિ જાળવવા એકબીજાથી દૂર રહેવા કહ્યું છે તેની પાછળ તેમનો બહુ જ મોટો તર્ક હશેપ હશેનેપ. હશેજપ. ત્યારે દરેકને વિનંતી કે ટોળાબંધ ઘરબાર નીકળી દીવા ન કરે કે હોળી ના પ્રગટાવે.! ઘરમાં જ એકબીજા વચ્ચે અંતર જાળવેપ વંદે માતરમ્.

# પોલીસને ભાંડતા પહેલા ખેડાની ઘટના વાંચોઃ પોતાની બે વર્ષની બાળકીના અંતિમ સંસ્કાર કરી ફરજ ઉપર પાછા ફર્યા

લોકડાઉનમાં રસ્તા ઉપર ઉભા રહેલા પોલીસવાળા જયારે આપણી સલામતીની ચીંતા કરી આપણને રોકે ત્યારે આપણને માઠુ લાગે છે, પણ રસ્તા ઉપર ઉભો રહેલા પોલીસવાળો પોતાના પરિવારને મુકી કઈ દશામાં કામ કરી રહ્યો છે તેની આપણને કલ્પના પણ નથી, ખેડા જિલ્લામાં ફરજ બજાવતા દંપત્તીની એક એક બે વર્ષની દિકરીના નાકમાં ચણો ફસાઈ જતાં તેનું મોત નિપજયુ હતું, ચાલુ ફરજે દિકરીને મદદે પહોંચેલા માતા પિતા પોતાની દિકરીને મળે તે પહેલા દિકરીએ શ્વાસ છોડી દીધો હતો, સ્વભાવીક રીતે આ સ્થિતિ બહુ નાજુક હતી, પણ ચાલુ ફરજે આવેલા દંપત્તીને જાણકારી મળી કે ખેડાના પોલીસ વડા દિવ્ય મીશ્ર ખુબ નારાજ થયા છે અને સંભાવના તેવી છે કે તેમને સસ્પેન્ડ કરવામાં આવશે તેવી આ પોલીસ નોકરી ઉપર હાજર થઈ ગયા હતા.

ખેડા જિલ્લાના સેવાલીયા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સટેબલ જયસિંહ મંડોળ દસ વર્ષથી પોલીસમાં ફરજ બજાવે છે, જયારે તેમના પત્ની અલ્કા મંડોળ ખેડાના ઠાસરા પોલીસ સ્ટેશનમાં હેડ કોન્સટેબલ તરીકે ફરજ બજાવે છે.તેઓ ઠાસરા પોલીસ લાઈનમાં રહે છે આ પોલીસ દંપત્તીને બે વર્ષની દિકરી રાહી પણ હતી, કોરાનાની સ્થિતિમાં સતત નોકરી ચાલુ રહેતા રાહીની સંભાળ કોણ લેશે તેવો પ્રશ્ન ઉભો થતાં મંડોળ દંપત્તીએ નક્કી કર્યુ કે થોડા દિવસ માટે હેડ કોન્સટેબલઅલ્કાના દાહોદ નજીક આવેલા પિયર સંજેલી ખાતે મુકી આવવી, આથી તેઓરાહીને સંજેલી મામાના ઘરે મુકી આવ્યા હતા.

તા ૨ એપ્રિલના રોજ કોન્સટેબલ જયસિંહને પોતાના સાસરીમાંથી સમાચાર મળ્યા કે રાહી લીલા ચણા ખાઈ રહી હતી ત્યારે એક ચણો નાનકડી રાહીના નાકમાં ફસાઈ ગયો છે તેશ્વાસ લઈ શકતી નથી એટલે દાહોદ લઈ જઈએ છીએ, જયસિંહ અને અલ્કાને આ સમાચાર મળતા તેમના માથે આભ તુટી પડયુ હતુ એક તરફ કોરાનામાં લોકો સલામત રહે તેની ચીંતા કરતા હતા પણ ખુદ પોતાની જ દિકરીને હાલમાં તેમની જરૂર હતી, જયસિંહે સેવાલીયા પોલીસ સ્ટેશનના અધિકારીને અને અલ્કાએ ઠાસરા પોલીસ સ્ટેશનના અધિકારીને જાણ કરી રાહીને હોસ્પિટલમાં ભરતી કરાવી પાછા ફરીએ છીએ તેમ જણાવી તેઓ સાડા ચાર વાગે દાહોદ જવા નિકળ્યા હતા, સેવાલીયા અને ઠાસરાના પોલીસ અધિકારીએ તેમને માનવતાના ધોરણે રજા આપી હતી.

પણ મંડોળ પોલીસ દંપત્તીને કુદરત સાથ આપવાનો જાણે ઈકાર કરી રહ્યુ હોય તેવી લાગી રહ્યુ હતું, દાહોદ હોસ્પિટલે રાહીની હાલત જોતા તેને વડોદરા લઈ જવાની સલાહ આપી હતી આથી રસ્તામાંથી જયસિંહ અને અલ્કા વડોદરા જવા નિકળ્યા હતા, પણ રાહી વડોદરા પહોંચે અને સારવાર મળે તે પહેલા તે પોતાના માતા પિતાને અલવીદા કહી જતી રહી, જયસિંહ અને અલ્કા ભાંગી પડયા હતા, પણ પોલીસમાંથી તેમને હુંફ આપનાર કોઈ ન્હોતુ, જયસિંહ અને અલ્કાએ પોતાના અધિકારીને આ અંગે જાણ કરતા તેઓ સ્થિતિને સમજી શકયા હતા પણ સાંજ પડતા પોતાના બે પોલીસવાળા વગર રજાએ ગયા છે તેવી જાણકારી એસપી દિવ્ય મીશ્રને થતાં તેમનો પારો છટકયો હતો.

દિવ્ય મીશ્રએ સેવાલીયા અને ઠાસરાના પોલીસ અધિકારીઓને ઉધડો લઈ લેતા કહ્યુ હતું કે આવી સ્થિતિમાં તમે કોઈ પોલીસને કેવી રીતે રજા આપી શકો, આ પોલીસ અધિકારીએ મંડોળ દંપત્તી ઉપર આવેલી આફત સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ તેઓ કઈ સાંભળવા જ માગતા ન્હોતા, તેમણે રજા આપનાર પોલીસ અધિકારીઓ સામે પગલાં ભરવાની ધમકી આપી હતી, પોતાના કારણે પોતાના અધિકારીઓને ઠપકો મળી રહ્યો છે અને એસપી પોતાને સસ્પેન્ડ કરશે તેવી ભીતી લાગતા મંડોળ દંપત્તી તા.૩જીના દિકરીના અંતિમ સંસ્કાર કરી નોકરી ઉપર હાજર થઈ ગયુ છે.

### ભારતમાં આશરે ૧.૫ કરોડ ફ્રીલાન્સર છે

# ભારત ફ્રીલાન્સિંગનુ મોટુ કેન્દ્ર

*અમેરિકા બાદ ભારત દુનિયામાં ફ્રીલાન્સિંગના બીજા સૌથી મોટા કેન્દ્ર તરીકે છે. હાલમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં આશરે ૧.૫ કરોડ ફ્રીલાન્સરો રહેલા છે. આમાંથી તમામ લોકો હોમ જેનરેટેડ પ્રોજેક્ટ પર કામ કરે છે. કેટલાક લોકો અમેરિકા, યુરોપ અને ઓસ્ટ્રેલિયાના ક્લાઈન્ટો માટે પણ કામ કરે છે. સર્વેમાં દાવો કરવામા આવ્યો છે કે ભારતમાં એક સારા ફ્રીલાન્સર એક કલાકમાં ૨૦ ડોલરની કમાણી કરે છે. વેબ એન્ડ મોબાઈલ ડેવલપમેન્ટ, વેબ ડિઝાઈનિંગ, ડેટા એન્ટ્રી અને ઈન્ટરનેટ રિસર્ચ તેમજ કન્સલ્ટસી જેવા ક્ષેત્રોમાં આજે સારી કમાણી નોકરી સિવાય થઈ રહી છે. રેઝ્યુમ લખવાની બાબત, કુકિંગ રેસિપી, ઓનલાઈન ભારત નાટ્યમ કોર્સ ભણાવવા, ઓનલાઈન પેશેન્ટ કન્સલ્ટિંગ, ડેટા એનાલિટિક્સ જેવા સેંગમેન્ટ હવે જોરદાર રીતે ઉભરી રહ્યા છે જેમાં સારી કમાણી થઈ રહી છે.મિડિયાના ક્ષેત્રમા પણ હવે લોકો નોકરી છોડીને ફ્રીલાન્સના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છે. આગામી દિવસોમાં ફ્રીલાન્સની બોલબાલા વધી શકે છે. કારણ કે દરેક વ્યક્તિ આધુનિક સમયમાં સારી અને વધારે કમાણી કરવા માટે ઈચ્છુક છે. ઓછા સમયમાં વધારે કમાણી કઈ રીતે કરી શકે તે દિશામાં લોકો હવે આગળ વધી રહ્યા છે. પોતાના પરિવારને પૂર્ણ સમય આપવામાં પણ લોકો વિશ્વાસ રાખે છે. આવી સ્થિતીમાં નોકરી છોડીને જુદા જુદા ક્ષેત્રમાં ફ્રીલાન્સનુ કામ હવે લોકો કરવા લાગી ગયા છે. ખાસ કરીને મહિલાઓ પણ આ દિશામાં ઝડપથી આગળ વધી ચુકી છે. ભારતમાં જે ૧.૫ કરોડ ફ્રીલાન્સર છે તેમની સંખ્યામાં એકબે વર્ષમાં અનેક ગણો વધારો થઈ શકે છે. અમેરિકામાં પણ આ સંખ્યામાં વધારો થઈ શકે છે. ભારતના લોકો બહારના લોકોના પણ કામ ફ્રી લાન્સ તરીકે કરી રહ્યા છે.*

# અમદાવાદમાં કોરોનાના દર્દીઓ માટે ટ્રેનના કોચને આઈસોલેશન વોર્ડમાં તબદીલ કરાયા

**મણિનગર, કાલુપુર તેમજ સાબરતિ સ્ટેશનો પર રેલવેના વિશેષ આઈસોલેશન કોચ ઉભા થશે**

અમદાવાદ

કોરોના વાયરસના વધી રહેલા પ્રકોપને જોતા રેલવેએ પણ પોતાની ટ્રેનોના કોચને આઈસોલેશન વોર્ડમાં તબદીલ કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરી છે. ગુજરાતમાં કોરોના વાયરસના સંક્રમિતોના આંકડો ૧૦૦ને પાર ગયો છે અને અમદાવાદ કોરોના વાયરસનું હોટસ્પોટ બની ગયું છે ત્યારે પશ્ચિમ રેલવેના અમદાવાદ વિભાગે પણ રેલવેના કોચને આઈસોલેશન વોર્ડમાં તબદીલ કરી દીધો છે. સૌપ્રથમ આવો આઈસોલેશન સુવિધા ધરાવતા રેલવે કોચને અમદાવાદના મણિનગર રેલવે ડેપો ખાતે સજ્જ કરવામાં આવ્યો છે.

આ અંગે અમદાવાદના ડિવિઝનરલ રેલવે મેનેજર (ડીઆરએમ) દીપક કુમાર ઝાએ જણાવ્યું કે, શંકાસ્પદ કોરોનાના લક્ષણો ધરાવતા વ્યક્તિઓ માટે ૭૦ જેટલા રેલવે કોચને આઈસોલેશન વોર્ડમાં તબદીલ કરવામાં આવશે. દરેક કોચમાં આઠ દર્દીઓનો સમાવેશ કરી શકાશે. રેલવે દ્વારા તમામ કોચને આઈસોલેશન વોર્ડમાં તબદીલ કરી તેમાં આવશ્યક તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે.

દરેક કોચમાં રહેલા ચાર ટોઈલેટ પૈકી બેને બાથરૂમમાં તબદીલ કરાયા છે. તમામ કોચમાં આરોગ્યકર્મી માટે એક અલગ કેબિન પણ ઉભી કરવામાં આવી છે.

અમદાવાદના ડીઆરએમ ઝાના મતે જે લોકોને વિશેષ મેડિકલ સુવિધાની જરૂર પડશે તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે પરંતુ હળવા લક્ષણો ધરાવતા દર્દીઓને આ પ્રકારના કોચમાં આઈસોલેશનમાં રાખી શકાય છે. દેશભરમાં આવા ૫,૦૦૦ ટ્રેન કોચને આઈસોલેશનમાં તબદીલ કરવામાં આવી રહ્યા છે.

અમદાવાદમાં મણિનગર ઉપરાંત અમદાવાદ સ્ટેશન અને સાબરમતિ સ્ટેશન ઉપર પણ આ પ્રકારે આઈસોલેશન કોચ ઉભા કરવામાં આવશે તેમજ કચ્છમાં ભુજ અને ગાંધીધામ સ્ટેશન ઉપર પણ આ પ્રકારની સેવા ઉપલબ્ધ થઈ શકશે.

**વાલીઓએ સરકારને રજૂઆત કરી પરત લાવવા અપીલ કરી**

# કોરોના સંકટઃ ગુજરાતના ૧૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા

ગાંધીનગર

ગુજરાતમાં હવે કોરોનાના ચેપના કિસ્સા ખૂબ વધી રહ્યાં છે તેવા સંજોગોમાં હવે સરકાર ક્લસ્ટર કન્ટેન્મેન્ટ કાર્યક્રમ હેઠળ ચેપના અટકાવની કામગીરી કરી રહી છે. જે વિસ્તારોમાં કોરોનાના દર્દીઓ નોંધાયા હોય તેવાં વિસ્તારોના ક્લસ્ટર બનાવવા માટે જીઆઈએસ મેપિંગનો સહારો લેવામાં આવ્યો છે. રાજ્યમાં વિદેશથી આવેલા લોકોના કારણે કોરોનાનો કહેર વરસ્યો છે. ત્યારે હાલ એક મોટા સમાચાર મળી રહ્યા છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, ગુજરાતના ૧૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં ફસાયા છે અને તેમણે અને તેમના વાલીઓએ કેન્દ્ર સરકારને રજૂઆત કરીને પાછા ગુજરાતમાં લાવવાની વ્યવસ્થા કરવા અપીલ કરી છે. પરંતુ રાજ્યમાં કોનોનાને કારણે હાલની સ્થિતિ જે ઉદ્ભવી છે તેને જોતા યુક્રેનથી ૧૦૦ વિદ્યાર્થીઓનું ગુજરાત પાછું ફરવું લગભગ અસંભવ મનાય છે. આ વિદ્યાર્થીઓ માટે ભારત આવવાની શક્યતા નહીવત્ છે.

ગુજરાતના ૧૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં અભ્યાસ અર્થે ગયા છે અને તેઓ બુકોવિનિસ સ્ટેટ મેડિકલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે. હાલ યુક્રેનમાં કોરોનાને લઈને પરિસ્થિતિ દિવસેને દિવસે ખરાબ થતી જાય છે. જેના કારણે સ્વાભાવિકપણે વિદ્યાર્થીઓના વાલીઓને ચિંતા થવી વ્યાજબી છે. જેણે વિદ્યાર્થીઓ સહિત વાલીઓએ કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે. પરંતુ હાલ સરકાર તરફથી કોઈ જવાબ મળી શક્યો નથી. તમને જણાવીએ કે કોરોનાના કારણે યુક્રેનમાં ૨૪ એપ્રિલ સુધી લોકડાઉનની સ્થિતિ છે. આવી હાલતમાં તેઓનું ગુજરાત પરત ફરવું લગભગ અશક્ય મનાય છે. ગુજરાતના ૧૦૦ વિદ્યાર્થીઓ યુક્રેનમાં એમબીબીએસનો અભ્યાસ કરે છે.

**આ વેન્ટિલેટરને ધમણ-૧ નામ અપાયુ**

# મુખ્યમંત્રીનો દાવોઃ રાજકોટની કંપનીએ ૧૦ દિવસમાં વેન્ટિલેટર બનાવ્યું

અમદાવાદ

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. જે બાદ તેઓએ પ્રેસ કોન્ફરન્સે સંબોધી હતી. જે બાદ તેઓએ મોટી જાહેરાત કરતાં કહ્યું કે, રાજકોટનાં એક ઉદ્યોગકારે વેન્ટીલેટર બનાવ્યું છે. જેને કારણે ગુજરાતમાં વેન્ટિલેટરની અછત નહીં સર્જાય. સાથે જ તેઓએ કહ્યું કે, આ વેન્ટિલેટરને ગુજરાતી નામ ધમણ-૧ આપવામાં આવ્યું છે. રાજકોટની જાણીતી કંપની જ્યોતિ સીએનસીએ વેન્ટિલેટર તૈયાર કર્યું છે.

નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત બાદ સીએમ રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સ સંબોધતાં જણાવ્યું કે, એન-૯૫ માસ્કની વિશ્વમાં અછત છે. તો વેન્ટિલેટરની અછતને લઈને પણ વિશ્વમાં ચિંતા છે. તેવામાં રાજકોટના એક ઉદ્યોગકારને વેન્ટિલેટર બનાવવામાં સફળતા મળી છે. અને આ વેન્ટિલેટર દર્દીઓ પર સફળ રીતે કામ કરી રહ્યું છે. સાથે જ સીએમ રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં વેન્ટિલેટરની અછત નહીં રહે, અને જો પ્રોડક્શન વધુ હશે તો ગુજરાત અન્યા રાજ્યોમાં પણ કોરોના દર્દીઓની સારવાર માટે વેન્ટીલેટર મોકલશે. આ વેન્ટીલેટર મેડ ઈન ગુજરાત અને મેડ ઈન રાજકોટ બન્યું છે. એટલે તેનું નામ 'ધમણ-૧' રાખવામાં આવ્યું છે. રાજકોટમાં નાસાના પાર્ટ્સ પણ બને છે તેવું સીએમ રૂપાણીએ જણાવ્યું છે.

# લોકડાઉન વચ્ચે ૧૦૮માં જ મહિલાની ડિલિવરી કરવામાં આવી

અમદાવાદ

રાજયમાં લોકડાઉનની વચ્ચે અમદાવાદના સરદારનગર વિસ્તારમાં રહેતી મહિલાને ૧૦૮ એમ્બ્યુલન્સની નર્સે ઈન્દિરાબ્રિજ સર્કલ પાસે રસ્તામાં ડિલિવરી કરાવી હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સગર્ભા મહિલાને સિવિલ હોસ્પિટલમાં લઈ જતી વખતે રસ્તામાં જ દુઃખાવો ઉપડ્યો હતો અને ડિલિવરી થઈ જાય તેમ હોવાથી નર્સે રસ્તામાં સફળતાપૂર્વક ડિલિવરી કરતા મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. બાદમાં બંનેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

શહેરના મેમકો લોકેશન પર ૧૦૮ એમ્બ્યુલન્સમાં નીતા રાઠોડ ઈએમટી તરીકે ફરજ બજાવે છે. આજે બપોરે એટલે કે, ૪ એપ્રિલે ૧૨.૪૩ વાગ્યે ૧૦૮ને સરદારનગર ઘનશ્યામ ટેનામેન્ટમાં રહેતા ગંગાબેન સોલંકી નામની એક સગર્ભા મહિલાનો કોલ મળ્યો હતો. નીતાએ ત્યાં પહોંચી દર્દીને તપાસ કરતાં મહિલાને સુવાવડની પીડા થતી હતી.

તેઓને એમ્બ્યુલન્સમાં લઈ સિવિલ જવા રવાના થયા હતા. દરમ્યાન ઈન્દિરાબ્રિજ પાસે પહોંચતા મહિલાને ખૂબ જ દુઃખાવો ઉપડ્યો હતો. તાત્કાલિક ડિલિવરી કરવી પડે તેવી સ્થિતિ ઉભી થતાં એમ્બ્યુલન્સને રસ્તામાં જ રોકી લીધી હતી. નીતાએ ભારે મહેનત કરી સફળતાપૂર્વક ડિલિવરી કરાવતા મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. બંનેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા.

**લીંબડી નજીક કાનપરા પાટિયા પાસે ટ્રકની પાછળ કાર ધડાકાભેર ઘૂસી ગઈ**

# અમદાવાદ-રાજકોટ હાઈવે પર કાર ટ્રક પાછળ ઘૂસી જતા ચારના મોત

અમદાવાદ

ગુજરાતમાં હાલ લોકડાઉન ચાલી રહ્યું છે જેના કારણે અકસ્માતોના કેસોમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. તેમ છતાં આજે લીંબડી અમદાવાદ નેશનલ હાઈવે ફરી લોહિયાળ બન્યો હોવાની એક ઘટના સામે આવી છે. ગઈકાલે મોડી રાત્રે (શુક્રવારે) જામખંભાળિયાથી ગાંધીનગર જઈ રહેલી કાર ટ્રક પાછળ ઘૂસી જતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લીંબડી અમદાવાદ નેશનલ હાઈવે પર ગોઝારા અકસ્માતમાં ત્રણના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા, જ્યારે એક વ્યક્તિને અતિ ગંભીર ઈજાઓ પહોંચી હતી જેના કારણે તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ ત્યાં પણ તેનું મોત નિપજ્યું હતું.

આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, દેવપરાના પાટિયા પાસે ઉભેલી ટ્રક પાછળ એક કાર ધડકાભેર ઘૂસી જતાં ઘટના સ્થળે જ ત્રણના મોત નિપજ્યા હતા. લીંબડી સુરેન્દ્રનગર હાઈવે પર કાનપરાના પાટિયા પાસે ઉભેલા એક ટ્રકમાં કાર ઘૂસી જતા ગોઝારો અકસ્માત થયો હતો. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, કાર ખંભાળીયાથી ગાંધીનગર જઈ રહી હતી. અને તેને આ અકસ્માત નડ્યો હતો. ઘટનામાં ઘાયલ થયેલા એક વ્યક્તિને ૧૦૮ મારફતે લીંબડી આરઆર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પરંતુ હોસ્પિટલ પહોંચે તે પહેલા જ ચાર વ્યક્તિઓના જીવનના દિવા બૂઝાઈ ગયા હતા. આ અકસ્માતમાં મૃત્યુ પામનાર જામખંભાળિયાનો પરિવાર ગાંધીનગર હૉસ્પિટલના કામ અર્થે જઈ રહ્યો હતો. દરમિયાન કાનપરના પાટિયા પાસે એક ટ્રક ખોટકાઈ જતા ડ્રાઈવર તેનું રિપેરીંગ કરી રહ્યો હતો. તેવામાં રાજકોટ તરફથી પૂરપાટે આવી રહેલી કાર ધડાકાભેર ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી જેના કારણે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતના પગલે હાઈવે પર લોહિના રીતસરના ફૂવારા ઉડ્યા હતા.

આ ગમખ્વાર અકસ્માતની જાણ પાણશીણા પોલીસને થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી અને ઈજાગ્રસ્તો બન્ને ને હોસ્પિટલ ખસેડાયા હતા.

# સેવાકાર્યમાં ભાજપ ધારાસભ્ય પબુભાએ મૂકેલા ફોટો કોંગ્રેસે ચોર્યા હોવાની ફરિયાદ

દેવભૂમિ દ્વારકા

કોરોનાના કહેર બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં કૂદકેને ભૂસકે વરસી રહ્યો છે. ત્યારે આખા ગુજરાતમાં કોરોના વાયરસના બીજા ૧૦ કેસો સામે આવ્યા છે આ સાથે જ હવે ગુજરાતમાં કોરોના પોઝિટીવ કેસોનો આંકડો ૧૦૫ પર પહોંચી ગયો છે. ત્યારે રાજયમાં અલગ અલગ સંસ્થાઓ અને લોકો દ્વારા સેવાના કાર્યો ચાલી રહ્યા છે. આજે દેવભૂમિ દ્વારકામાં સેવાકાર્યમાં રાજકારણ ઘૂસ્યું હોવાની સનસનીખેજ અહેવાલ મળી રહ્યા છે.

દેવભૂમિ દ્વારકામાં સેવાકાર્યમાં રાજકારણ ઘૂસ્યુ હોવાની માહિતી મળી રહી છે. દેવભૂમિ દ્વારકામાં સેવાકાર્યમાં પબુભાએ મુકેલા ફોટો કોંગ્રેસે ચોર્યાની ફરિયાદ કરી છે. રાહત કીટના ફોટો કોપી કરી કોંગ્રેસે અપલોડ કર્યાની ફરિયાદ થઈ છે. આ ઘટનામાં પોસ્ટ અંગેની ફરિયાદ ઓખા પોલીસ સ્ટેશનમાં થઈ છે. દ્વારકામાં સેવાકાર્યમાં રાહત સામગ્રીની કીટના પબુભાએ ફોટો મૂક્યો હતો. આ ઘટનાની મળતી માહિતી પ્રમાણે, દ્વારકા ભાજપનાં પબુભા માણેક દ્વારા કરાતી રાહત સામગ્રીની કીટોના મામલે આજે રાજકારણ ગરમાયું છે. તૈયારીઓનાં ફોટા સોશિયલ મીડિયામાંથી ઉપાડી કોંગ્રેસનાં પેજ પર ચોંટાડ્યા હતા. કોંગ્રેસનાં અધિકૃત પેજ પર ફોટો અપલોડ કરાયા હતા.

**તમામને ક્વોરન્ટાઈન કરાયા**

# વેરાવળની મિનારા મસ્જિદમાંથી ૩૩ તબલીગી જમાતીઓ મળતા ખળભળાટ

વેરાવળ

દિલ્હીમાં નિઝામુદ્દીન ખાતે તબલીગી જમાતમાં આયોજિત એક કાર્યક્રમમાં ૧૦ લોકોનાં મોત કોરોનાને કારણે થતાં સમગ્ર દેશભરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ગુજરાતમાંથી પહેલાં ભાવનગર અને બોટાદનાં લોકો દિલ્હી ગયા હોવાનું સામે આવ્યું હતું. તેવામાં હવે સુરતમાંથી પણ ૭૬ લોકો દિલ્હીની જમાતમાં ગયા હતા. જેમાંથી ૭૨ લોકોને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. જ્યારે ૪ લોકો હજુ પણ લાપતા હોવાનું ખુલ્યું હતું. ત્યારબાદ કેન્દ્ર સરકારે એક યાદી મોકલીને રાજય સરકારને ચેતવ્યા હતા.

તબલીગી જમાતીઓને ગુજરાતમાંથી શોધવા માટે કેન્દ્રએ પણ ખાનગી એજન્સીઓની મદદ લીધી હતી. ત્યારબાદ કેટલાક વિસ્તારોમાં જમાતીઓ મળ્યા હતા. આજે વધુ એક જગ્યાએથી મોટો ધડાકો થયો છે. એટલે કે ગીરસોમનાથમાં તબલીગી જમાતના ૩૩ લોકોને શોધીને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. તમિલનાડુના ૩૩ લોકો વેરાવળની મસ્જિદમાં રોકાયા હોવાનો ખુલાસો થયો છે. વેરાવળમાં આવેલી મિનારા મસ્જિદમાં રોકાયેલા તમામ લોકોની એસઓજી દ્વારા તપાસ કરવામાં આવી હતી.

દિલ્હીના તબલીગી જમાતીઓએ કોરોના સંક્રમણે સમગ્ર દેશભરમાં ભય ફેલાવ્યો છે. આ જમાતીઓએ પણ ગુજરાતની સ્થિતિ કપરી કરી મૂકી છે કારણ કે ગુજરાતમાં છેલ્લા મોટાભાગના પોઝિટીવ કેસો તેમના લીધે જ સામે આવ્યા છે. ત્યારે ગીર સોમનાથમાં તબલીગી જમાતના ૩૩ લોકો ક્વોરન્ટાઈન કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

# મફતમાં રાશન આપવા મામલે લોકોને તકલીફ પડતાં ધારાસભ્ય વસોયા ધરણાં પર બેઠાં

રાજકોટ

ઉપલેટા-ધોરાજીના કોંગ્રેસના ધારાસભ્ય લલિત વસાયાએ આજે મફતમાં રાશન આપવા મામલે લોકોને પડતી તકલીફો અંગે વિરોધ કર્યો હતો. લલિત વસોયા કાર્યકરો સાથે નાયબ કલેક્ટરની ઓફિસે પહોંચ્યા હતા. નાયબ કલેક્ટરને રજૂઆત કરી હતી. બાદમાં તેઓ નાયબ કલેક્ટરના ટેબલ પર બેસી જઈ ધરણા કર્યા હતા. પરંતુ પોલીસે તેની અટકાયત કરી પોલીસ મથકે લઈ ગયા હતા. એક તરફ લોકડાઉનની પરિસ્થિતિ છે અને ૧૪૪ની કલમ હોવા છતાં લલિત વસોયા વિરોધ કરવા નાયબ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા. આથી જાહેરનામાનો ભંગ કરવા બદલ પોલીસે તેની અટકાયત કરી છે.

આ અંગે નાયબ કલેક્ટરે જણાવ્યું હતું કે, ધારાસભ્યએ જે રજૂઆત કરી છે તેના અનુસંધાને અમારે હાલ સર્વેની કામગીરી ચાલુ છે. અનાજ નથી મળતુ એવું નથી. છેલ્લા ત્રણ વર્ષથી અનાજ લેતા નહોતા તેવા કાર્ડધારકોને અનાજ નથી મળતું. સરકારના ધારા ધોરણ મુજબ ગયા મહિને જે કાર્ડધારકોએ અનાજ લીધું છે તેઓને આ મહિને ફ્રિમાં મળવાનું છે તેવી જાહેરાત છે. ધારાસભ્યએ એવું કહ્યું છે કે રોજ આવીને બેસશે તેના જવાબમાં નાયબ કલેક્ટરે જણાવ્યું હતું કે, અમે પોલીસને જાણ કરી છે તેવી કોઈ જોગવાઈ નથી કે રોજ આવીને બેસી શકાય. કાયદાનું પાલન ચૂસ્તપણે થાય તે માટે હું લેખિતમાં પણ પોલીસને જાણ કરીશ. જે લોકો અહીં રજૂઆત કરવા આવે છે તેનો નંબર અને સરનામું લઈ સ્વૈચ્છિક સંસ્થા પાસે મોકલીએ છીએ અને તેનો સર્વે કરવામાં આવે છે.

# દેવગઢબારીયામાં બે બાળ દિપડાઓ પાંજરે પૂરાતા લોકોમાં હાશકારો

દાહોદ

દેવગઢબારીયા તાલુકામાં રેબારી ગામે બાળ દિપડાઓને પાંજરે પુરવામાં આવ્યા. છેલ્લા કેટલાક દિવસોથી ખેતરમાં કામ કરતા મજૂરો પર દિપડો હુમલો કરતો હતો. જેથી ખેડૂતોએ અને ગ્રામજનોએ આ બાબતે વનવિભાગને રજુઆત કરી હતી. જેના પગલે બાળ દિપડાઓને પાંજરે પુરવામાં આવ્યા અને તેમને જંગલ વિસ્તારમાં છોડી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, દિપડો પાંજરે પુરાતા ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. માહિતી પ્રમાણે, રેબારી ગામમાં દિપડાએ આતંક મચાવ્યો છે અને છેલ્લા કેટલાક દિવસથી ખેતરમા કામ કરતા ખેડુતો ઉપર દિપડાએ હુમલો કરતા ગ્રામજનોએ રજુઆત કરી હતી. જેથી વન વિભાગ દ્વારા રેબારી ગામે પાંજરા મુકાતા બે બાળ દિપડા પાંજરે પુરાયા છે અને બન્ને બાળ દિપડા ને જંગલ વિસ્તાર માં લઈ જવાયા છે.

# પાટણ જિલ્લામાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો, યુવક મુંબઈથી આવ્યો હતો

પાટણ

રાજયમાં કોરોનાનો કેર ધીરે ધીરે વધી રહ્યો છે. ત્યારે પાટણ જિલ્લામાં પણ કોરોના વાયરસથી સંક્રમિત પહેલા કેસ સામે આવ્યો છે. પાટણનાં ભીલવણ ગામનાં યુવકનો કેસ પોઝિટિવ આવ્યો છે. આ યુવક ૧૫ માર્ચનાં રોજ મુંબઈથી આવ્યો હતો. હાલ આ યુવાનને આઈસોલેશન વોર્ડમાં રાખવામાં આવ્યો છે. ત્યારે જિલ્લાનાં તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. મળતી માહિતી પ્રમાણે, પાટણના ભીલવણ ગામનો યુવક ૧૫મી માર્ચે જ મુંબઈથી આવ્યો હતો. જે બાદ તે થોડા દિવસથી બીમાર રહેતો હતો. જે બાદ કોરોનાનો રિપોર્ટ કરાવતા યુવકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે તેને હાલ ધારપુર હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ખસેડવામાં આવ્યો છે.

# કેદારનાથ ધામના કપાટ ૨૯ અને બદ્રીનાથ ધામના કપાટ ૩૦ એપ્રિલે ખૂલશે

દહેરાદૂન

બદ્રીનાથ ધામ પર પણ લૉકડાઉનની અસર દેખાઈ રહી છે. ચારધામ યાત્રા સંબંધિત તમામ પ્રવૃત્તિઓ ઠપ થઈ ગઈ છે. અને યાત્રાની તૈયારીઓ પર અસર પડી રહી છે. ૬ મહિના ચાલતી ચારધામ યાત્રા માટે ગંગોત્રી અને યમુનોત્રી ધામનાં કપાટ ૨૬ એપ્રિલ, કેદારનાથ ધામના ૨૯ એપ્રિલ અને બદ્રીનાથ ધામનાં કપાટ ૩૦ એપ્રિલે ખૂલશે. ચારધામ યાત્રા સાથે સંકળાયેલા અધિકારીઓનું કહેવું છે કે, કોરોના વાઈરસને લઈને જ્યાં સુધી સ્થિતિ થાળે નહીં પડે તો ડિજિટલ પૂજા-દર્શન અંગે વિચારાશે. સામાન્ય રીતે કપાટ ખૂલવાના ૧ મહિના અગાઉથી તૈયારીઓ શરૂ થઈ જાય છે પણ આ વખતે લૉકડાઉનના કારણે કોઈ જ તૈયારી થઈ શકી નથી. માટે આ વર્ષે યાત્રાળુઓને બદ્રીનાથ જવાની મંજૂરી મળશે નહી અને ભક્તો માટે ડિજીટલ દર્શનની વ્યવસ્થા પણ ગોઠવાઈ શકાય છે.

# લોકડાઉન ઈફેક્ટઃ રાજ્યમાં ૭૧૦૦ મેગાવોટ વીજ વપરાશમાં ઘટાડો નોંધાયો

ગાંધીનગર

કોરોનાના કારણે સમગ્ર ગુજરાતમાં અત્યારે લોકડાઉનની સ્થિતિમાં વીજવપરાશ જબરજસ્ત ઘટાડો નોંધાયો છે . રાયમાં સરકારી વીજળી વાપરતા કુલ ૧૭,૧૧,૭૪૯ ઔધોગિક એકમો દ્વારા સામાન્ય સંજોગોમાં વર્ષે કુલ ૪૭,૧૮૫ મિલિયન યુનિટ અર્થાત્ પ્રતિદિન ૧,૨૯૩ લાખ યુનિટનો વપરાશ છે, જેની સામે અત્યારે માત્ર ૨૮૩ લાખ યુનિટ જ વપરાઈ રહ્યા છે, મતલબ, ઔધોગિક ક્ષેત્રે વીજવપરાશ ૭૮ ટકા ખપત ઘટી જવા પામી છે. રાજ્ય ૭૧૦૦ મેગાવોટ વીજ વપરાશમાં ઘટાડો નોંધાયો છે.

રાજ્યમાં રોજ ૩૦ કિલોવોટથી ૧૦૦ કિલોવોટ સુધી વીજળી વાપરતા લો–ટેન્શન (એલટી) એકમોની સંખ્યા ૧૬,૯૬,૯૯૨ છે, જે વર્ષે ૧૩,૩૨૪ મિલિયન યુનિટ યાને રોજ ૩૬૫ લાખ યુનિટ વીજળી વાપરે છે. યારે રોડ ૧૦૦ કિલોવોટથી વધુ વીજળી વાપરતા હાઈ–ટેન્શન (એચટી) એકમોની સંખ્યા ૧૪,૭૫૭ છે, જે વર્ષે ૩૩,૮૬૧ મિલિયન યુનિટ યાને રોજ ૯૨૮ લાખ યુનિટ વીજળી વાપરે છે. અત્યારે રાયમાં ધોગિક ક્ષેત્રે માત્ર ૨૮૩ લાખ યુનિટનો જ રોજ વીજવપરાશ થાય છે, એટલે કે રોજનો ૧,૦૧૦ લાખ યુનિટ વીજળીનો વપરાશ ઘટી ગયો છે. જે કુલ ૧૭.૧૨ લાખ એકમો એલટી અને એચટી વીજળી વાપરે છે તેમાં મોલ, મલ્ટિપ્લેકિસસ, મોટા વાણિયક એકમો, ગોદામો પણ સામેલ છે.

સામાન્ય સંજોગોમાં પીજીવીસીએલના જે કુલ એલટી– એચટી એકમો છે, તે ૧૬,૪૦૯ મિલિયન યુનિટ વર્ષે વાપરે છે, એવી રીતે યુજીવીસીએલના કુલ ૩,૫૦,૦૭૧ એકમો ૧૦,૧૯૫ મિલિયન યુનિટ, ડીજીવીસીએલના કુલ ૪૦,૮૨૨ એકમો ૧૪,૬૧૪ મિલિયન યુનિટ તેમજ એમજીવીસીએલના કુલ ૩,૦૫,૫૯૮ એકમો ૫,૯૬૭ મિલિયન યુનિટ સામાન્ય સંજોગોમાં વાપરે છે.

# આવશ્યક સેવાઓની કામગીરી કરી રહેલા અધિકારી, કર્મચારીઓનું વિરમગામ ખાતે સ્ક્રિનીંગ કરાયુ



**આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા સેવા સદન, વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત અને નગરપાલીકા ખાતે મેડીકલ કેમ્પ યોજાયો**

**વંદના નીલકંઠ વાસુકિયા**
**વિરમગામ દ્વારા**

વૈશ્વિક મહામારી કોરોના વાયરસ રોગચાળા અંતર્ગત અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકામાં આવશ્યક સેવાઓની કામગીરી કરી રહેલા કર્મચારીઓની મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.સતીશ મકવાણા અને વિરમગામ પ્રાન્ત ઓફિસર સુરભી ગૌતમના માર્ગદર્શન મુજબ આરોગ્ય વિભાગ દ્વારા શનિવારે આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તાલુકા સેવા સદન વિરમગામ ખાતે તાલુકા સેવા સદન વિરમગામમાં ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓ, પત્રકારો, સેવાકાર્યમાં જોડાયેલા લોકો અને તાલુકા પંચાયત ખાતે તાલુકા પંચાયત કચેરી વિરમગામ સંલગ્ન અધિકારી/કર્મચાકીઓ, એસઆરપી સ્ટાફ, સેવાકાર્યમાં જોડાયેલા લોકોની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મણીપુરાની મેડીકલ ટીમ દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિરમગામ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે નાયબ પોલીસ અધિક્ષક કચેરી વિરમગામ, વિરમગામ ટાઉન/રૂરલ પોલીસ સ્ટેશન, આઈ.બી ના અધિકારી/કર્મચારીઓ અને નગરપાલીકા વિરમગામ ખાતે નગરપાલીકા વિરમગામ સંલગ્ન અધિકારી/કર્મચારીઓની અર્બન હેલ્થ સેન્ટર વિરમગામની મેડીકલ ટીમ દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. કેમ્પમાં આવેલ તમામ લાભાર્થીઓનું ઈન્ફારેડ થર્મલ ગન દ્વારા સ્ક્રિનીગ કરવામાં આવ્યુ હતુ અને મેડીકલ ઓફિસર દ્વારા આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડો. વિરલ વાઘેલા, ડો.જીગર દૈવીક, ડો.આર જી વાઘેલા, નીલકંઠ વાસુકિયા, જયેશ પાવરા સહિતના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, "તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી ધ્રુજારી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. નોવેલ કોરોના વાયરસ એ વાઈરસથી થતો એક પ્રકારનો રોગ છે. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢુ ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

# કોરોના વાઈરસ દૂર કરવા વિશે ખોટી અફવા ફેલાવતા ૬ શખ્સોની ધરપકડ

વડોદરા

વડોદરા શહેરના કારેલીબાગ બળીયાદેવ મંદિર પાસે પીપળાના ઝાડને પાણી પીવડાવવાથી કોરોના વાઈરસ દૂર થાય છે, તેવી અફવા ફેલાવનાર ૬ આરોપીની કારેલીબાગ પોલીસે ધરપકડ કરી છે.

કારેલીબાગ પોલીસને બાતમી મળી હતી કે, વડોદરા શહેરના નાગરવાડા નવીધરતી ગોલવાડમાં આવેલા બળીયાદેવના મંદિરમાં આવેલા પીપળાના ઝાડને પાણી પીવડાવવા માટે ટોળુ એકત્રીત થયુ છે, પીપળાના ઝાડને પાણી પીવડાવવાથી કોરોના વાઈરસ દૂર થવાની અફવા ફેલાવવામાં આવી રહી છે. અને જેનો વીડિયો પણ વાયરલ થયો હતો. પોલીસ તુરંત જ સ્થળ પર પહોંચી ગઈ હતી. જોકે ટોળુ વિખેરાઈ ગયું હતું. પોલીસે મંદિર પાસે ઉભેલા ૩ શખ્સો અને વીડિયોમાં દેખાતા અન્ય ૩ શખ્સોની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોનાના ડરમાં અમૃતસરમાં પતિ-પત્નીનો આપઘાત

અમૃતસર

શુક્રવારે પંજાબના અમૃતસરમાં ભયાનક કિસ્સો સામે આવ્યો. અહીં એક વ્યક્તિ અને તેની પત્નીએ કોરોના વાયરસના સંક્રમણના ડરને કારણે આપઘાત કરી લીધો છે. જે બાદમાં ડૉક્ટરોએ લાશનું પોસ્ટમોર્ટમ કરવાનો ઈંકાર કરી લીધો છે. શુક્રવારની આ ઘટના અમૃતસરના બાબા બકાલાના સઢીયાલા ગામમાં બની હતી. અહીં રહેતા ગુરજિંદર અને તેની પત્ની બલવિન્દર કૌરે આપઘાત કરી લીધો છે. બંનેએ પોતાની સુસાઈડ નોટમાં લખ્યું છે કે કોરોના વાયરસને કારણે બંને ચિંતામાં હતાં. આપઘાત બાદ ડૉક્ટરોએ તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવાનો ઈંકાર કરી દીધો છે. જે બાદમાં પરિવારના લોકો તેમના મૃતદેહ લઈને પરત ફરી ગયા હતા. કહેવામાં આવી રહ્યું છે કે બંનેએ કોરોના વાયરસના લક્ષણોને કારણે આપઘાત કરી લીધો છે. રિપોર્ટ્સ પ્રમાણે બંનેએ સુસાઈડ નોટ પણ લખી છે. જેમાં લખ્યું છે કે, "અમે કોરોના વાયરસના સંક્રમણને કારણે નથી મરવા માંગતા. અમને ચિંતા છે." બંનેએ ઝેરી દવા ગટગટાવીને આપઘાત કરી લીધાનું જાણવા મળ્યું છે.

# લોકડાઉનમાં હેર કટિંગ કરાવવા બહાર નીકળેલા ૫ લોકો સીધા લોકઅપમાં પહોંચ્યા..!!

ગાંધીનગર

દેશભરમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કરાયું છે. તેમ છતાં ઘણા લોકો બહાના બનાવીને ઘરની બહાર નીકળી રહ્યા છે. ત્યારે લોકડાઉનમાં હેર કટિંગ કરાવવા માટે બહાર નીકળેલા પાંચ લોકો સીધા લોકઅપમાં પહોંચી ગયા. આ પાંચમાંથી એક વ્યક્તિની દુકાનના વાણંદ સાથે પહેલા તકરાર થઈ હતી. જે બાદ તેણે આ લોકોને વાળ કાપવા માટે બોલાવ્યા અને પોતાની બંધ દુકાનની બહાર ઊભા રાખ્યા. બીજી તરફ તેણે પોલીસે ફોન કરીને લોકડાઉનના નિયમનું ઉલ્લંઘન કરતા લોકોની જાણકારી આપી દીધી.

જાણકારી મુજબ, ગાંધીનગરના સાંતેજ ગામના પાંચ લોકોની વાણંદ સાથે વાત કર્યા બાદ હેર કટિંગ કરાવવા તેની દુકાનની બહાર ઊભા હતા. જે બાદ પોલીસે તેમને પકડીને તેમની વિરુદ્ધ લોકડાઉનના નિયમનું ઉલ્લંઘન કરવાનો ગુનો નોંધ્યો. વાણંદે સાંતેજમાં પોતાની દુકાનની આગળ પાંચ જેટલા લોકો એકઠા થયા હોવાની જાણકારી પોલીસને આપી હતી. પોલીસને મળેલી આ માહિતી ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વેરિફાઈ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું કે ૫ લોકો હેર કટિંગ અને શેવિંગ કરાવવા દુકાનની બહાર રાહ જોઈ રહ્યા છે. તેમને પકડીને તેમની વિરુદ્ધ લોકડાઉનના નિયમનો ઉલ્લંઘન કરવાનો ગુનો નોંધવામાં આવ્યો છે.

### લોકોડાઉન દરમિયાન સ્ત્રી અત્યાચારોમાં થયેલો વધારો

# સાસરીયાઓના ત્રાસથી પરિણીતાએ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી

**રૂા.૭ લાખ કે જમીન માગનાર સાસરિયાઓ સામે દુષ્પ્રેરણાનો ગુનો દર્જ**

સુરત

શહેરના ડિંડોલી વિસ્તારમાં સંયુક્ત કુટુંબમાં રહેતી પરિણીતાને સાસરિયાઓ દ્વારા રૂા.૭ લાખ કે જમીનની માંગણી કરી તારામાં ભૂત પ્રેત છે તેમ કહી ધાર્મિક વિધિ માટે તેણીને લઈ જઈ, શારીરિક-માનસિક ત્રાસ આપતા કંટાળી જઈને તેણીને ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ડિંડોલી પોલીસે પરિણીતાના ભાઈની ફરિયાદના આધારે સાસરિયાઓ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ મૂળ ઉત્તરપ્રદેશના વતની અને વર્ષોથી વાપી જી.આઈ.ડી.સી હરિયા કોલેજની બાજુમાં શિવાજીનગરના પ્લોટ નં.૧, બ્લોક નંબર.૫, માં કાકા-કાકી સાથે રહેતા ૨૧ વર્ષીય અરવિંદ રાજેશભાઈ યાદવ ડ્રાઇવિંગનું કામ કરે છે. વતનમાં રહેતા માતાપિતાએ તેમની પુત્રી પ્રીતિના લગ્ન મે ૨૦૧૮ માં તેમના ગામ નજીકના મૂળ વતની અને સુરતના ડિંડોલી વિસ્તારની સહજાનંદનગર સોસાયટી પ્લોટ નં.૮૪ માં સંયુક્ત પરિવારમાં રહેતા રાજેન્દ્ર શ્રીહરિપ્રસાદ યાદવ સાથે કર્યા હતા.લગ્ન સમયે રાજેશભાઈએ પુત્રીના સાસરિયાઓને દહેજ પેટે રૂ.૫ લાખ અને ઘર વખરીનો સામાન આપ્યો હતો. શરૂઆતના બે-ત્રણ માસ સુધી સારી રીતે રાખ્યા બાદ ઓકટોબર મહિનાથી પ્રીતિને તેનો પતિ ઘરના કામકાજ બાબતે શારિરીક-માનસિક ત્રાસ આપી તેના ચારીત્ર્ય ઉપર ખોટી શંકા રાખી ઝઘડો કરતો હતો અને મારપીટ પણ કરતો હતો. તેથી કંટાળી પ્રીતિએ ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. આથી રાજેન્દ્રએ તેને લઈ જવા કહેતા સુરત આવેલા અરવિંદને પ્રીતિએ જણાવ્યું હતું કે તેને પતિ, જેઠ બબલુ અને સંજય, તેમની પત્નીઓ તારામાં ભૂત પ્રેત છે કહી ધાર્મિક વિધિ માટે લઈ જાય છે અને માર પણ મારે છે.જેથી અરવિંદ પ્રીતિને વાપી લઈ ગયો હતો.પરંતુ બાદમાં પ્રીતિના સસરા સાથે સમાધાન થતાં રાજેન્દ્ર પત્નીને પોતાના ઘરે ફરી લઈ ગયો હતો. થોડો સમય બાદ પ્રીતિ ગર્ભવતી થતાં ફરી તેણે ત્રાસ આપવા માંડયો હતો.

જેની જાણ ભાઈ અરવિંદને થતાં તે ફરી પ્રીતિને પોતાના ઘરે લઈ ગયો હતો.બાદમાં પંચાયત બેસી હતી અને ત્યાર બાદ સાસરિયાઓની રૂ.૭ લાખ કે વતનની જમીન આપવાની માંગણી પૈકી રૂ.૭ લાખની માંગણી સ્વીકારતા પ્રીતિને સાસરિયાઓ લઈ ગયા હતા.જોકે, બે દિવસ અગાઉ અરવિંદ મુંબઈ હતો ત્યારે પ્રીતિએ ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની જાણ થતા જ તે સુરત દોડી આવ્યો હતો. પોસ્ટમોર્ટમમાં પ્રીતિને ડાબા કાન પાસે અને આંખમાં ઈજા થઇ હોવાનું જાણવા મળતા છેવટે અરવિંદે બહેન પ્રીતિને આત્મહત્યા કરવા મજબુર કરનાર તેણીના પતિ રાજેન્દ્ર શ્રીહરિપ્રસાદ યાદવ, જેઠ બબલુ શ્રીહરિપ્રસાદ યાદવ, જેઠ સંજય શ્રીહરિપ્રસાદ યાદવ, જેઠાણી કિરણ બબલુ યાદવ અને સંજય યાદવની પત્ની ( તમામ રહે. પ્લોટ નં.૮૪, સહજાનંદનગર સોસાયટી, ડીંડોલી, સુરત ) વિરૂદ્ધ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

### રાજકોટ પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલનું મોટું નિવેદન

# લોકડાઉનમાં પાસ વગર એક પણ વ્યક્તિ ઘરની બહાર નીકળી નહિ શકે

**લોકો ઘરની બહાર ન નીકળે તે માટે રાજકોટ પોસ્ટ ઓફિસ દ્વારા શહેરીજનો માટે ૩ ખાસ સેવાઓ શરૂ કરવામાં આવી,જરૂર પડ્યે ૧૦૦ નંબર પર ફોન કરી શકાશે**

રાજકોટ

રાજ્યમાં કોરોનાનો કેર વધી રહ્યો છે ત્યારે રાજકોટમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલે જણાવ્યું છે કે, લૉકડાઉનમાં પાસ વગર એકપણ વ્યક્તિએ ઘરની બહાર નીકળી નહીં શકે. જરૂર પડે તો લોકો પોલીસ કન્ટ્રોલ રૂમમાં ૧૦૦ નંબર પર પણ ફોન કરી શકશે. દવા,દૂધ જેવી આવશ્યક ચીજવસ્તુ ફરજીયાત હોમ ડિલેવરી કરવી પડશે.

લૉકડાઉનનાં ૧૧માં દિવસે રાજકોટમાં આજે પરિસ્થિતિની ચકાસણી કરવા માટે પોલીસ કમિશનર નીકળ્યા હતા. રસ્તા પર બિન જરૂરી નીકળતા લોકોને ઉભા રાખીને તેમને સમજાવ્યાં પણ હતા. દરેક પોઈન્ટ પર જરૂરી સ્ટાફ છે કે કેમ તે અંગે પણ નીરીક્ષણ કર્યું હતું. આ સાથે તેમણે મહત્વનો નિર્ણય પણ કર્યો છે.

લૉકડાઉનમાં લોકો ઘરની બહાર ન નીકળે તે માટે રાજકોટ પોસ્ટ ઓફિસ દ્વારા શહેરીજનો માટે ૩ ખાસ સેવાઓ શરૂ કરવામાં આવી છે. કોઈપણ વ્યક્તિને બેંકમાં ખાતું હશે તેઓને કોઈ પણ વધારાનો ચાર્જ લીધા વિના ઘરે બેઠા પ્રતિદિન રૂ.૧૦ હજાર સુધીની રકમ પોસ્ટ માસ્ટર મારફતે પહોંચાડવામાં આવશે. સરકાર દ્વારા વિધવા સહાય યોજનાની રકમ બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ રકમ પોસ્ટ ઓફિસ દરેક લાભાર્થીને ઘરે પહોંચાડશે. લોકડાઉન દરમિયાન મેડિકલને લગતી ચીજવસ્તુઓ દેશભરમાં મોકલવા માટે ખાસ સુવિધા શરૂ કરવામાં આવી છે. જેના માટે મુખ્ય પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવાનો રહેશે. પોસ્ટ ઓફિસ દ્વારા શરૂ કરવામાં આવેલી ત્રણેય સેવા માટે કોઈ વધારાનો ચાર્જ લેવામાં આવે નહીં. ઘરેબેઠા પૈસા મેળવવા માંગતા વ્યક્તિએ વોટ્સએપ નં.૬૩૫૪૯૧૯૬૭૬, ૬૩૫૪૯૧૯૬૯૫ પર પોતાનું નામ, મોબાઈલ નંબર અને પૂરું સરનામું મોકલવાનું રહેશે.

### મૃત્યુ પામેલા પુરૂષની દીકરી અને પુત્રવધુ સાજા થયા,પત્ની અને પુત્ર સારવાર હેઠળ

# વડોદરામાં સગર્ભા મહિલાએ કોરોના વાયરસને મ્હાત આપીઃ સ્વસ્થ થતાં ઘરે પરત ફર્યા

વડોદરા

વડોદરામાં સગર્ભા મહિલા કોરોના મુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ છે. અત્યાર સુધી વડોદરા શહેરમાં ૩ દર્દીને સાજા થયા બાદ રજા આપવામાં આવી છે અને ૧૪ દિવસના હોમ ક્વોરન્ટન પર રાખવામાં આવ્યા છે. વડોદરાની સયાજી હોસ્પિટલમાં આજે વડોદરામાં કોરોના વાઈરસના દર્દીઓ સાજા થાય તે માટે સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી. જેમાં સયાજી હોસ્પિટલનાં તબીબો અને નર્સો જોડાયા હતા. સયાજી હોસ્પિટલનો મેડિકલ સ્ટાફ સતત કોરોના વાઈરસના દર્દીઓની સારવારમાં લાગેલો છે. વડોદરા જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવેલી વધુ એક મહિલા દર્દી સંપૂર્ણ સાજી થઈ જતા આજે સવારે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે ૨ મહિલા અને ૧ પુરુષ મળીને વડોદરામાં ૩ દર્દી કોરોના મુક્ત થયા છે.

# ગાંધીનગરમાં ૮૧ વર્ષની વૃદ્ધે કોરોનાને હરાવ્યોઃ ૧૨ દર્દીઓ સાજા થયા

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના વાયરસ સામે વધુ બે લોકોએ જીત મેળવી છે. ગાંધીનગરમાં કોરોના સંક્રમિત બે દર્દીઓ સાજા થતા હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ગાંધીનગરમાં એક ગર્ભવતી મહિલા અને ૮૧ વર્ષની મહિલાએ સરકારી હૉસ્પિટલમાં ઈલાજ કરાવી કોરોનાને માત આપી છે. ગુજરાતમાં કોરોનાને માત આપનાર વ્યક્તિઓની સંખ્યા ૧૦થી વધીને ૧૨ પર પહોંચી છે. ગુજરાતમાં વધી રહેલા કોરોના વાયરસના કહેર વચ્ચે અત્યાર સુધીમાં ૧૨ લોકોએ કોરોના વાયરસને માત આપી હોસ્પિટલમાં સારવાર લઈને સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને માત આપનારા લોકોની સંખ્યા ૧૨ પર પહોંચી છે. રાજકોટમાં કોરોના પોઝીટીવનો પ્રથમ કેસ જંગલેશ્વરમાં નોંધાયો હતો. આ યુવાન સંપૂર્ણ સ્વસ્થ થઈ જતા તેને બે દિવસ પહેલા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. આ જાણકારી જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને આપી હતી.

### કચ્છમાં આગામી ૪૮ કલાક દરમિયાન હીટવેવ

# રાજ્યમાં ભુજ અને રાજકોટ ૪૦ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર

અમદાવાદ

રાજ્યમાં ઉત્તરથી ઉત્તર-પૂર્વીય ગરમ પવનોના કારણે ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ગરમીનો પારો ૩૯ ડિગ્રીની ઉપર જઈ રહ્યો છે અને આગામી ૪૮ કલાકમાં રાજ્યમાં કચ્છ જિલ્લામાં હીટવેવની આગાહી છે. તેમજ ઉત્તર, મધ્ય ગુજરાત અને સૌરષ્ટ્રમાં ગરમીની સૌથી વધુ અસર જોવા મળી શકે છે. રાજ્યમાં તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે.

સમગ્ર રાજ્યમાં ભુજ અને રાજકોટ ૪૦ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર બન્યું હતું. અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી નોંધાયું છે. જેને પગલે શહેરમાં સવારનાં ૧૦ વાગ્યા બાદ ગરમીનું જોર વધ્યું હતું. તેમજ બપોરનાં સમયે લોકોને ઉનાળાની કાળઝાળ ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી બે દિવસો દરમિયાન અમદાવાદમાં ગરમીનો પારો ૧થી ૨ ડિગ્રી વધીને ૪૦.૦ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રોરેટા મુજબ પરિણામ અપાય તેવી શક્યતા

ગાંધીનગર

રાજ્યની યુનિવર્સિટીની પરીક્ષામાં કોરોનાના કારણે અડચણ ઉભી થતાં અંતે કૉલેજમાં વિદ્યાર્થીઓને માસ પ્રમોશન નહીં પરંતુ પ્રોરેટા મુજબ પરિણામ જાહેર કરવાની દિશામાં શિક્ષણ વિભાગ વિચારી રહ્યો છે. આગામી અઠવાડિયામાં આ અંગેનો નિર્ણય જાહેર કરી દેવામાં આવે તેવી શક્યતા છે, જેમાં પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા જૂનમાં લેવાનો પણ નિર્ણય થઈ શકે છે.

ગુજરાતમાં કોરોનાના કારણે લોક ડાઉન હોવાથી રાજ્યની વિવિધ યુનિવર્સિટીની પરિક્ષાઓ અટવાઈ ગઈ છે, આ ઉપરાંત લોકડાઉન લાંબું ચાલે તેવી દહેશતને ધ્યાનમાં રાખી કૉલેજની પરીક્ષાઓનો વિકલ્પ વિચારમાં આવી રહ્યો હતો. જેમાં પરીક્ષા લેવામાં ના આવે તો વિદ્યાર્થીઓને પરિણામ કેવી રીતે આપવા, જેમાં શિક્ષણ વિભાગ દ્વારા તમામ યુનિવર્સિટીના કુલપતિથી માંડીને શિક્ષણ વિભાગના અધિકારીઓએ મનોમંથન કરી રહ્યા છે. જેમાં એક એવું તારણ કાઢવામાં આવી રહ્યું છે કે, અંડર ગ્રેજ્યુએટની પરીક્ષા રદ કરીને પ્રોરેટા મુજબ પરીણામ આપવું, જેમાં પહેલા અને બીજા સેમેસ્ટરના પરિણામોના મૂલ્યાંકન કરી ત્રીજા સેમેસ્ટરનું પરિણામ આપવું, આ જ પ્રમાણે જો ચોથા સેમેસ્ટરમાં વિદ્યાર્થી હોય તો પહેલા, બીજા અને ત્રીજા સેમ.ના આધારે ચોથાનું રિઝલ્ટ આપવું.

# સુરતમાં પાલની ૬૧ વર્ષિય મહિલાનો કોરોના પોઝિટિવ આવ્યો

## સુરત શહેરમાં કોરોના વાયરસના શંકાસ્પદ વધુ ૧૯ કેસો સામે આવ્યા

**દિલ્હી મરકઝથી આવેલા સુરત જિલ્લાના ૩૯ લોકોને કોરોન્ટાઈન કરાયા**

સુરત

શહેરમાં બે દિવસ બાદ આજે વધુ એક પાલની મહિલાનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.આ મહિલા હાલમાં મિશન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.આ ઉપરાંત સુરતમાં વધુ ૧૯ દર્દીઓને શંકાસ્પદ કોરોનાના લક્ષણો સાથે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.આ ઉપરાંત દિલ્હીના મરકઝમાં જઈને આવેલા સુરત જિલ્લાના ૩૯ લોકોને કોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યાનું પણ જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દેશમાં લોકડાઉનના ૧૦ દિવસ પુર્ણ થયા છે. ત્યારે સુરત શહેરમાં દિન પ્રતિદીન કોરોના વાયરસના શંકાસ્પદ કેસોની સંખ્યા સામે આવી રહી છે.શહેરના પાલ વિસ્તારમાં રહેતી ૬૧ વર્ષિય મહિલા રજનીબેન લીલાનીને શંકાસ્પદ કોરોનાના લક્ષણો સાથે મિશન હોસ્પિટમાં દાખલ કરવામાં આવી હતી.જેનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.આ સાથે શહેમાં કોરોના પોઝિટિવના આંક બાર થવા પામ્યો છે.જે પૈકી એકનું મોત નિપજયું હતું.જ્યારે ત્રણ જણા સારા થતાં તેમણે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. શનિવારે વધુ ૧૯ કેસો સામે આવ્યા છે કે જેમણે શંકાસ્પદ કરોનાના લક્ષણો સાથે સારવાર માટે જુદી જુદી હોસ્પિટલોમાં દાખલ કરાયા છે.જેમાં પાલમાં રહેતી ૪૭ વર્ષીય મહિલા , વેડરોડમાં રહેતો સવા વર્ષનો બાળક , હિરાબાગ વિસ્તારમાં રહેતો ૧૬ વર્ષીય સગીર , ભટાર રોડ પર રહેતો ૪૮ વર્ષીય યુવક મુંબઈથી આવ્યો હતો. આ ઉપરાંત કાપોદ્રામાં રહેતો ૨૨ વર્ષીય યુવકમાં કોરોના વાયરસના લક્ષણો દેખાતા સ્મિમેર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તેમજ સરથાણામાં રહેતો અને મહેસાણાથી આવેલો ૨૨ વર્ષીય યુવક , કતારગામમાં રહેતી ૩૪ વર્ષીય મહિલાને પણ લક્ષણો દેખાતા સિવીલમાં ખસેડવામાં આવ્યા છે.

શહેરના પાંડેસરા ડી માર્ટ મોલમાં કામ કરતા યુવકનો રીપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તેના સંપર્કમાં આવેલા પરિવારજનોમાં ૨૦ વર્ષીય યુવક , ૭૫ વર્ષીય વૃધ્ધા , ૪૯ વર્ષીય આધેડ અને પાંડેસરામાં રહેતી ૪૦ વર્ષીય મહિલામાં કોરોના વાયરસના લક્ષણો દેખાતા તેઓને નવી સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. તેમજ વેસુમાં રહેતી ૮૩ વર્ષીય વૃધ્ધા , બેગમપુરામાં રહેતા ૬૫ વર્ષીય વૃધ્ધ , રાંદેરમાં રહેતો ૫૫ વર્ષીય આધેડ , વેડરોડમાં રહેતી ૨૮ વર્ષીય મહિલા અને પાંડેસરામાં રહેતો ૧૯ વર્ષીય બોમ્બેથી આવ્યો હતો. આમ આ તમામમાં લક્ષણો દેખાતા મિશન અને સિવીલમાં દાખલ કરાયા છે. ૧૯ પૈકી ૧૭ લોકોની ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાનું સામે આવ્યુ છે.

આમ સુરત શહેરમાં કુલ અત્યાર સુધી ૧૮૩ કેસો નોંધાઈ ચુક્યા છે. જેમાંથી ૧૦ના રીપોર્ટ પોઝીટીવ આવી ચુકયા છે. જેમાંથી એકનું મોત નિપજયુ છે. જયારે સુરત જિલ્લામાં પણ બે પોઝીટીવ કેસો નોંધાયા છે. સુરતમાં હોસ્પિટલોમાં દાખલ થયેલા પૈકી આઠના રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. આ સાથે નેગેટીવ દર્દીઓની સંખ્યામાં ૧૫૭ પર પહોંચી છે. જયારે હજુ પણ ૧૬ના રીપોર્ટ પેન્ડીગ હોવાનું જાણવા મળ્યુ છે. આ ઉપરાંત દિલ્હી મરકઝમાં હાજરી આપીને આવેલા સુરત જિલ્લાના ૩૯ લોકોને આરોગ્ય વિભાગે કોરોન્ટાઈન કર્યા બાદ આ તમામ લોકોના કોરોના વાયરસના તબીબી તપાસ માટેના નમુના લઈ લેબમાં મોકલી આપવામાં આવ્યા છે.

# કોરોના વાઈરસની વૈશ્વિક મહામારીમાં ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીય સંસ્કૃતિની ધુણી ધખાવી




**રાજપુત એસોસીએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા (RAMA) દ્વારા વિદ્યાર્થીઓને કોરોનાની મહામારી વચ્ચે જીવન જરૂરી વસ્તુઓ આપી સેવાની જ્યોત પ્રગટાવી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાઈરસની વૈશ્વિક મહામારીમાં ઓસ્ટ્રેલિયા જેવા દેશમાં રાજપૂત એસોસીએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા(ઈછસ્છ)દ્વારા સેવાની ધુણી ધખાવી છે.

જાણવા મળ્યા મુજબ સમગ્ર વિશ્વનો કોરોના મહામારીએ ભરડો લીધો છે અને લોકડાઉનની સ્થિતિ સર્વત્ર હોવાથી લોકો પરેશાન થઈ રહ્યા છે ત્યારે ગુજરાતમાં જેમ સેવા ભાવી સંસ્થાઓ મેદાનમાં આવી સેવાકાર્ય કરે છે ત્યારે ફરી એકવાર 'જ્યાં વસે ગુજરાતી ત્યાં સદા એક ગુજરાત 'યુક્તિ મુજબ દાદરા નગર હવેલીના અને ગુજરાતના રાજપૂત એસોસીએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા(ઈછસ્છ) દ્વારા મેલબોર્નમાં રાહત અને સેવાની કામગીરીનું ઉત્તમ કાર્ય હાથ ધરાયું છે. જેમાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓની કીટ બનાવવામાં આવેલ છે જેમાં બાસમતી ચોખા, દાળ, તેલ, કઠોળ, મસાલા, ચાહા-કોફી, ખાંડ તથા ઠંડા પીણા સહિત વિવિધ ચીજવસ્તુઓ ડોર-ટુ-ડોર મેલબોર્નમાં વસતાં જરૂરીયાત મંદ દરેક ભારતીય વિદ્યાર્થીઓને ભેદભાવ સિવાય સાર્વત્રિક રીતે મદદ કરવામાં આવી રહી છે.

રાજપૂત એસોસીએશન ઓફ મેલબોર્ન ઓસ્ટ્રેલિયા (RAMA) દ્વારા વિવિધ પ્રકારની સેવા ભૂતકાળમાં પણ કરવામાં આવેલ છે. જેમ કે બ્લડ ડોનેશન,ફાયર રીલીફ જેવા સમાજો પયોગી કાર્યોમાં મદદ કરી હતી. લોકડાઉનને કારણે મુસીબતમાં મુકાયેલ વિદ્યાર્થીઓને ત્યાંની સ્થાનિક ઓથોરીટીની મદદ ના મળી હોય માટે ત્યાં ડોર-ટુ-ડોર આ વિદ્યાર્થીઓની હમ તુમ્હારે સાથ હૈ' ની હૈયા ધારણા સાથે વર્ષોથી ત્યાં વસવાટ કરતા રાજપૂત સમાજ એસોસી-એશનના યુવા અગ્રણીઓએ આ કામગીરી હાથ ધરી પ્રસંશનીય કાર્ય કર્યું છે.

# સુરતમાં કોરોનાના ૧૯ નવા શંકાસ્પદ દર્દીઓ: ૨૧ રિપોર્ટ પેન્ડિંગ

સુરત

મહાનગરપાલિકાના મ્યુ.કમિશનર બંછાનિધિ પાનીએ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં કોરોનાના ૧૬૪ શંકાસ્પદ, ૧૫૦ નેગેટિવ, ૧૦ પોઝીટિવ અને ચાર રિપોર્ટ પેન્ડીંગ છે. લિંબાયત ઝોનમાં હોમ ક્વોરેન્ટાઈનનો ભંગ કરનાર એક વ્યક્તિ વિરુદ્ધ એફ.આઈ.આર કરવામાં આવી છે. શહેરના આરોગ્ય કેન્દ્રો પરથી ૧૦ રૂપિયાની ફી નહીં લેવાય તેવો નિર્યણ પાલિકા દ્વારા કરવામાં આવ્યો છે .એપીએમસી ખાતે ફેરિયાઓનો જમાવડો પાસ માટે થયો હતો. શહેરમાં ૧૯ શંકાસ્પદ દર્દીઓના ઉમેરો થયો છે. કુલ શંકાસ્પદ ૧૮૩માંથી ૧૦ પોઝિટિવ છે જ્યારે ૧૫૨ નેગેટિવ છે કુલ ૨૧નો રિપોર્ટ પેન્ડિંગ છે.

સુરત એપીએમસી ખાતે લોકોનો જમાવડો થયો છે.મોટી સંખ્યામાં લોકો એપીએમસી પહોંચ્યાં હતાં. પાસ લેવા માટે લોકોને બોલાવ્યા હતાં. લોકોને બોલાવ્યા બાદ સંચાલકો ગાયબ થઈ ગયાં હતાં. સવારે ૯ વાગ્યે પાસ આપવાના હતાં.પાસ માટે ફેરિયાઓ મોટી સંખ્યામાં પહોંચ્યાં હતાં.

સુરતમાં હોમ ક્વોરેન્ટાઈન ભંગના કુલ ૧૧ કેસો કરાયા છે. જ્યારે કોવિડ-૧૯ ટ્રેકર એપ્લિકેશન પર છેલ્લાં ત્રણ દિવસનો હેલ્થ રિપોર્ટ સબમીટ ન કરવાના કારણોસર ૨૩ વ્યક્તિઓ વિરુદ્ધ પ્રત્યેકને રૂ.પાંચ હજારનો દંડ વસુલ કરવાની નોટિસ આપવામાં આવી છે. રિજનલ પાસપોર્ટ ઓફિસ દ્વારા આપવામાં આવેલા ડેટા અનુસાર ૨૨ માર્ચ પછી ૧૩૦ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન હેઠળ રહેવા અને કોવિડ-૧૯ ટ્રેકર એપ્લિકેશન અચૂક ડાઉનલોડ કરી રજિસ્ટ્રેશન કરવા સુચના આપવામાં આવી છે.

# લોકડાઉનમાં બારડોલીની સાત દુકાનોના તાળા તોડી તસ્કરો હાથફેરો કરી ગયા

**સીસીટીવી કેમેરા ફેરવીને તસ્કરોએ અજમાવેલો કરતબ**

સુરત

હાલની લોકડાઉનની સ્થિતિમાં બારડોલીના લીમડાચોક વિસ્તારની નવ દુકાનોને નિશાન બનાવી તસ્કરો રૂા.૨૦ હજારની મતાની ચોરી કરી ગયા હતા.તસ્કરો બે દુકાનોમાં ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા.જેમણે પોતાની કરતુતને અંજામ આપવા માટે સ્થળ પરના સીસીટીવી કેમેરાને પણ ફેરવી નાંખ્યા હતા.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં હાલની લોકડાઉનની સ્થિતિમાં તમામ રસ્તાઓ શુમસાન છે.ત્યારે તેનો લાભ લઈ અહિંના લીમડા ચોકમાં આવેલું શાકભાજી માર્કેટ પાછલા બે દિવસોથી સ્વરાજ આશ્રમના મેદાનમાં ખસેડવામાં આવ્યો છે.જેથી આ વિસ્તાર હાલમાં ભારે શુમસાન છે.લીમડા ચોક વિસ્તારમાં શાકભાજી મધ્યરાત્રીથી આવવાનું શરૂ થતું હોવાથી અહિં વેપારીઓ વહેલા આવી જતા હતા. પરંતુ બે દિવસથી માર્કેટ અન્યત્ર ખસેડાતા રાત્રે તસ્કરોએ એકલતાનો લાભ ઊઠાવ્યો હતો. આ વિસ્તારની અનાજ કરિયાણા, ઈલેક્ટ્રીક, ટોબેકો, પ્લાસ્ટિક સહિતની ૯ દુકાનોને તસ્કરોએ નિશાન બનાવી હતી. જેમાં ૭ દુકાનના શટરના તાળા તોડીને અંદર ઘુસી ગલ્લામાંથી રોકડ ચોરી લીધી હતી.પરંતુ બે દુકાનોમાં તસ્કરો ચોરી કરી શક્યા ન હતા.જ્યાંરે ટોબેકો અને સ્વીટની દુકાનના શટરનું તાળુ તોડવામાં તસ્કરો નિષ્ફળ રહ્યા હતા.તસ્કરાએ ચોરી કરતાં પહેલા અહિંના સીસીટીવી કેમેરા સાથે પણ ચેડા કરી તેમને ફેરવી નાંખ્યા હતા.બનાવ અંગે બારડોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાંડેસરામાં રુમપાર્ટનર લોખંડના પાઈપ મારે બીજાની હત્યા કરી નાસી છુટયો

**ભાડાના ઘરની સાફ-સફાઈ મુદ્દે થયેલા ઝઘડાનો આવેલો કરુણ અંજામ**

સુરત

શહેરના પાંડેસરા વિસ્તારની દીપક નગર સોસાયટીમાં ઘરની સાફ-સફાઈ અને જમવાની થાળી ધોવા બાબતે બે રુમપાર્ટનો વચ્ચે થયેલો ઝઘડો ઉગ્ર બનતા એકે બીજાની હત્યા કરી નાસી છુટયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના પાંડેસરાના તેરે નામ રોડ સ્થિત દીપક નગર સોસાયટીના ઘર નં. ૮૨ ના પહેલા માળે રૂમ નં. ૧ માં ભાડેથી રહેતા બ્રિજેશ ઉર્ફે છાગા રાજપાલસીંગ રાજપુતે પોલીસને જાણ કરી હતી કે છેલ્લા એક-દોઢ મહિનાથી તેની સાથે રહેતા ૨૩ વર્ષિય સુમીત ઉર્ફે પંજાબીની હત્યા થઈ છે અને તેની લાશ પોતાના રહેણાંક રૂમમાં છે. જેથી પાંડેસરા પોલીસ તુરંત જ ઘટના સ્થળે પહોંચી જઈ તપાસ હાથ ધરી હતી. જેમાં હત્યા સાતેક કલાક અગાઉ લોખંડના પાઈપ અને કાપડના કારખાનમાં ધાગા લપેટવા માટે ઉપયોગમાં લેવાતી ફીરકી વડે માથા,પેટ અને ગળાના ભાગે ઈજા પહોંચાડી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું.ઉપરાંત લાશ જકડાય ગઈ હતી તથા લોહી પણ સુકાય ગયું હતું. પોલીસે લાશનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ કરાવવાની તજવીજ હાથ ધરવાની સાથે બ્રિજેશ ઉર્ફે છાંગાની પુછપરછ કરી હતી.

જેમાં પોલીસને જાણવા મળ્યું હતું કે,દોઢ મહિના અગાઉ સુમીત ઉર્ફે પંજાબી તેમની સાથે રહેવા માટે આવ્યો હતો અને જે છુટક મજુરી કામ કરતો હતો. જ્યારે અભિષેક પારસ યાદવ (રહે. મણીનગર, પાંડેસરા) ત્રણ દિવસ અગાઉ પરિજનો સાથે ઝઘડો થજાં ઘર છોડીને અહિં રહેવા માટે આવ્યો હતો. આ દરમ્યાન અભિષેક ઘરમાં સાફ-સફાઈ રાખતો ન્હોતો અને જમવાની થાળી પણ ધોતો ન્હોતો. જેથી સુમીતે ઠપકો આપતા તેઓ વચ્ચે ઝઘડો થયો હતો. જેમાં અભિષેકે સુમીતને મારી નાંખવાની ધમકી આપી હતી અને ત્યાર બાદ લોખંડના પાઈપ અને ફીરકી વડે હુમલો કરી હત્યા કર્યાની કબુલાત કરી હતી. પોલીસે હત્યાનો ગુનો નોંધી અભિષેક યાદવની ધરપકડ કરી છે. ઉલ્લેખનીય છે કે સુમીત અને અભિષેક બંન્ને માદક પદાર્થના બંધાણી છે અને અભિષેક જુવેનાઈલ હતો ત્યારે પણ હત્યાના ગુનામાં ઝડપાય ચુક્યો હતો.

# સુપ્રિમ કોર્ટે વડોદરા-અંકલેશ્વરની ૪ કંપનીઓને ૪૦ કરોડનો દંડ ફટકાર્યો

ગાંધીનગર

પર્યાવરણીય મંજૂરી વગર જ નવી કંપનીની સ્થાપના અથવા તો જૂની કંપનીનો વિસ્તાર કરવાના મામલે ૧૯૯૫થી ચાલી રહેલા એક કેસમાં સુપ્રિમ કોર્ટે તાજેતરમાં ગુજરાતમાં વડોદરા-અંકલેશ્વરમાં આવેલી ૪ કંપનીઓને પ્રત્યેકને રૂ.૧૦ કરોડ લેખે કુલ રૂ.૪૦ કરોડનો દંડ ફટકાર્યો છે. આ કેસ વડોદરાની સંસ્થા પર્યાવરણ સુરક્ષા સમિતિ અને પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટિઝ દ્વારા દાખલ કરાયો હતો.

પર્યાવરણ સુરક્ષા સમિતિના રોહિત પ્રજાપતિએ આ મામલે વિગતો આપતા કહ્યું હતું કે દેશભરમાં ઉદ્યોગો દ્વારા થઈ રહેલા પર્યાવરણના નિકંદનને કાબુમાં લાવવા માટે ૧૯૯૪માં ભારત સરકારે એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ નોટિફિકેશન જાહેર કર્યું હતું જે મુજબ જે કંપનીઓ પોતાના ઉદ્યોગનો વિકાસ કરવા માગતી હોય અથવા નવુ એકમ ઉભુ કરવા માગતી હોય તેણે એન્વાયરમેન્ટ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવુ ફરજીયાત બનાવવામાં આવ્યુ તેમ છતાં કંપનીઓ દ્વારા આ નિયમનો ભંગ કરવામાં આવતો હતો.

# ત્રણ હજારથી વધુ શ્રમિકોને પાંડેસરની શાળામાં અફરાતફરી બાદ સોશિયલ ડિસ્ટન્સના માધ્યમથી મફત રાશન વિતરિત થયું

સુરત

સુરતના પાંડેસરા વિસ્તારમાં અન્નમબ્રહ્મ યોજના અંતર્ગત મફતમાં રાશન વિતરણ કરવામાં આવનાર હોવાની માહિતીના આધારે શાળા સમિતિની શાળામાં મોટી સંખ્યામાં શ્રમજીવીઓ એકત્રિત થઈ ગયા હતા.શરુઆતમાં અફરાતફરી મચ્યા બાદ, સોશિયલ ડિસ્ટન્સની પ્રક્રિયા હેઠળ અંદાજિત ૩ હાજર શ્રમિકોને રાશન વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર કોરોના વાઈરસના પગલે દેશભરમાં ૨૧ દિવસનું લોકડાઉન કરવામાં આવ્યું છે. લોક ડાઉનની સ્થિતિમાં સરકાર દ્વારા મફતમાં રાશન વિતરણ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.ત્યારે આજે રેશનકાર્ડ ન ધરાવતાં શ્રમિકોને અન્નમબ્રહ્મ યોજના અંતર્ગત મફતમાં અનાજ વિતરણ કરવાની પ્રક્રિયા આરંભાય હતી.જેની જાણ પાંડેસરા વિસ્તારના ધરમનગરમાં રહેતા લોકોને થવા પામી હતી.આ રાશન આ વિસ્તારની સરકારી શાળામાંથી થવાનો હાવાની માહિતીના આધારે લગભગ ૩ હજાર શ્રમિકો સ્થળ પર સવારમાં જ ભેગા થઈ ગયા હતા.જેથી સ્થળ પર અફડાતફડીનો માહોલ સર્જાય ગયો હતો.અહિં સોશિયલ ડિસ્ટન્સિંગના તો એક તબક્કે ધજાગરા જ ઉડી ગયા હતા. બાદમાં તંત્રી કડકાય દાખવી તમામને યોગ્ય હારમાં સોશિયલ ડિસ્ટન્સ રાખી ઉભારાખી રાશન વિતરણની કામગીરી આરંભ્યાનું જાણવા મળે છે.આ પ્રક્રિયા દરમિયાન અંદાજિત ૩૦૦૦ જેટલા શ્રમિકોને રાશન આપવામાં આવ્યું હતું.

# સુરતની એપીએમસી માર્કેટના ફેરિયાઓને પાસના મળતા રોષ

સુરત

શહેરના સહરા દરવાજા ખાતે આવેલી એપીએમસી માર્કેટમાં રોજબરોજ આવરજવર કરનાર ફેરિયાઓને પાસ આપવા માટે એકત્રિત કરી,સંચાલકો નાસી છુટ્યા હતા.જેના કારણે ફેરિયાઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તિ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સહારા દરવાજા વિસ્તારની સરદાર માર્કેટમાં લોકડાઉન દરમ્યાન લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા માટે ઉમટી રહ્યાં છે. જેને પગલે કોરોના વાયરસનો ચેપ લાગવાની ભીતી સેવાઈ રહી છે. આ અંગે અનેકવાર માધ્યોમાં સરદાર માર્કેટ કોરોના વાયરસ માટે જીવતા બોમ્બ સમાન હોવાની વિગતો પ્રસિદ્ધ થઈ છે. જેથી તંત્રએ પણ આની નોંધ લઈ સરદાર માર્કેટમાં શાકભાજી લેવા માટે લોકો મોટી સંખ્યામાં ભેગા ન થાય તે માટે એક નિર્ણય લીધો હતો. જેમાં વેપારીઓ , ફેરીયાઓ અને શાકભાજી વેચતા ખેડુતોને સવારે ૯ વાગ્યે પાસ આપવા માટે બોલાવ્યા હતા.પરંતુ મોટી સંખ્યામાં ફેરિયાઓ એપીએમસી પહોંચ્યાં હતાં.જેથી એપીએમસી ખાતે લોકોનો જમાવડો જોઈ સંચાલકો સ્થળ પરથી પલાયન થઈ ગયાં હતાં.જેથી પાસ લેવા માટે એકત્રિત થયેલા ફેરિયાઓમાં નિરાશા સાથે સંચાલકો પ્રત્યે ભારોભાર રોષની લાગણી વ્યાપી જવા પામી હતી.

# સુરતમાં દેશની પ્રથમ મલ્ટીલેવલ પાર્કિંગમાં ૫૪૮ બેડનું આઈસોલેશન વોર્ડ ઉભુ કરાયુ

સુરત

ગુજરાત જ નહીં દેશમાં પ્રથમવાર કોઈ મલ્ટીલેવલ પાર્કિંગ બિલ્ડિંગને હોસ્પિટલમાં બદલવામાં આવ્યું છે. સુરતના સ્મીમેર હોસ્પિટલ ખાતે આવેલા મલ્ટીલેવલ પાર્કિંગને યુદ્ધના ધોરણે માત્ર ૮ દિવસમાં કોવિડ-૧૯ વોર્ડમાં બદલી દેવામાં આવ્યા છે. ૫૪૮ બેડનું આ આઈશોલેશન વોર્ડ ચાર માળનું છે. એક સમયે જ્યાં પાર્કિંગ થતુ હતુ, ત્યાં હાલ યુદ્ધના ધોરણે આઈશોલેશન વોર્ડ તૈયાર થઈ રહ્યું છે. જેમાં નર્સિંગ ઝોન તૈયાર કરાયું છે. મલ્ટીલેવલ પાર્કિંગ બિલ્ડિંગના હોવાના કારણે એમ્બ્યુલન્સ ચોથા માળ સુધી પણ જઈ શકશે. જેમાં વેન્ટિલેટર સહિત તમામ સુવિધા ઉપલબ્ધ રહેશે.

સ્મીમેર હોસ્પિટલના મલ્ટીલેવલ પાર્કિંગમાં સૌ પ્રથમ મોટા આઈસોલેશન વોર્ડનું આયોજન છે. આ વોર્ડ માટે પાલિકા દ્વારા ૧૧૫ વોર્ડ બોય, ૫૦ આયા, ૫૦૦ નર્સિંગ સ્ટાફની નિમણૂક પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૩૨ પ્રથમ માળે ૧૩૬ બેડ રહેશે. કોવિડ-૧૯ મહામારી રોગ સામે લડવા માટે સ્ટ્રક્ચરનો સદુપયોગ કેવી રીતે કરી શકાય તેમ સુરત મહાનગરપાલિકાએ દેશ માટે ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે.

# લોકડાઉન ૧૧ મો દિવસ : લોકડાઉનમાં બિનજરૂરી ફરતા લોકો સામે રાજપીપળા પોલીસ ની કડક કાર્યવાહી





**અત્યારસુધી લગભગ ૧૩૦ જેટલા વાહનો ડિટેન કરાયા છે ઉપરાંત લોકોને કામ વગર બહાર ન નીકળવા તેમજ લોકડાઉનનું પાલન કરવા પણ આપીલ કરી હતી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના મહામારી ને લઈ સમગ્ર ભારતમાં ૨૧ દિવસ માટે લોકડાઉન કરવામાં આવ્યું છે ત્યારે રાજપીપળા માં પોલીસ દ્વારા લોકડાઉન નો કડક અમલ શરૂ કરી દેવાયો છે.

સરકાર તેમજ પ્રશાસન દ્વારા લોકડાઉન નો અમલ કરવા માટે લોકોને અનેક સૂચનો આપવામાં આવે છે પરંતુ કેટલાક લોકો બિનજરૂરી બહાના લઈ બજારોમાં ફરતા જોવા મળે છે જેમની સામે નર્મદા પોલીસ દ્વારા લાલ આંખ કરાઈ હતી પોલીસ દ્વારા બાઇક ઉપર ફરતા લોકોને રોકી તપાસ કરી બિનજરૂરી ફરતા લોકોને મેમાં આપવામાં આવી રહ્યા છે અને અમુક ની બાઇક ડિટેન પણ કરાઈ હતી પોલીસ ની કડક કાર્યવાહી થી બિનજરૂરી ફરતા લોકોમાં ફફડાટ ફેલાયો છે

આ બાબતે પી.એસ.આઈ સિંધી સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે લોકડાઉન માં બિનજરૂરી ફરતા તત્વો સમજાવ્યા બાદ પણ માનતા નથી બાદ પોલીસ અધિક્ષક હિમકર સિંહની સૂચના મુજબ બિનજરૂરી ફરતા ડ્રાઈવિંગ લાઇસન્સ તેમજ આરસી બુક વિનાના લોકો સામે કડક કાર્યવાહી કરી સ્થળ મેમો તથા ગાડી ડિટેનની કાર્યવાહી કરવામાં આવી રહી છે. અત્યારસુધી લગભગ ૧૩૦ જેટલા વાહનો ડિટેન કરાયા છે ઉપરાંત લોકોને કામ વગર બહાર ન નીકળવા તેમજ લોકડાઉન નું પાલન કરવા પણ આપીલ કરી હતી.


# વહીવટી તંત્ર દ્વારા લોકડાઉનમાં આડેધડ પાસ ઈસ્યુ કરાતા ખડે પગે રહેતા પોલીસ સ્ટાફની મહેનત પર પાણી

**નાંદોદ મામલતદાર કચેરી ખાતે થી ૩ હજાર કરતા વધુ લોકોને પાસ ઈસ્યુ કરાયા હોય જાહેરનામાનું પાલન કરવું મુશ્કેલ**

**બિનજરૂરી રખડપટ્ટી કરતા લાગવગીયાઓને પણ પાસ અપાયા હોવાની બુમઃ લોકડાઉન નો જાણે કોઈ મતલબ જ રહ્યો નથી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં જાહેરનામું લાગુ હોય અમુક જરૂરી કામગીરીમાં સંકળાયેલા સરકારી કર્મચારીઓ,સેવાકાર્ય કરતી સંસ્થાઓ,દૂધ શાકભાજી ના ધંધા વાળા વ્યક્તિઓને નાંદોદ મામલતદાર કચેરી ખાતે થી જાહેરનામા માં પણ જઈ શકે એ માટે ઓળખ કાર્ડ(પાસ) આપવામાં આવ્યા છે પરંતુ જાણવા મળ્યા મુજબ અત્યાર સુધી માં જરૂરી કામગીરી સાથે સંકળાયેલા સિવાયના પણ કેટલાક લાગવગીયાઓને પણ આ પાસ આપવામાં આવતા દિવસ રાત ખડે પગે ફરજ બજાવતી નર્મદા પોલીસ કે જે જાહેરનામાંનું પાલન કરાવવા કડક બનતી હોય એ કંટાળી




## અત્યાર સુધી ૩ હજાર જેવા પાસ આપવામાં આવ્યા છે.:ડી.કે. પરમાર(નાંદોદ મામલતદાર)

**આ બાબતે નાંદોદ મામલતદાર ડી.કે.પરમારે જણાવ્યું કે સરકારી કર્મચારીઓ ને ૧૫૦૦ જેવા પાસ આપ્યા છે સાથે સાથે બેંક,જુદી જુદી સંસ્થાઓ, દૂધ,શાકભાજી સહિતના મળી અંદાજે ૩ હજાર જેવા પાસ આપવામાં આવ્યા છે.**

ચુકી છે કેમકે કોઈ વાહન ચાલાક ને અટકાવે તો સીધો પાસ બતાવી દેતા હોય જેમાં અમુક ફાલતુ વ્યક્તિઓ ને પણ પાસ ઈસ્યુ કરાયા હોવાની વાત જાણવા મળી છે માટે પોલીસને કાયદાનો કડક અમલ કરવામાં અડચણ ઉભી થાય એ સ્વાભાવિક છે.

આવા આડેધડ પાસ કોણે આપ્યા અને જેને પાસ ઈસ્યુ થયા છે એ ખરેખર યોગ્ય કામગીરી માં તેનો ઉપયોગ કરે છે કે કેમ એ કોણ તપાસ કરે છે...?આવી મહામારી વચ્ચે પોલીસ સહિત આરોગ્ય વિભાગ, પાલીકા કર્મચારીઓ સહિતની જરૂરી સેવા પહોંચાડતી ટિમો સિવાય જો ફાલતુ વ્યક્તિઓ ને પાસ ઈસ્યુ થયા હોય તો પરત લેવા જોઈએ.

**ખોટી રીતના રખડતા કેટલાક લોકો પાસ ન હોય તો મેડિકલ કે અન્ય બહાનું બતાવી છટકબારી શોધે તેવામાં પોલીસ કડકાઈ કરે તો કેટલાક મોટા માથા વચ્ચે પડતા હોય છે**

## નર્મદામાં લોકડાઉનમાં ચોરી પે સીનાજોરી જેવી ઘટના...

# દેડીયાપાડામાં જાહેરનામાનો અમલ કરાવનાર પોલીસને ગાળો બોલી ગેરવર્તુણક કરનાર સામે ફરિયાદ




(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ લોકડાઉનમાં જાહેરનામું લાગુ કરાયું છે ત્યારે નર્મદા પોલીસ ખડે પગે પાલન કરાવવા કામે લાગી છે જોકે અન્ય શહેરોની જેમ દંડા વાળી નથી કરી એ પોલીસ ની માનવતા કહેવાય છતાં કેટલાંક લોકો પોલીસ કામગીરીમાં દખલ કરે ત્યારે ન છૂટકે કાયદાનું પાલન કરવું જરૂરી છે. નર્મદા જિલ્લા ના દેડીયાપાડા માં જાહેરનામાનો અમલ કરાવનાર પોલીસને ગાળો બોલી ગેરવર્તુણક કરનાર વ્યક્તિ સામે પોલીસે ફરિયાદ દાખલ કરી કાયદેસર પગલાં લીધા છે.જેમાં મળતી માહિતી મુજબ કોરોના વાયરસને કારણે જાહેરનામુ હોઈ કોરોના વાયરસને અટકાવવા અંગેના બંદોબસ્ત દરમીયાન પોલીસને ગાળો બોલી પોલીસ સાથે ગેરવર્તણુક કરી કામગીરી માં અવરોધ ઉભો કરનાર કૃષ્ણમોહન આનંદસ્વરૂપ આર્ય રહે.દેડીયાપાડા સામે દેડીયાપાડા પોલીસે કાયદાનો કસંજો કર્યો છે.

# રાજપીપળા શહેરમાં કોરોના ના હાઉ વચ્ચે પીવાનું ગંદુ પાણી આવતા લોકોમાં ગભરાટ : ખુદ પાલીકા પ્રમુખના ઘરમાં પણ ગંદુ પાણી આવ્યું



**● એક તરફ કોરોના નો હાઉ જ્યારે બીજી તરફ પીવાના પાણીમાં જીવતો, ડોંહળૂ અને લીલ વાળું પાણી આવતું હોવાની ફરિયાદ**

**● પાલીકા પ્રમુખ જીગીષાબેન ભટ્ટે પણ કહ્યું કે સાચી વાત છે મારે ત્યાં પણ ડોંહળૂ પાણી આવતા મેં ચેક કરવા સૂચના આપી છે**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં કેટલાક વિસ્તારોમાં ઘણા દિવસો થી પીવાનું પાણી ગંદુ આવતું હોવાની બુમ સંભળાઈ છે ત્યારે આ બાબતે આજે ખુદ પાલીકા પ્રમુખ જીગીષાબેન ભટ્ટ ના ઘરના નળ માં પણ ડોંહળૂ પાણી નીકળતા તેમણે લાગતા વળગતા કર્મચારીઓને આ સમસ્યા દૂર કરવા સૂચના આપી હોવાનું જણાવ્યું હતું.

જોકે એક અઠવાડિયા થી દરબાર રોડ તરફની કેટલીક ગલીઓમાં સફેદ કચરા વાળુ પાણી આવવાની ફરિયાદ થતા પાલીકા ટિમ ચેકીગ માં આવી પરંતુ આ કચરો મકાન મલિક નળ ની ઘરમાં જતી પાઇપ માં ક્ષાર નો હોવાનું જણાવ્યું જ્યારે બીજા ત્રણ ચાર નળ ચેક કરતા ત્યાંના પાણીમાં લીલ જોવા મળી ત્યારે ઘરની ટાંકી સાફ નહિ કરી હોય એમાં લીલ જામી હશે તેવી છટકબારી બતાવી પાલીકા ટિમ ચાલતી પકડી હતી.પરંતુ આજે બપોરે આવેલુ પાણી મોટા ભાગના વિસ્તારો માં ડોંહળૂ અને જીવાતો જેવું આવતા એક જાગૃત નાગરિકે પાલીકા પ્રમુખ ને ફોન કરતા ખુદ એમના ઘરમાં પણ આવુજ ડોંહળૂ પાણી આવ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.ત્યારે એક તરફ કોરોના નો ડર અને બીજી બાજુ પીવાના પાણી માં આવી બેદરકારી હોય ત્યારે ગ્રામજનો હાલ ફફડી રહ્યા છે. કડક છાપ ધરાવતા ચીફ ઓફિસર જયેશ પટેલ શહેર માં પીવાના પાણી બાબતે યોગ્ય કામગીરી કરાવવા ટીમને કડક સૂચના આપે તેવી લોકમાંગ છે.

# આણંદમાંથી આવશ્યક ચીજ વસ્તુઓ લખેલી આઈસરમાથી ૫૭ વ્યક્તિઓ ઝડપાયા

અમદાવાદ

ગુજરાતમાં લોક ડાઉન બાદ પરપ્રાંતિઓની મુશ્કેલી વધી ગઈ છે. આણંદ પાસેથી પોલીસે આઈસર ગાડીમાં જતા સ્ત્રી-પુરૂષ બાળકો સહિત ૫૭ પરપ્રાંતીય લોકોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે

નાયબ પોલીસ અધિક્ષક આણંદ બીડી જાડેજા ના જણાવ્યા મુજબ શુક્રવારે મોડી રાત્રે વાસદ પાસેથી પસાર થઈ રહેલી આઈસરની રોકી હતી. આઈસરના આગળના ભાગે આવશ્યક ચીજવસ્તુઓ લખેલું બેનર હતું. પોલીસે અંદર ચેક કરતા સ્ત્રી પુરૂષ અને બાળકો સહીત ૫૭ પરપ્રાંતિઓ મળી આવ્યા હતા. પોલીસે તમામ લોકોને મેડિકલ ચેક અપ માટે આણંદ સેલ્ટર હોમમાં મોકલી આપ્યા છે અને બાવળાના ડ્રાઇવર અજીતસિંહ રામુભાઈ ડોડ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજપીપળામાં સસ્તા અનાજની દુકાનો બાદ હવે ગેસ એજન્સીઓ પર પણ સોસીયલ ડિસ્ટન્સના ધજાગરા



**૩ દિવસ મફત અનાજ વિતરણ માં સોસીયલ ડિસ્ટન્સ ના જળવાયું,કેટલીક બેન્કો માં પણ આજ હાલત હવે રાંધણ ગેસ બોટલ નોંધાવવા આવતા ગ્રાહકો ની મોટી લાઈનો માં પણ આજ સ્થિતિ**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરમાં અત્યાર સુધી એક પણ કોરોના પોઝેટીવ કેસ નથી પરંતુ એનો મતલબ એ નથી કે નિયમ નું પાલન ન કરવું કેમકે સૌથી મહત્વનું સોસીયલ ડિસ્ટન્સ છે એ અમુક જગ્યા એ હજુ પણ જળવાતું નથી ત્યારે આ માટે જે તે સંસ્થા ના માલિકો કે અધિકારીઓ પર પણ કડક પગલાં લેવાવા જોઈએ એ લોકહિત માટે જ સારી બાબત છે.

લોકડાઉન માં મેડિકલ સ્ટોર,સસ્તા અનાજની દુકાનો,અનાજ કરિયાણાની દુકાનો,શાક માર્કેટ સહિત ની જગ્યાઓ પર સોસીયલ ડિસ્ટન્સ રાખવા વર્તુળો દોરાયા છતાં અમુક જ જગ્યા પર તેનું પાલન થાય છે જેમાં કેટલાક લોકો જાગૃત નથી એ સ્પષ્ટ જણાય છે.પરંતુ ગેસ એજન્સી અને બેન્કો પર તો જાણે આ નિયમ લાગુ જ નથી પડતો એમ એક બીજાને અડીને જ લોકો લાઈનમાં ઉભેલા જોવા મળે છે ત્યારે આવી જગ્યાઓ પર પણ ડ્રોન કે સીસીટીવી ની મદદે કાયદેસર કાર્યવાહી કરી જેતે દુકાન મલિક કે બેંક અધિકારી ને કાયદાના સકંજામાં લેવા જોઈએ. કેટલાક પુરવઠા અધિકારીઓ સસ્તા અનાજની દુકાનોના સંચાલકો પર આ બાબતે કડક બને છે તો શું અન્ય જગ્યાઓ પર જ્યાં મોટી લાઈનો લાગતી હોય ત્યાં કાયદો લાગુ પડતો નથી...? માટે આવી દરેક જગ્યાઓ પર કાયદાનો કડક અમલ થાય એ જરૂરી છે.

# રાજપીપળા જેલ માં કોરોના વાયરસના કેહેર વચ્ચે બે કેદીઓએ જજને કહ્યું અમારે જેલમાં જ રહેવું છે સાહેબ અમારુ કોઈ નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાયરસના કેહેર વચ્ચે હાલ આખું વિશ્વ જીવી રહ્યું છે. ત્યારે સુપ્રીમ કોર્ટની હાઈ પાવરની કમિટીની સૂચના એવી છે કે, ૭ કે એના કરતા ઓછી સજાના કેદીઓને પેસન્સ કોર્ટ દ્વારા જમીન આપવા.એ આદેશ મુજબ રાજપીપળા જિલ્લા જેલ માંથી કાચા કામના કેદીઓને જમીન પર છોડવામાં આવ્યા હતા.



રાજપીપળા જિલ્લા જેલ અધિક્ષક એમ.એલ.ગમારાના જણાવ્યા મુજબ સુપ્રીમ કોર્ટની હાઈ પાવરની કમિટીની સૂચના મુજબ રાજપીપળા જિલ્લા જેલમાંથી ૧૭૭ કેદીઓ માંથી ૨૨ કેદીઓને જામીન પર છોડાયા છે. કોરોના વાયરસ બાદ આ જેલમાં નવા ૪ કેદીઓ આવ્યા છે. એ કેદીઓ જેલમાં દાખલ થાય ત્યારે સેનેટાઈઝ કરાયા બાદ એમનો ૧૫ દિવસના પ્રવાસનો ઈતિહાસ જાણવામાં આવે છે. બાદ રાજપીપળા સિવિલ હોસ્પિટલ માં ચેકઅપ કરાવાય છે, ૫ દિવસ આઈસોલેશન વૉર્ડમાં અને ૧૦ દીવસ કોરોન્ટાઈન કરાય છે. બાદ ફરી એનું મેડિકલ ચેકઅપ થયા પછી જનરલ બેરેકમાં રખાય છે.

બે કેદીઓએ જજ સમક્ષ કહ્યું અમારૂ કોઈ નથી અમારે જેલમાં જ રહેવું છે. રાજપીપળા જિલ્લા જેલ અધિક્ષક એમ.એલ.ગમારાએ જણાવ્યું હતું કે, જ્યારે ૨૨ કેદીઓને જજ સમક્ષ રજુ કરાયા ત્યારે ૨ કેદીઓએ એમ કહ્યું હતું કે, સાહેબ બહાર અમારું કોઈ નથી અમારે જેલમાં જ રહેવું છે. વધુમાં એમણે જણાવ્યું હતું કે, હાલ કોરોના વાયરસને કારણે કેદીઓ માનસિક ભયમાં હોય છે સાથે સાથે બહાર નીકળ્યા પછી એમને તુરંત મજૂરી પણ મળતી નથી, આવા જ કારણોને લીધે આ બન્નેવ કેદીઓએ જામીન પર જવાની જગ્યાએ જેલમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. એમ આ કેદીઓની ૧૫-૨૦ દિવસની જ સજા બાકી છે.



પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

# MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

## જોજો ચૂકી જતા આ મોકો

## MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

## CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

**૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે**

આજે જ જોડાઓ અને

## મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)




નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

## જીતો

## MARUTI ALTO










૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

## 9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

**MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

**ઓફીસ એડ્રેસ**

**સુરત**
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

**ભરૂચ**
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

## થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

**CONNECT INDIANS : MLM Plan Rs.650**
**INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES**

| DOWNLINE LEVEL | No. OF DOWNLINE | INCOME IN RS. | TOTAL AMOUNT IN RS. | 5% TDS DEDUCTION | TOTAL AMOUNT AFTER TDS |
|---|---|---|---|---|---|
| 1 | 10 | 100 | 1000 | 50 | 950 |
| 2 | 100 | 75 | 7500 | 375 | 7125 |
| 3 | 1000 | 50 | 50000 | 2500 | 47500 |
| 4 | 10000 | 25 | 250000 | 12500 | 237500 |
| 5 | 100000 | 20 | 2000000 | 100000 | 1900000 |
| 6 | 1000000 | 15 | 15000000 | 750000 | 14250000 |
| 7 | 10000000 | 10 | 100000000 | 5000000 | 95000000 |
| 8 | 100000000 | 5 | 500000000 | 25000000 | 475000000 |
| TOTAL EARNING : | | | | | 586443075 |

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

**લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ**

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

**"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."**

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

**CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257**

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)